
રમણલાલ સોની

કુમારકથાઓ

· લેખક ·

રમણલાલ સોની

●



સોલ એજન્ટ

એન. એમ. ઠક્કરની કું.

બુકસેલર્સ : : પબ્લીશર્સ

૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૨

પ્રકાશક :
રમણલાલ સોની
શરદ કાર્યાલયવતી
મોડાસા. [જી. અમદાવાદ]

આ સંગ્રહમાંની ઘણીખરી વાર્તાઓ છેલ્લાં દશ વર્ષના ગાળામાં 'કુમાર' માસિકમાં પ્રગટ થયેલી છે. એકબે વાર્તાઓ 'કિશોર'માં પ્રગટ થયેલી છે. 'શાહ જૂઠા' અહીં જ પહેલી પ્રગટ થાય છે. સંગ્રહમાંનાં તમામ ચિત્રોના બ્લોકો વાપરવા આપવા માટે કુમાર કાર્યાલય લિમિટેડનો ઋણી છું.

—લેખક

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ : અમદાવાદ

સ્નેહી ભાઈશ્રી

ડૉ. રસિકલાલ હરજીવનદાસ શાહને

કુમારકથાઓ

• અનુક્રમ •

રેવડી દાણાદાણ

હરગોવિંદ અમારા વર્ગનો એક હોશિયાર વિદ્યાર્થી. શરીરે સૂકલકડી તો ન કહી શકાય, પણ નાજુક એ અવશ્ય હતો. ટાપટીપનો મોહ નહિ, ઠાઠભપકો એને ગમે નહિ. છાત્રાલયના અમે કેટલાક વિદ્યાર્થીઓ કોકવાર નજીકની હૉટેલમાં ઘૂસી ચા કૉફી પી આવીએ, પણ હરગોવિંદ કદી એવું નહિ કરવાનો. ચાની એણે પ્રતિજ્ઞા લીધી હતી એવું કંઈ નહોતું, પણ ગૃહપતિએ હૉટેલમાં જવાની મના કરેલી એ એને મન દૈવી ફરમાન હતું.

એ હરગોવિંદમાં આ થોડા દિવસો થયાં કંઈ કંઈ ફેરફાર થતો જતો અમને જણાતો હતો. પહેલાં એ અમારી સાથે ખૂબ જ ભળતો, હસતો, વાતો કરતો; પણ હવે જાણે એ અતડો બની ગયો હતો. વર્ગમાં શિક્ષક પાઠ આપતા હોય કે લેતા હોય ત્યારે હરગોવિંદની પહેલાં જેવી એકાગ્રતા હવે દેખાતી નહોતી. એક વેળા શિક્ષકે એને '**कुतः वा अयं**' ની સંધિ કરવાનું કહ્યું ત્યારે એ એવી આંખો કરી શિક્ષક મહાશયની સામું તાકી રહ્યો કે એની પાસે બેઠેલા મને લાગ્યું કે હમણાં સંધિને બદલે વિગ્રહ થઇ પડશે.

નાથાભાઈ મારો બાળગોઠિયો. અંગ્રેજી બીજા ધોરણમાં અમે હતા ત્યારે હરગોવિંદ વાડાસિનોરથી અમારી નિશાળ-માં—અમારા વર્ગમાં જ દાખલ થએલો. શરુઆતમાં એકબે વાર અમારે એની સાથે જામી પડેલી પણ ખરી, પણ પછી અમે ત્રણે પાકા દોસ્ત બની ગએલા. આજે પાંચમા ધોરણમાં પણ અમારી એ દોસ્તી અખંડ રહી હતી.

નાથાભાઈ ભણવામાં બહુ હોશિયાર નહિ, પણ બુદ્ધિ-શાળી તો ખરો. એનામાં તર્કશકિત અને યોજનાશકિત ખૂબ હતી. શાળાના સ્નેહસંમેલનમાં રંગભૂમિની આખી રચના એ જ ઘડી કાઢતો; લાડુભટ્ટ રસોયો થવું હોય, ભીમસેનની ભૂમિકા દીપાવવી હોય, જુલ્મી કંસ, ક્રોધી દુર્વાસા કે વિશ્વામિત્રનો પાઠ ભજવવો હોય તો સૌ પહેલી પસંદગી નાથાભાઈને મળતી. ભીમસેનના વેશમાં એ પડદો ખેંચવા પણ બેસી જાય, અને પાછલી બેઠકોમાં ગરબડ થઈ હોય તો મુક્કો બતાવવા પણ ઊપડી જાય; પણ એથી એના પાત્રનો ભેદ ખુલી જઈ રસક્ષતિ થાય છે એવું એ કદાપિ સ્વીકારવાનો નહિ.

'રમણ!' નાથાભાઈએ એક દિવસ મને કહ્યું. 'અહીં ભૂત રહે છે એ તું જાણે છે?'

ભૂત વિષે મેં બે વર્ષ પહેલાં ઘણું સાંભળ્યું હતું. એ 'બ્રહ્મરાક્ષસે' ઘણાં ઘણાં પરાક્રમો કર્યાનું કહેવાતું હતું. એના શમન અર્થે ગામલોકોએ ધામધૂમપૂર્વક હોમ હવન કરાવી ૧૦૮ બ્રાહ્મણોને ભોજન આપ્યું હતું એ પણ મને ખબર હતી. પણ એ વાતને આજે શું?

મેં કંઈ જવાબ ન દીધો.

નાથાભાઈએ ફરીથી કહ્યું: ‘હું ભૂતખૂતથી નથી બીતો; પણ મને લાગે છે કે હરગોવિંદને એવું કંઈ થયું છે. જોતો નથી, એની આંખો કોઈને જોતાં કેવી સ્થિર થઈ જાય છે! પણ હું એનું ભૂત કાઢી નાખવાનો !’

‘કેવી રીતે ?’ મેં હસીને કહ્યું.

‘કેવી રીતે તે લૂગડાંમાંથી મેલ કાઢીએ એમ જ તો. હરગોવિંદ આપણો મિત્ર છે, એનું હિત આપણે જોવું જોઈએ. એના હિત માટે એને મારવો પડે તો મારવાનો આપણને હક છે.’

આમ કહી એ જતો રહ્યો.

સાંજે ફરી નાથાભાઈ મને મળ્યો. કહે, ‘દોસ્ત, મેં એનું ભૂત ખોળી કાઢ્યું છે. થોડા દિવસ પર ટપાલમાં એના પર કોઇ ચોપડી આવી છે—એણે મંગાવી હશે—ભાઈ-સાહેબ એ ચોપડીના કીડા બની બેઠા છે. ચોપડી પાસે ને પાસે રાખવા માટે તો એ હમણાં હમણાંનો લાંબો ગજવાં-વાળો કોટ પહેરે છે.’

‘પેલી પીળા પૂંઠાવાળી ચોપડીને ? વર્ગમાં પણ ઘણી વખત હું એને એ વાંચતો જોઉં છું—પણ કોઇને એ જાણવા દેતો નથી.’

બીજે દિવસે અમે સાંભળ્યું કે હરગોવિંદને છાત્રાલયમાં સ્વતંત્ર ઓરડી મળી છે—એના અભ્યાસમાં કોઈ ખલેલ ન કરે એટલા માટે આ વ્યવસ્થા.

હરગોવિંદ આયના સામે એક પગ થોડો
આગળ ધરી જમણા હાથનો પંજો
બતાવતો ઊભો હતો.



પણ અમે હવે છૂપી પોલીસનું કામ શરૂ કરી દીધું હતું. કોઇ રીતે પેલી ચોપડી એની પાસેથી ખૂંચવી લઈ એને ઠેકાણે લાવવાનો અમે નિશ્ચય કર્યો હતો.

ધીમે ધીમે એની રીતભાતમાં પરિવર્તન થતું ચાલ્યું. જે કોઈક જ દિવસ કોટ પહેરતો, તે હવે દરરોજ કોટમાં સજ્જ દેખાતો હતો. જેના મોં પર ચોવીસે કલાક હાસ્ય ફૂટતું રહેતું તે હવે કૃત્રિમ ગંભીરતા ધારણ કરી રહેલો દેખાતો. જેને કશો શોખ નહોતો તે ઉઘાડે માથે હાથમાં નાજુક સુંવાળી લાકડી લઈને એકલો ફરવા નીકળી પડતો દેખાતો. મને ખાતરી છે કે ચાલતાં ચાલતાં પણ એ પેલી ચોપડીના જ વિચારો કરતો હશે.

જાણે અમારી સાથે એને કંઇ ઓળખાણ જ ન હોય એવું બની ગયું. પણ અમે અમારો ધર્મ ચૂકીએ તેવા નહોતા. આવી બાબતમાં શિક્ષકને કે છાત્રાલયના સુપ્રિન્ટેન્ડેન્ટને કંઇ કહેવું એ અમને નહોતું ગમતું.

એક દિવસ હરગોવિંદને આંબા હેઠળ લઈ જઇ મેં કહ્યું: ‘ તને આ શું ઘેલું લાગ્યું છે ? તું આવો કેમ થઇ ગયો છે ?’

હરગોવિંદ બેપરવાઈથી બોલ્યો: ‘ એ તો હું જરા મજા કરૂં છું ! ’

‘ મજા ? છટ, પાગલ બની જઇશ પાગલ ! ’ નાથાભાઈ એકદમ બોલી ઊઠયો.

‘બનીશ એમ નહિ, બનાવીશ.’ કહી એક સખ્ત દૃષ્ટિ કરી તે ચાલ્યો ગયો.

●

હું ને નાથાભાઈ એક બીજાનાં મોં સામે જોઈ રહ્યા.

હું ન્હાવાની તૈયારી કરતો હતો ત્યાં નાથાભાઈ દોડતો આવ્યો: ‘ચાલ, ચાલ, પેલું ભૂત જોવું હોય તો!’

‘કયું?’ કહી હું ઊભો થઇ ગયો.

‘પેલું—હરગોવિંદને વળગ્યું છે એ!’ મને સાથે લઈ નાથાભાઇએ ચાલતાં ચાલતાં જણાવ્યું.

સાવધાનીથી અમે છાત્રાલયના મેડા પરની છેલ્લી ઓરડી આગળ આવ્યા. બારણાં બંધ હતાં, પણ બારણાં પર ચડી હવા માટેની જાળીમાંથી ડોકિયું કરી મેં જોયું તો આશ્ચર્ય! હરગોવિંદ કોટ પાટલૂન પહેરી ઊભો હતો, કાળું નેકટાઈ સાપના બચ્ચાની પેઠે છાતી પર ઝૂલતું હતું. સામે પૂરા કદનો આયનો હતો—વ્યાયામ મંદિરમાંથી મેળવ્યો હશે—અને એ આયનાની સામે એક પગ થોડો આગળ કરી તે ઊભો હતો. ડાબા હાથની મૂઠી વાળેલી હતી, જમણો હાથ પૂરેપૂરો લાંબો કરી પંજો બતાવતો હોય તેમ ધરી રાખ્યો હતો; એકાગ્ર ચિત્તે અનિમેષ નયને આયનામાંના પોતાના પ્રતિબિંબ સામું એ તાકી રહેલો હતો; એના હોઠ સહેજ ફફડતા હતા. શું બબડતો હતો તે મને તો કંઈ જ સમજાયું નહિ. પડખે ટેબલ ઉપર એક ચોપડી ઉઘાડી પડી હતી. એ જ પેલી પીળી ચોપડી!

'નક્કી કંઈ વળગ્યું છે!' મેં બારણા પરથી નીચે ઊતરી કહ્યું. પણ નાથાભાએ વિશેષ જ્ઞાનીની જેમ માત્ર માથું હલાવ્યું, કંઇ જવાબ દીધો નહિ.

એ ત્રણ દિવસ પછી, બપોરના વિરામ–સમયમાં મેં હરગોવિંદને શાળાના કંપાઉન્ડની પાછળ જતો જોયો. તરત મેં તેની પૂંઠ પકડી. છુપાતો છુપાતો હું તેની પછવાડે પછવાડે ચાલ્યો. એકબે ખેતરવા દૂર વણઝારા લોકોનો મુકામ પડ્યો હતો. એ લોકો લુહારકામ કરતા હતા, તેથી લોકોની અવરજવર એ તરફ નહોતી એમ નહિ. મેં જોયું તો હરગોવિંદ ધમણો ચાલતી હતી ત્યાં ન ગયો. પણ બાજુને છેડે વળ્યો. ત્યાં એક લીમડાની શીતળ છાયામાં પડ્યો પડ્યો વણઝારાનો એક કૂતરો ઊંઘતો હતો. હરગોવિંદ ધીરેથી ત્યાં ગયો, ઝાડના જમીન બહાર આવેલા એક જાડા મૂળિયા પર એ થડને અઢેલીને બેઠો—નજીકમાં જ કૂતરો હતો. એની પાછળ થોડે દૂર એક ઝાડ પાછળ સંતાઈને હું બધું જોઈ રહ્યો.

હરગોવિંદે ઊંઘતા કૂતરાની સામે નજર માંડી; તેની સામે એ જરા ઝૂકયો. આમ થોડી પળ વીતી, પછી તેના હોઠ ફફડતા મેં જોયા. શાથી કોણ જાણે, પણ કૂતરાએ આંખો ઉઘાડી. હરગોવિંદ એની સામે અનિમેષ તાકી રહ્યો હતો.

કૂતરો ઊભો થઇ ગયો, પણ હરગોવિંદે નજર ખસેડી

નહિ. તેણે ય બેઠક બદલી. પછી તે અરધો ઊભો થઈ ગયો અને ઝૂકીને કૂતરાની સામે હાથ લાંબો કરી તેણે પંજો ધર્યો: કૂતરો શી ખબર શું ધારીને એક ડગલું પાછળ હઠ્યો, હરગોવિંદે બીજા હાથની એક આંગળી દેખાડી; છેવટે હરગોવિંદે તાળી પાડી. કૂતરો નાસી ગયો.

હું કંઈ જ સમજ્યો નહિ. ગાંડપણના આ નવા દૃશ્ય વિષે નાથાભાઈને વાત કરવા હું વેગથી દોડી ગયો. નાથાભાઈ મારી જ તપાસમાં ફરતો હતો. હું કંઈ બોલું તે પહેલાં તો તેણે ખૂબ ઉલ્લાસમાં મને એક તરફ આવવા ઇશારો કર્યો. પછી એકદમ તે શાંત થઈ ગયો, અને વડીલની પેઠે બોલ્યો: ‘ બોલ, ક્યાં ગયો હતો ? ’

મેં એને, મેં જોએલા દૃશ્યની બધી વાત કહી. એ શાંતિથી સાંભળી રહ્યો. વ્યાયામવીરોમાં વાત સાંભળવાની આવી ધીરજ અને ઊંડાણ ભાગ્યે જ જણાય છે. જણાય તો સમજવું કે એ વખતે શરીર સાથે બુદ્ધિ સંયોગ સાધી રહી હોય છે.

વાત પતી ગયા પછી ઠંડકથી નાથાભાઈએ કહ્યું: ‘મેં એનું ભૂત પકડી પાડયું છે ! ’

હું કંઈ સમજ્યો નહિ. તરત તેણે ગજવામાંથી રૂમાલમાં વીંટેલું કંઇક કાઢ્યું. ખોલતાં જ જણાયું કે એ તો હર-ગોવિંદની પેલી પીળી ચોપડી ! હું ચમકીને જોઈ રહ્યો.

‘ મને બધો ભેદ સમજાઈ ગયો છે. વાંચ આ. ’ મેં વાંચ્યું; હિપ્નૉટિઝમ વિષે પ્રખ્યાત હિપ્નૉટિસ્ટ પ્રોફેસર હીરાલાલે લખેલી એ ચોપડી હતી. આખી ચોપડીને પાને

લખાણ નીચે લાલ વાદળી પેનસિલથી લીટીઓ ખેંચેલી હતી. કેટલીક જગાએ મીંડુ, વાંકી ચોકડી, સીધી ચોકડી, કાટખૂણો વગેરે નિશાનીઓ કરેલી હતી.

ઓહ, ત્યારે તો હરગોવિંદ હિપ્નૉટિસ્ટ થવા મથતો હતો!

પછી નાથાભાઇએ, હરગોવિંદ વર્ગના એના દફતરમાં ચોપડી કેવી રીતે ભૂલી ગયો, અને વિરામનો ઘંટ થતાં એ હોંશમાં ને હોંશમાં બહાર નીકળી પડ્યો તેનો લાભ લઈ પોતે ચોપડી ઉપાડી લીધી તે ટૂંકમાં કહ્યું અને હરગોવિંદ પાછો વર્ગમાં આવે તે પહેલાં ચોપડી હતી ત્યાં મૂકી દેવા તે દોડી ગયો.

હિપ્નૉટિઝમ ખરાબ છે કે સારું છે એની અમને કંઇ પડી નહોતી. અમને તો અમારી દોસ્તીની અવગણના કરી, અમારી જાણ બહાર એ આવું વિચિત્ર વર્તન કરે એ નહોતું ગમતું. અમે એને જૂના દોસ્ત તરીકે પાછો મેળવવા આતુર હતા; અમારી ત્રિપૂટી વર્ગમાં જે આનંદ વિનોદ કરતી તે હવે મોળો પડી ગયો હતો, કારણ કે હરગોવિંદ ગંભીર બની ગયો હતો. કોઈ વાર એ બોલતો તે જાણે સત્તાદર્શક અવાજથી બોલવાનો પ્રયત્ન કરતો હોય અને એના બોલવાની અસર શ્રોતાઓ પર કેવી થાય છે તે ધારીને જોઈ રહેતો હોય એમ લાગતું.

●

એક દિવસ એણે મને ઈશારો કરી બોલાવ્યો. એ મારી આગળ ચાલ્યો અને એની ઓરડીએ જઈ ઊભો. હું મનમાં નવાઈ પામતો, એ શું કરે છે તે જોવા જાણવાની એક

માત્ર ઇચ્છાથી તેની પાછળ પાછળ તેની ઓરડીમાં દાખલ થયો. તેણે બારણાં બંધ કર્યાં.

'દોસ્ત, છે તો મજામાં ને !' કહી તેણે મને પાસેની ખાટ પર બેસવા કહ્યું.

હું બેઠો. તે મારી સામે ખુરશી ખેંચી લઈ બેઠો. પછી તેણે મારી આંખ સાથે આંખ મેળવી. હું વિચારમાં પડી ગયો કે મને તેણે કૂતરો તો નથી ધાર્યો ને ! ઠીક, જે થાય તે થવા દેવું ધારી હું ચૂપ બેસી રહ્યો. થોડી વાર પછી એણે જમણો હાથ લાંબો કર્યો, ડાબો હાથ ઊંચો કર્યો ને ન સમજાય તેવો કોઇ 'મંત્ર' બબડવા માંડ્યો.

'હું કહું છું, તને ઊંઘ આવે છે; સૂઇ જા' તેણે મને હુકમ કર્યો. અનિચ્છા છતાં, એ શું કરે છે એ જોવા હું પથારીમાં સૂઈ ગયો. તેણે ઊંચા થઇ સામે જોયા કર્યું. પછી હુકમ કર્યો: 'આંખો મીંચી દે.'

મેં આંખો મીંચી. મને લાગ્યું, નક્કી હરગોવિંદનું મગજ ચસકી ગયું છે, એના માથામાં ગરમી ચડી ગઈ છે એટલે આમ ઢંગધડા વગરનું બકયા કરે છે. ઊઠીને એને બે લાફા લગાવી દેવાનું મન થયું, પણ એનું પૂરું ગાંડપણ નિહાળવાની ઇચ્છાથી એણે કહ્યું તેમ હું પડી રહ્યો.

'આંખો ઉઘાડ.' હુકમ આવ્યો.

'મારી સામું જો.' બીજો હુકમ.

'બેઠો થા.' સાંભળતાં હું બેઠો થયો.

મારી ડાબી બાજુએ આવીને મારા કાન આગળ તેણે તાળી પાડી. મને થયું, કંઇ માખી બાખી ઉડાડતો હશે. તેણે ફરી તાળી પડી.

એકદમ હું ખીજાઇ ગયો.

'તારા મગજમાં ગરમી ચડી ગઈ છે' કહી એણે બોચી-માંથી ઝાલી હું એક મેજ પાસે એને ખેંચી લઈ ગયો, અને તરત પાણી ભરેલો પ્યાલો મેં એના ઉઘાડા માથા પર રેડી દીધો.

હવે જરૂર કુસ્તીજંગ મચશે એવી આશાએ હું તૈયાર ઊભો હતો ત્યાં તો મારી અજાયબી વચ્ચે હરગોવિંદ હસતો હસતો વળગણીથી ટુવાલ ઉતારી લઇ મોઢું–માથું લૂછતો પાસે આવી ઊભો અને મારી પીઠ થાબડી બોલ્યો: 'જા.'

જતાં જતાં મેં પાછું વળીને જોયું તો પેલી પીળી ચોપડીનાં પાનાં ઉથલાવવા એ બેસી ગયો હતો—દાખલો ગણ્યા પછી છોકરો ચોપડીનો જવાબ મેળવવા બેસી જાય તેમ.

મારી વાત સાંભળી નાથાભાઇ બોલ્યો: 'તેં પાણી રેડ્યું તો યે એ હસ્યો ?'

'હા.'

'આપણે એનો વળગાડ સમજી ગયા છીએ એનો તેં ખબર પડી જવા તો નથી દીધી ને ?'

'બિલકુલ નહિ.'

શા માટે આ ઉલટ તપાસ? થોડી વાર મૌન રહી તે બોલ્યો: 'ગદ્ધો! હવે તો એને ખરેખરી ગદ્ધાટોપી પહેરાવશું ત્યારે જ એને સાન આવશે. ઠીક, હવે ફરી જો તને એ બોલાવે તો એના ઇલમની તારાપર અસર થઇ છે એવું જ તું દેખાવા દેજે. મને બોલાવશે તો હું પણ એવું જ કરીશ. ઊંઘવાનું કહે તો ઊંઘી જવું, નાચવાનું કહે તો નાચવું; એટલે એને થશે કે પોતે મોટો હિપ્નૉટિસ્ટ બની ગયો છે—ત્યાર પછી, હાંડલું ફૂટે એ દહાડે જોઇ લેજો મજા!'

'સરસ!' મેં પણ મજા જોવા સંમતિ આપી

પછી એકબે દિવસ અમે હરગોવિંદને ખૂબ ચિંતનમાં ડૂબેલો જોયો. આખો દિવસ એ ચોપડીના ઊંડા અભ્યાસમાં લાગેલો રહેતો હતો. એની દૃષ્ટિમાં શ્રદ્ધા દેખાતી હતી, એની ચાલમાં 'કુછ પરવા નહિ' જેવું વરતાતું હતું. એના ડ્રેસમાં પૂરેપૂરી સફાઈ અને ટાપટીપ દેખાતી હતી.

થોડા દિવસ પછી હરગોવિંદે નાથાભાઈને પોતાની પાછળ આવવા કહ્યું. બંને ઓરડામાં પેઠા, બારણું બંધ કર્યું, પણ સાંકળ નહોતી દીધી. હું પાછળ પહોંચ્યો, ને સહેજ બારણું ઉઘાડી તડમાંથી અંદર શું થાય છે તે જોઈ રહ્યો.

હરગોવિંદે નાથાભાઇને ખાટલા પર બેસવા કહ્યું. પછી પેલી ક્રિયાઓ ચાલી. મંત્રોચ્ચાર શરૂ થયો અને નાથાભાઇ પરવશ બની ગયો! એનું શરીર જડ, એની આંખો જુએ

છે છતાં જોતી નથી. પોતાની ફતેહ જોઇ હરગોવિંદ તો ફૂલુંફૂલું થઈ રહ્યો. એણે ધીરેથી નાથાભાઇને ખાટલા પરથી ઊભો કર્યો, ને સત્તાદર્શક સ્વરે હુકમ કર્યો: 'છ ડગલાં ચાલ—'

છ ડગલાં ચાલતા નાથાભાઇની આંખોમાં મેં હાસ્ય નિહાળ્યું.

'પાછો ફર—' નાથાભાઈ લાકડાની પૂતળીની પેઠે પાછો ફર્યો. હરગોવિંદ હસુંહસું થઇ રહ્યો.

'હાથેપગે ચાલ' બીજો હુકમ છૂટયો. નાથાભાઇ જરા ખચકાયો, પણ તરત હરગોવિંદની આંખના વશીકરણે એને વશ કરી નાખ્યો. હરગોવિંદને સંતોષ થાય ત્યાં સુધી એને ઢોરની પેઠે ચાલવું પડ્યું.

'ચાલ, હવે કંઇ ગા.'

નાથાભાઇએ એના નમૂનેદાર અવાજે ગાયું: 'મૂરખો રળી રળી કમાયો, કંઠે બાંધશે મોટો પાણો!'

'સાથે સીટી બજાવ!' તરત સીટી વાગી.

પણ આ વખતે હરગોવિંદ સામે નજર પડતાં નાથાભાઇને હસવાનો આવેશ થઇ આવ્યો. જોરથી હસવું ખાળવાનો પ્રયત્ન કરતાં તેણે ઉધરસ ખાધી. ઉધરસ ઠીક ઠીક લાંબી ચાલી—સાથે ગાયન અને સીટી ચાલતી હતી, ભલભલો ઉસ્તાદ સંગીતજ્ઞ પણ તેનું અનુકરણ કરવામાં 'ફેઇલ' જાય.

આ સંગીત પોતાની મંત્રશક્તિને છેદી નાખશે એવી બીક વાગી હોય કે પછી હરગોવિંદને સંગીતનું જ્ઞાન કે

સાન નથી તેથી હોય, તેણે નાથાભાઇને ગાન, વાદન અને ઉધરસ ત્રણે સાથે બંધ કરવાનો હુકમ કર્યો.

પછી હરગોવિંદે નાથાભાઇના ડાબા કાન પાસે જઈ તાળી પાડી. નાથાભાઇ શી ખબર શું સમજીને આ મૂગી સંજ્ઞા થતાં એક ફૂટ ઊંચા કૂદ્યા. એવો એ કૂદકો હતો કે હરગોવિંદ પગ નીચે આવી ગયો હોત તો કાયમને માટે હિપ્નૉટાઇઝડ થઈ ઊંઘમાં પડી જાત. હું બીન્યો, વખતે નાથાભાઇ બાજી બગાડી બેસે.

'કેમ દોસ્ત, કેમ છે?' ના જવાબમાં નાથાભાઈ માત્ર જોઇ જ રહ્યો.

ફરી તાળી પડી, અને નાથાભાઈ ફરી જોરથી કૂદ્યો—જાણે તાળી એ કૂદવાનો હુકમ હતો. ફરી પાછી નાથાભાઇને ઉધરસ શરૂ થઇ ગઈ—બિચારાનો એનો શો વાંક?

આ તરફ હરગોવિંદે સતત મંત્રોચ્ચાર શરૂ કરી દીધો. 'તારે શું કરવું છે ભસી મરને!' એવું કહેતી નજરે નાથાભાઇ એની સામે જોઈ રહ્યો.

હરગોવિંદે પાણીનો પ્યાલો ભરી ટેબલ પર લાવી મૂકયો. તાળી પડતાં જ નાથાભાઈએ ઊઠી પ્યાલો લીધો, હરગોવિંદના માથા પર એ રેડવા જતો હતો ત્યાં હુકમ છૂટયોઃ 'તારી ચોટલી એમાં બોળ.'

નાથાભાઇને ચોટલી નહોતી. તે સ્થિર બની ઊભો રહ્યો. પણ હરગોવિંદની દૃષ્ટિ એને કયાં છોડે એમ હતી?

ચોટલીને બદલે માથાના બે વાળ પણ પાણીમાં પલાળવા પડ્યા! શા સારૂ ચોટલી બોળવાનું, તે હજી સુધી હું સમજ્યો નથી.

'જા!'

આંધળા માણસની માફક નાથાભાઇએ બે હાથ લાંબા કરી ફાંફાં મારવા માંડ્યાં—હમણાં પડી જશે એમ લાગે. પછી એક ચીસ નાખી તે બોલી ઊઠ્યો: 'હું ક્યાં છું?'

હરખથી છલકતા હરગોવિંદે ખભો થાબડી તેને ભાનમાં આણ્યો.

બહાર આવ્યા પછી નાથાભાઈ જે હસ્યો છે, જે હસ્યો છે!

બીજે જ દિવસે મારો વારો આવ્યો. યથાવિધિ મને મૂર્છામાં નાખી હરગોવિંદે હૂકમ કર્યો: 'બે હાથ ઊંચા.' પછી, 'હતા....તેમ.'

પછી 'કૂચકદમનો' હુકમ થયો. વ્યાયામશિક્ષકે પણ કદી આવા એક સામટા હુકમો કર્યા નહિ હોય. બારણાની તડમાંથી નાથાભાઇ વ્યાયામની આ મશ્કરી જોઈ દાંતિયાં કરી રહ્યો હતો!—પણ એનું અહીં શું ચાલવાનું હતું?

મને એકદમ ઉધરસ ચડી આવી. એક બે ખોંખારા ખાઇ મેં તે વખતસર દાબી દીધી.

'પીછે પાઉં, આગે પાઉં'ના હુકમો પછી એકાએક 'ઊંધે માથે ખડે પાઉં'નો હુકમ છૂટયો. વ્યાયામવિશારદને માટે પણ આ નવી જ જાતનો હુકમ હતો—અને હરગોવિંદ વ્યાયામમાં કેટલે સુધી વિશારદ હતો એ હું જાણતો હતો. દૂરથી કાને પડેલા બે ચાર હુકમના શબ્દોનો જો એણે અહીં નાથાભાઈ પર ઉપયોગ કર્યો હોત તો કદાચ ખુદ હરગોવિંદના જ શરીર પર નાથાભાઇએ કિવક માર્ચ કરી હોત!

હુકમ પુરો ન સમજાયો, પણ 'ઊંધે માથે' એટલું બરાબર સમજાયું. ભોંય માથું અડકાડી બે હાથના ટેકા પર હું ઊંધે માથે થઇ ગયો.

બીજી પણ અનેક કસરતો અને આસનો માટે કરવાં પડયાં.પણ હવે હસવું દાબી શકાતું નહોતું, તેથી વારે વારે મને ઉધરસ આવી જતી હતી.

'કેમ રે આટલી બધી ઉધરસ કેમ ખાય છે?'

વખતે હું પકડાઇ જાઉં એ બીકે મેં જવાબ દીધો: 'શરદી થઈ છે.'

હરગોવિંદ સજાગ બન્યો, તેની દૃષ્ટિ વધારે તીવ્ર બની; મન્ત્રોચ્ચાર કરી, એક પ્રબળ પ્રયત્ન કરી તેણે મને કહ્યું: 'હું કહું તે બોલ ધીમેથી—બોલ, મને શરદી નથી થઇ.'

આ વળી નવું નીકળ્યું! તેણે કહ્યું તેમ હું બોલ્યો.

'સરસ.' પછી બે હાથ ઘસી તેણે પૂછ્યું: 'કહે, હવે શરદી છે તને?'

મજાક જોવાનું મન થતાં મેં બોલી નાખ્યું: 'નથી.'

હરગોવિંદ ખુશ ખુશ! મંત્રોચ્ચાર કરી તેણે મારા કાન પાસે આવી તાળી પાડી. એકદમ હું ભાનમાં આવ્યો, અને આશ્ચર્યચકિત થઈ ચોતરફ જોઈ રહ્યો.

'કેમ દોસ્ત, કેમ આવેલો તું?' હરગોવિંદે પૂછ્યું.

'કંઇક કામે આવેલો, પણ શું કામે તે યાદ નથી.'

મારો જવાબ સાંભળી હરગોવિંદે મને વિદાય આપી.

બહાર આવતાં નાથાભાઇએ પહેલા શબ્દો સંભળાવ્યા: 'ગદ્ધો! હવે તો ખરેખરો ગધેડો જ બનવાનો છે. દોસ્ત, તેં ય ઠીક રંગ રાખ્યો આજે.'

'મને શરદી નથી થઈ એ કહેવડાવ્યું એ શું?' મેં કહ્યું.

'એની ચોપડીમાં હિપ્નૉટિઝમથી રોગ મટાડવાનું લખ્યું હશે. એ લોકો માને છે કે દરદીને રોગ છે જ નહિ એવું મનાવી શકવાથી રોગ નાબૂદ થઈ જાય છે. હવે એ તને ફરી શરદી વિષે કદાચ પૂછવા પણ આવશે. જોજે, જવાબ બરાબર દેજે.'

ખરેખર, એ રાતે હરગોવિંદ મારી ઓરડીએ આવ્યો, અને શરદી ઓછી થઈ છે કે નહિ તે વિષે ખબર કાઢી.

સાથે તેણે ખુલાસો કર્યો કે સવારે તેણે મને શરદીથી હેરાન થતો જોએલો.

મેં હસતાં હસતાં કહ્યું: 'રે! એ તો ક્યારની યે મટી ગઈ! ખબર પણ ન પડે તેવી રીતે મટી ગઈ!'

મારા શબ્દોથી હરગોવિંદની આંખો ચમકી ઊઠી, ગર્વથી તેની છાતી ફૂલવા લાગી. આ ફતેહ કંઈ જેવી તેવી હતી?

'પૂરેપૂરી મટી ગઇ?'

'પૂરેપૂરી.'

વધારે બોલ્યા વગર હરગોવિંદ ચાલ્યો ગયો.

નાથાભાઈ આ સાંભળી બોલ્યો: 'હવે એની આત્મ-શ્રદ્ધા અનેકગણી વધી જશે. હવે ભાઇસાહેબ બીજાઓ પર આ અખતરો કર્યા વગર નહિ રહે.'

આવી ભયંકર રીતે હરગોવિંદનો ભ્રમ ભાંગશે એવું અમે નહોતું ધાર્યું. સેંકડો માણસ વચ્ચે એ ગધેડો બની નાચશે એવું અમે ઇચ્છયું પણ નહોતું.

થોડા દિવસ પછી જન્માષ્ટમીની રજાઓ પડવાની હતી. હરગોવિંદ ઘેર નહોતો જવાનો, હું પણ જઈ શકું તેમ નહોતું, એટલે રજાઓ અહીં જ કાઢવી પડશે એ ખ્યાલે હું જરા ઉદાસ થઇ ગયો હતો. એવામાં નાથાભાઇના પિતાનો

કાગળ આવ્યો. નાથાભાઈના પિતા ગામના આગેવાન હતા, તેમના પ્રયાસથી ગામની કન્યાશાળા માટે સ્વતંત્ર મકાન બંધાવાયું હતું. તે મકાન ખુલ્લું મૂકવાની ક્રિયા પાંચમને દિવસે થવાની હતી એટલે તેમણે નાથાભાઈને તેડાવ્યા હતા. નાથાભાઇએ મને ને હરગોવિંદને નિમંત્રણ આપ્યું. બંનેએ ખૂબ આનંદથી એ સ્વીકાર્યું.

નાથાભાઈને ગામ મોહનપુર અમે આવી પહોંચ્યા. મોહનપુર સ્ટેશનથી થોડેક દૂર છે. ગામડું ગામ, ખૂબ શાંત. ગામમાં પેસતાં જ દિવાલો પર અમે મોટાં પોસ્ટરો ચોડેલાં જોયાં—એ વાંચી હરગોવિંદની આંખો ચમકી. પ્રખ્યાત હિપ્નૉટિસ્ટ હીરાલાલના હિપ્નૉટિઝમના અદ્ભુત પ્રયોગોનો જાહેર કાર્યક્રમ પાંચમની રાતે થવાનો હતો. હું પણ એ જોવા થનથની ઊઠયો.

નાથાભાઇના પિતાએ પ્રો. હીરાલાલના પ્રયોગો વિષે ઘણું સાંભળેલું તેથી તેમને તેનું આકર્ષણ થએલું. તે ઉપરથી તેમણે જ જાતે જઇને તેમનો આ કાર્યક્રમ પાંચમની રાતે ગોઠવ્યો હતો એમ તેમણે અમને કહ્યું ત્યારે મને નવાઈ લાગી.

પાંચમ આવી. આખું ગામ ધજાતોરણોથી શણગારવામાં આવ્યું હતું. યોગ્ય સમયે શાળાને સારી રકમનું દાન કરનાર 'દાતા' ને હાથે મકાન ખુલ્લું મુકાયું. પછી ગરીબગુરબાંઓને પતાસાં વહેંચવામાં આવ્યાં, ગામનાં બાળબાળિકાઓને મિષ્ટાન્નનું ભોજન આપવામાં આવ્યું.

રાતે આઠ વાગે પ્રો. હીરાલાલના પ્રયોગો થવાના હતા. બપોર પછી હું અને નાથાભાઇ ધૂનમાં વાતો કરતા ફરવા નીકળી પડ્યા—જાણી જોઈને અમે હરગોવિંદને સાથે નહોતો લીધો, કારણ કે રાતના પ્રયોગો વિષે જ ઘણુંખરું અમારી વાત જામવાનો સંભવ હતો, અને એ સાંભળવા હરગોવિંદ હાજર ન હોય એ જ ઠીક હતું.

અમે સ્ટેશનની વાટે ચાલ્યા. એક ગરનાળા આગળ જઈને બેઠા. વાતો કરતાં કરતાં, ગરનાળા આગળ પડેલા ઢગલામાંથી કાંકરા ઉપાડી સામેના તારના દોરડા પર તાકીને ફેંકવાની શરૂઆત થઈ ગઈ. કેમે નિશાન લાગે જ નહિ. અમે હઠે ચડ્યા. એક એક જણે સો સો પથરા ફેંક્યા હશે. છેવટે નાથાભાઇના પથરાએ તારનું દોરડું ઝણઝણાવ્યું. પછી હું કેમ રહું ? મોડું થતું જતું હતું, અંધારું થવાને વાર નહોતી, પણ આવી હાર કેમ ખમાય ? છેવટે, મારો કાંકરો દોરડાને અડ્યો ત્યારે નિશાળની ઘડીઆળમાં આઠના ટકોરા થયા હશે.

ઝડપથી અમે ગામ ભણી ચાલ્યા. ઘેર જઈ કપડાં બદલી સીધા શાળાના મકાનમાં જ્યાં પ્રયોગો થવાના હતા ત્યાં ગયા. અમે નાથાભાઈના પિતાની બાજુમાં આગલી હારમાં બેસી ગયા. આમતેમ નજર કરી, પણ હરગોવિંદ દેખાયો નહિ.

પ્રયોગો પહેલાં ગામની બાળાઓના ગરબા થવાના હતા; તે પૂરા થવાની તૈયારીમાં હતા. તાળીઓના ગડગડાટ વચ્ચે નાથાભાઇના પિતાએ અમને કહ્યું: ‘ કોઈને એ વિષે કહેશો નહિ. ! ’

'શા વિષે ?' અમે બંને નવાઈ પામ્યા.

'તમારી આગળ હવે છુપાવવાની જરૂર નથી. પણ કોઈ બીજાને કાને વાત ન જાય. હરગોવિંદે આજે ખરેખર મારી લાજ રાખી છે કહું તો ચાલે.'

મેં ફાટી આંખે નાથાભાઇ સામે જોયું—નાથાભાઇએ તેવી રીતે મારી સામે જોયું.

તેના પિતાએ કહ્યું: 'ખૂબ હોશિયાર ને સમજુ છોકરો છે. પ્રો. હીરાલાલનો છેલ્લી ઘડીએ સંદેશો આવ્યો કે અચાનક રોકાણ થવાથી રોકાઈ ગયો છું; વખતસર નહિ અવાય, માટે પોગ્રામ બીજે દિવસે રાખશો. પણ નક્કી કરેલો કાર્યક્રમ ફેરવવાનું મુશ્કેલ અને મશ્કરી જેવું હતું. પ્રોફેસર મોડા આવશે તો બીજે દિવસે ફરી પોગ્રામ થશે પણ આજે શું કરવું ? તેવે વખતે મારી મૂંઝવણ તમારા મિત્રે ટાળી દીધી. તેણે કહ્યું, મને હિપ્નૉટિઝમની થોડી બક્ષિસ છે; આજનો ભાર મારે માથે. હજી લોકો નથી જાણતા કે પ્રોફેસર નથી આવ્યા, એટલે હરગોવિંદ પ્રોફેસરને નામે ખેલ કરી જશે.'

હું આભો બની ગયો. નાથાભાઇ ગભરાતા અવાજે બોલ્યા, 'પણ બાપા—'

'શ........!' તેના પિતાએ ઇશારો કરી સામે રંગમંચ તરફ તેનું ધ્યાન ખેંચ્યું.

પડદા પાછળથી કાળા કોટપાટલૂનમાં સજ્જ, એક અતિ સ્થૂલ આકાર પ્રવેશ્યો. માથે લાંબા કાળા વાળનાં

ઓળિયાં, પ્રતાપ કે પૃથ્વીરાજની સરસાઇ કરે તેવી વાંકડી મૂછો, હાથમાં પાતળી નેતરની સોટી, ધીમી ગર્વિષ્ઠ ચાલ. રૂવાબદાર મૂર્તિ જોઇ સૌને સમજતાં વાર ન લાગી કે આ જ પ્રોફેસર હીરાલાલ છે.

નાથાભાઇના પિતાએ ધીરેથી અમને કહ્યું: ' આ કાળો કોટ છે તે મારો છે, ને પાટલૂન નરોત્તમના છોકરાનું છે. પાટલૂનની અંદર છ સાત ગાલમશૂરિયાં ઘાલ્યાં છે ને કોટ? ચાર તો ઓશીકાં અંદર બાંધ્યાં છે. ગરમીથી બફાઇ જતો હશે, હું હોડ બકી કહું છું ! '

ખરૂં હતું. મોઢે પરસેવો વળ્યો હતો. તે તેણે હાથમાંના રૂમાલ વડે લૂછયો; પણ રૂમાલ પાછો મૂકવા ગજવાં શોધ્યાં તે જડયાં નહિ તેથી તેણે રૂમાલ હાથમાં ને હાથમાં રાખ્યો.

તાળીઓના ગડગડાટ વચ્ચે પ્રોફેસર મંચ વચમાં આવીને ઊભા.

' ગદ્ધો ! બેવકુફ ! ' નાથાભાઈ બબડયા.

મંચ પર આવી ઊભતાં હરગોવિંદને ઉધરસ આવવી શરૂ થઇ. તે કંઈ બોલવા જતો હતો, પણ શબ્દો નહિ જડવાથી ઉધરસ આવી હશે.

હજી મને થતું હતું કે આ હરગોવિંદ ન હોય તો સારૂં. પણ, એણે બોલવા માંડયું: ' બાનુઓ ને સદ્ગૃહસ્થો....' હાય ! એ જ, હરગોવિંદ !

આગળ શબ્દો ગુમ ! ઉધરસનું એક નાનકડું મોજું આવી શમી ગયું. ફરી સંબોધન: 'બાનુઓ ને સદ્ગૃહસ્થો !'

'એ તો અમે છીએ જ ! આગળ શું ?' કોઈક બોલ્યું.

ઊખડી ન જાય એવી રીતે હળવેથી મૂછોને વળ દઈ હરગોવિંદ બોલ્યોઃ 'બાનુઓ ને સદ્દગૃહસ્થો !' એક ઉધરસના આંચકા સાથે એણે સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી. 'છે કોઈ હિંમતવાળો જવાન—હિપ્નોટાઈઝ્ડ થવાને તૈયાર ? હોય તો આવે આગળ !' દમામથી સોટી ઉગામી તેણે બોલી નાખ્યું.

શાંતિ ! કોઈ ઊઠ્યું નહિ. નાથાભાઈ સાથે નજરથી વાત કરી હું ઊભો થયો, ને મંચ પર જઈ ઊભો.

'વાહ !' હરગોવિંદ બોલ્યોઃ 'એક બહાદર જવાન નીકળ્યો ખરો !' તેણે એક ખુરશી ખસેડી મને તેમાં બેસાડયો.

'મૂર્ખ !' બડબડી હું બેઠો.

'બાનુઓ ને સદ્દગૃહસ્થો ! હવે હું આ જવાનને પરવશ બનાવી દઉં છું.'

'તું શું બનાવવાનો હતો, ચક્કર !' હું મનમાં ગણગણ્યો.

લાકડી બગલમાં મારી તેણે મારી સામે તાકવાનું શરૂ કર્યું. હાથના એ જ ચાળા, એ જ મંત્રોચ્ચાર. હું ઊંચોનીચો થયો, એક બે લગાવી દઉં એમ થયું, થયું કે હમણાં એની મૂછો ખેંચી કાઢું.

'સ્થિર બેસો !' તેણે હુકમ કર્યો. હું બેઠો.

'હવે જવાન મૂર્છામાં છે.' હરગોવિંદે જાહેર કર્યું.

'સભા જે ફરમાવે તે કામ હવે હું એની પાસે કરાવી શકીશ. બોલો!'

'ઊઠબેસ કરાવો.' એક અવાજ આવ્યો.

હરગોવિંદે મારી પાસે ચારપાંચ ઊઠબેસ કરાવી.

'કાનબુટ્ટી પકડાવો.' મેં કાનબુટ્ટી પકડી.

'કૂદાવો.'

મારે કૂદવું પડ્યું, નાચવું પડ્યું, કવિતા યે ગાવી પડી. મેં ક્વાયત કરી અને ઊંધે માથે ઊભો રહ્યો, ત્યારે જે તાળીઓ પડી છે એટલી કદાચ હું સો રનની બાઉન્ડરી મારૂં તો યે ન પડે. થાકથી હું લોથપોથ થઇ ગયો. શરીરે પરસેવો વળી ગયો.

'એને—'

નવી સૂચના છૂટતી હતી, ત્યાં હરગોવિંદે દયા કરી કહ્યું, 'હવે એને હું ભાનમાં લાવું છું.'

ડાબા કાન આગળ તાળી પડી અને 'ગદ્ધા! મૂઓ સમજજે!' ના મંદ ઉચ્ચાર સાથે હું ભાનમાં આવ્યો.

'બીજો કોઇ?' હરગોવિંદે ઘોષણા કરી.

મેં નાથાભાઈને કહ્યું: 'એની આબરૂ રાખવા જતાં, હું તો અરધો થઇ ગયો. હવે તું જા, ને ચીરી નાખ પડદો!'

એવામાં એક અજાણ્યા પુરુષે અંદર પ્રવેશ કર્યો. શ્વેત ખાદીનો ઝભ્ભો ને ધોતિયું, માથે ખાદીની ટોપી.

થોડીવાર આમતેમ જોઈ તે પોતાની બેઠક શોધી લે તે પહેલાં અવાજ આવ્યો: ‘ છે હવે કોઇ હિપ્નોટાઈઝ્ડ થવા તૈયાર ? ’

‘ કોઇ નથી ઊઠતું ? ’ આવનારે પૂછ્યું.

‘ હિંમત હોય તો આવો ! ’ હરગોવિંદે નિમંત્રણ આપ્યું.

આગંતુકની તૈયારીને શ્રોતાવર્ગે તાળીઓથી વધાવી લીધી. હરગોવિંદે એને ખુરશીમાં બેસાડયો ને એની સામે આંખ માંડી હાથ હલાવવા માંડયા, મંત્રોચ્ચાર કરવા માંડયો. અમને થયું, હવે એનો ભરમ ભાંગી જશે, એ ગધેડો ઠરશે.

પણ થોડી પળમાં એના હોઠ ફફડતા રહી ગયા, બગલમાંથી લાકડી સરી પડી, અને હાથ ધીમે ધીમે પાછા ખેંચાઇ શરીર સાથે જડાઇ ગયા. બેઠેલો પુરુષ હવે ઊભો થયો અને તાકીને હરગોવિંદની સામે જોઇ રહ્યો. હરગોવિંદ કંપી ઊઠી બે ડગલાં પાછો હઠયો.

ગમત શરૂ થઇ. મારા કરતાં હરગોવિંદની દશા ભૂંડી થઇ.

લોકો નવાઇ પામ્યા. થોડી પળોમાં જણાયું, કે ‘ પ્રોફેસર ’ પોતે મૂર્છામાં પડી ગયા હતા !

સદ્‌ભાગ્યે હરગોવિંદને કશું યાદ નથી, પણ એણે એ દિવસે જે તમાશો કર્યો તે અપૂર્વ હતો. એકદમ ચાર ડગલાં પાછળ હઠી જઈ તેણે ઠેકડો માર્યો. એક ખુરશી ઊથલી પડી, ને સાથે એના માથા પરનાં ઝુલફાં ઊડી આઘાં જઇ પડયાં, મૂછો ઊંચી ચડી ગઈ.



હરગોવિંદે અપૂર્વ તમાશો કર્યો. ખુરશી ઊથલી પડી ને ઝુલ્ફાં આઘાં જઇ પડ્યાં.

લોકો ઘડી પહેલાંની ટેવ પર ચડી ગયા. તેમણે બૂમો પાડવા માંડી: ‘ રીંછનો નાચ નચાવો. ’ ‘વાંદરા પેઠે કૂદાવો.’ ‘ માથાની જુઓ વીણાવો ! ’

નાથાભાઇ પણ ઉશ્કેરાટમાં બોલી ઉઠ્યો: ‘ ગધેડાની પેઠે ભુંકાવો ! ’

મંચ ઉપર કુદાકુદ થઇ રહી. દારૂ પીધેલ ઊંદરડો દોડાદોડ કરે તેમ હરગોવિંદે દોડ્યા કર્યું, નીચા નમીને માથું ધુણાવ્યું, ટાંટિયા ઊંચાનીચા કર્યા. કોટનાં બે બટન તૂટી ગયાં. એક ગાલમશૂરિયું તો છેક પાટલૂનમાં પગની પાની સુધી ઊતરી આવ્યું હતું.

‘ બસ ! ’

તાળીઓના ગડગડાટ વચ્ચે આ માજી ‘ પ્રોફેસર ’ ઊભો રહ્યો.

‘ બસ, જા ! ’

ચગ દઇ હરગોવિંદ નીચે બેસી ગયો. આગંતુકે લોકો સામે ફરી, પછી, બોલવા માંડ્યું. અમને થયું, હમણાં હરગોવિંદનો ઊધડો લઇ નાખશે, પણ એણે એવું ન કર્યું. એ બોલ્યો: ‘ હું પ્રોફેસર હીરાલાલ છું. ’

‘ હાશ ! ’ કરી મેં નાથાભાઇનો હાથ દાબ્યો.

કલાકેક પછી હરગોવિંદ ભાનમાં આવ્યો ત્યારે અમે સૌ નાથાભાઇને ઘેર હતા.

પ્રોફેસરે પૂછયું: 'ખરેખર તું કોઈને હિપ્નોટાઈઝ્ડ કરી શકે છે?'

'હા, હા. પૂછી જુઓ આમને!' હરગોવિંદે બેધડક જવાબ દીધો.

'નહિ રે નહિ!' હસીને નાથાભાઈએ કહ્યું, 'અમે તો પૂરા ભાનમાં હતા. માત્ર તારી રેવડી દાણાદાણ કરવા તું કહે તેમ કર્યે જતા હતા—તને ગધેડો બનાવવા.'

'હેં! તો શું તમે બધું જાણતા હતા?' નિરાશ સ્વરે હરગોવિંદે કહ્યું.

'જી હા!' સૌ ખડખડાટ હસી પડ્યા.

'બધું' એટલે હરગોવિંદ શું સમજ્યો હશે?

પુસ્તકિયો કીડો

પહેલે જ દહાડે એ જ્યારે વર્ગમાં આવીને ઊભો, ત્યારે આખો ઓરડો ખડખડાટ હાસ્યથી ગાજી રહ્યો હતો. એનું ચારપાંચ થીગડાંવાળું પહેરણ અને તેવો જ થીગડાંવાળો લેંઘો એની ઊંચાઈ ખરેખરી હતી તેથી વધારે દેખાડતાં હતાં. ઊંચા વાળેલા જમણા હાથમાં છાતી સરસી બે ચોપડીઓ પકડીને તે ઊભો હતો.

"આ એક નવો વિદ્યાર્થી આપણા વર્ગમાં ઉમેરાય છે. એનું નામ શંકર છે." વર્ગશિક્ષકે અમારા ભણી મોં કરી કહ્યું. અને પછી શંકરને નવા વિદ્યાર્થી તરીકે રહેમ બતાવવા આગલી પાટલી પર બેસાડયો. પળવાર એને વિષે વિદ્યાર્થીઓમાં ગુસપુસ વાતો થઈ, પછી એકદમ શાન્તિ થઈ ગઈ.

કોણે એ નામ પાડયું એની ખબર ન પડી; પણ એક દિવસ બપોરની રિસેસમાં શંકરને 'તાબૂત' નામે ઓળખાતો મેં જાણ્યો ત્યારે મને પણ લાગ્યું કે નામ એને શોભતું જ છે. શંકરથીયે ઊંચા અમારા વર્ગમાં બીજા વિદ્યાર્થીઓ હતા, છતાં લાંબા ઝભ્ભા અને લેંઘાવાળા

શંકરને જ એ નામ વધારે બંધબેસતું હતું એવો સૌનો અભિપ્રાય હતો.

પણ શંકર કશાથી ચિડાતો નહોતો. એ બહુ ઓછું હસતો, ભાગ્યે જ હસતો. હમેશાં એનો ચહેરો સ્થિર અને એકસરખો શાંત રહેતો. કોઈ બાળક અજાણ્યા પુસ્તકનું પાનું ઉઘાડી એનો એક અક્ષરે તેને ન સમજાતો હોવા છતાં, આશ્ચર્ય કે ક્ષોભની લાગણી બિલકુલ અનુભવ્યા વગર, સ્થિર અને એકાગ્ર દૃષ્ટિથી જેમ તે તરફ જોઇ રહે, તેમ શંકરની દૃષ્ટિ હમેશાં ચોતરફ જોતી લાગતી. વર્ગમાં શિક્ષક એને કંઈ પ્રશ્ન પૂછે, અને એ બોલતાં જરા થોથવાય, કે જવાબ ન દઇ શકે, તો તરત જ આખા વર્ગમાં જોડાનો એકસામટો અવાજ ગાજી રહેતો, અને તે જ વખતે બેન્ચ નીચે પડી ગયેલી પેનસિલ લેવા નીચા નમેલા મોંમાંથી તીણો શબ્દ સંભળાતો: 'તાબૂત!' અને તે જ ઘડી ખડખડાટ હાસ્યથી આખો ઓરડો જાણે થથરી ઊઠતો! શિક્ષક ધૂવાંફૂવાં થઇ જતા, અને ચૂપ! Silence, Shut up! ની ગર્જના કરતા ઓરડાની લાદી પર પગ પછાડતા કે ટેબલ પર ફૂટપટ્ટી કે ચોપડી અફાળી અમારું ધ્યાન દોરવા મથતા. અમારા તોફાનની નિઃસ્પૃહ શિક્ષક ઉપર આટલી અસર થવા પામતી, પણ આ મૂઢ 'તાબૂત' તો શિક્ષકે પૂછેલા સવાલનો ઉત્તર યાદ કરી તે કહી બતાવવા વર્ગને શાંત થવાની રાહ જોતો નિર્લેપ જેવો ઊભો રહેતો!

હેડમાસ્તર પંડયાસાહેબ કુદરતના ભારે શોખીન હતા. કોઇકોઈવાર વર્ગ લેવા તે આવતા ત્યારે સહેજે કુદરતી

ઐશ્વર્યની વાત પર ઊતરી પડતા. અમને તેમની બધી વાતોમાં રસ નહોતો પડતો, છતાં પણ તે સાંભળવી ગમતી. તેમણે જાતજાતનાં અસંખ્ય પતંગિયાં, જંતુઓ, પક્ષીઓ અને તેમનાં પીંછાં વગેરેનો સંગ્રહ કર્યો હતો. તે ઉપરથી ઉતારેલાં ચિત્રોની પોથી એકવાર તેમણે અમને વર્ગમાં બતાવી, ત્યારે અમને પણ એમ થયેલું કે આવો સંગ્રહ અમારી પાસે પણ હોય તો કેવું સારું !

એક શનિવારે છેલ્લા સમયમાં પંડ્યાસાહેબ બગલમાં મોટો પોથો અને હાથમાં નાનીશી નોટબૂક લઇને અમારા વર્ગમાં આવ્યા. આવતાં જ તેમણે બોલવા માંડ્યું:

" કુદરતે કેવી કેવી જાતના અજબ જીવો ઉત્પન્ન કર્યા છે એ હવે તમે જાણો છો. એકલી જીવસૃષ્ટિ જ નહિ, પણ વનસ્પતિમાં યે બેસૂમાર આશ્ચર્યો જોવા જડે છે. તમે સૌ જાણો છો કે હું એવાં આશ્ચર્યોનો સંગ્રહ કરૂં છું. હવે મારો વિચાર તમને સૌને મારી મદદમાં લેવાનો છે. બોલો, છો રાજી ? "

પ્રશ્નની ગંભીરતા પૂરી સમજ્યા વગર કેવળ કુતૂહલથી પ્રેરાઈ અમે સૌએ હા પાડી. પંડ્યાસાહેબે આગળ બોલવા માંડ્યું: " આવા આશ્ચર્યમય કુદરતી પદાર્થોનું એક પ્રદર્શન ભરવાનો મેં ઠરાવ કર્યો છે. પ્રદર્શનમાં કેવળ વિદ્યાર્થીઓએ મેળવેલા પદાર્થો જ મૂકવામાં આવશે, અને જે વિદ્યાર્થીનો નમૂનો સૌથી વિશેષ અદ્‌ભુત અને દુર્લભ હશે તેને શાળા તરફથી નાનકડું સોનાનું ઘડિયાળ ભેટ આપવામાં આવશે.'

વર્ગમાં અવાજની ધીમી ધ્રુજારી પ્રસરી ગઈ. સાહેબે પોતાની પોથી ઉઘાડી વનસ્પતિ, કીડા, પક્ષીઓનાં પીંછાં, પતંગિયાં વગેરેનાં ચિત્રો દેખાડતાં દેખાડતાં કહ્યું: "આમાંના કોઈ પણ વર્ગમાં વિદ્યાર્થી પોતાનો નમૂનો રજૂ કરી શકશે. તમારામાંથી કોણ કોણ કયા વર્ગમાં હરીફાઈ કરવા માગે છે એ લખાવો."

કેટલાક છોકરાઓએ વનસ્પતિવર્ગમાં નામ નોંધાવ્યું, તો કેટલાકે પીંછાં અને પશુપંખી કે જંતુવર્ગમાં નામ નોંધાવ્યું. મેં પતંગિયાવર્ગમાં નામ નોંધાવ્યું. કેવળ તાબૂત કંઈ બોલ્યા વગર બેસી રહ્યો.

"અને તું શાની શોધ કરવા ઈચ્છે છે?" પંડ્યાસાહેબે શંકરને પૂછ્યું.

શંકર થોડીવાર વિચાર કરતો બેસી રહ્યો. પછી ઊભો થઈ બોલ્યો: "સાહેબ! હું કીડો શોધી લાવીશ."

એકદમ આખો ઓરડો ખડખડાટ હાસ્યથી ગાજી રહ્યો. શંકરે શોધીશોધીને કીડો શોધવાનું કહ્યું! પંડ્યાસાહેબ એનું નામ પણ લખી લઈ બીજા વર્ગમાં ગયા

*

હરીફાઈ માટે એક મહિનાની મુદત આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં ઠીકઠીક ઉત્સાહ આવી ગયો હતો. કદી પણ જેણે જીવજંતુ કે વનસ્પતિનો વિચાર સુદ્ધાં કર્યો નહોતો એવા ઘણા યે ગંભીરતાપૂર્વક જીવસૃષ્ટિ અને વન-

સ્પતિસૃષ્ટિનું નિરીક્ષણ કરતા થઈ ગયા હતા. હું પણ પતંગિયાં પાછળ દોડતો થઈ ગયો હતો. એક સુંદર રંગ-બેરંગી ટપકાંવાળું નાનકડું પતંગિયું મેં પકડયું. કોઈને પણ પોતાની શોધના પરિચય માટે પંડયાસાહેબ પાસે જવાની છૂટ હતી, તે પ્રમાણે હું પણ મેં પકડેલું પતંગિયું લઈ હરખાતો હરખાતો તેમની પાસે ગયો. પંડયાસાહેબે પતંગિયું જોતાં જ કહ્યું: "આ તો અતિ સામાન્ય પ્રકારનું છે." એમ કહી તેમણે પોતાનો મોટો પોથો ઉઘાડી તેમાંથી વિવિધ પ્રકારનાં પતંગિયાં મને દેખાડયાં. હું તો આભો જ બની ગયો! મારે મન તો પતંગિયાંના બહુ બહુ તો પાંચસાત પ્રકાર હતા. તોપણ હું નિરાશ થયો નહિ, મેં પ્રયત્ન જારી રાખ્યો, અને થોડાક દિવસ પછી ફરી એક સુંદર પતંગિયું પકડી સાહેબ પાસે લઇ ગયો. આ વખતે મને ખાતરી હતી કે આ સામાન્ય પ્રકારનું પતંગિયું તો નથી જ. પણ નિરાશ! સાહેબે કહ્યું, 'અદ્‌ભુત અને દુર્લભ પ્રકારમાં ગણી શકાય એવું આ નથી."

ઓચિંતો એક વિચાર મારા મગજમાં ચમકયો: 'પંડયાસાહેબ મારા શરીરની સ્થૂલતા જોઇ મારી બુદ્ધિને પણ સ્થૂલ સમજતા લાગે છે. હં, અને એટલે જ એ મારી શોધને તદ્દન સામાન્ય કહે છે. મેં નક્કી કર્યું કે હવે ખરેખરું અદ્‌ભુત અને દુર્લભ પતંગિયું શોધી કાઢવું અને અગાઉથી સાહેબને બતાવ્યા વગર જ હરીફાઈને દિવસે તે પ્રદર્શનમાં મૂકી તેમને એકદમ ચકિત કરી દઇ ઇનામ જીતી જવું.'

હરીફાઈને માત્ર સાત દિવસ બાકી હતા. દરરોજ સાંજના વિદ્યાર્થીઓ પોતપોતાની શોધો વિષે વાટાઘાટ કરવા ટોળે મળતા હતા. આજે એકાએક મારી નજર એક ખૂણા તરફ પડી. જોયું તો એક પાટલી પર પોતાના શરીર જેવડો જાડો મોટો પોથો ખોળામાં લઇ શંકર તે વાંચતો બેઠો હતો. તેની બાજુમાં બીજા એવડા બેત્રણ પોથા પડયા હતા.

કુતૂહલથી હું એની છેક પાછળ જઈને ઊભો રહ્યો. એ તો ઊંધું ઘાલીને પુસ્તક વાંચવામાં મશગૂલ હતો. થોડીવાર થઇ એટલે મારાથી ન રહેવાયું. હું મજાકમાં એને ચમકાવવા એકદમ ખડખડાટ હસી પડયો. એણે ઊંચું જોયું. મને જોયો પણ જોણે કંઇ જ ન હોય તેમ શાંતિથી એ બોલ્યો: "આ બે તો વાંચી નાખ્યાં, પણ ખરેખરૂં તો આ છે."

મેં નવાઈ પામી પૂછ્યું: "તું શું વાંચે છે આ?" તે બોલ્યો: "કીડા વગેરે જીવડાં વિશેના આ બધા ગ્રંથો છે. આ બેમાં અતિ સામાન્ય પ્રકારના કીડાઓનું વર્ણન કરેલું છે, એમાં તો કશું અદ્‌ભુત કે દુર્લભ જેવું જણાતું નથી. પણ ખરું તો આ છે. અહીં આ પુસ્તકમાં જે કીડાનું વર્ણન કર્યું છે તે ખરેખર અદ્‌ભુત હોવો જોઈએ. એ કીડા જે જાતની જમીનમાં થાય છે તેવી જ જમીન આપણી શાળાના ચોગાનમાં બધે છે, એટલે મારી ખાતરી થાય છે કે હું કીડો શોધી શકીશ ખરો. આમ કહી એણે ખોળા-માંથી પોથો ઊંચો કરી આંગળી ધરી, કીડાનું નામ મને

વંચાવ્યું—અધધધ ! કેવડું લાંબું નામ ! મને તો યાદ પણ ન રહ્યું. બારાખડીના જેટલા જેટલા જડબાંતોડ જોડાક્ષરો ક્ષ, જ્ઞ, ગ્ય છે એટલા બધા જાણે એ નામમાં વાપરી દીધા હતા !

મને એની આ વાતમાં કંઇ રસ પડ્યો નહિ. પણ હું આશ્ચર્ય પામી સાંભળી રહ્યો. શંકર બોલ્યો: “ બીજા સામાન્ય પ્રકારના કીડા કરતાં આ કીડો બમણો લાંબો અને જાડો હોય છે. એ જમીનની અંદર દોઢબે ફૂટ જેટલે ઊંડે થાય છે. એના શરીરનો રંગ—”

હું એને આગળ બોલતો અટકાવીને બોલી ઊઠ્યો: “ હશે, મારે એ તારું લેક્ચર સાંભળવું નથી. મારે કીડા-પુરાણ જાણીને કંઈ કામે નથી.”

આમ કહી હું પાછો ફર્યો. બારણામાંથી પાછા ફરી જોયું તો શંકર ચોપડીમાં મોં ઘાલી વાંચવામાં ડૂબી ગયો હતો !

છઠ્ઠા ધોરણને અમે પ્રિ–મૅટ્રિક ક્લાસ કહેતા, કારણ કે મૅટ્રિક ક્લાસમાં તો જઇએ ત્યારે જઈએ, પણ પ્રિ–મૅટ્રિક શબ્દ વાપરીને અમારાં નામની સાથે મૅટ્રિક શબ્દનો સંયોગ અનુભવતાં અમને જે સુખદ ગર્વ થતો હતો તે કેવી રીતે સમજાવી શકાય ?

અમે છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ, એટલે આખી હાઇસ્કૂલની વિદ્યાર્થીઆલમનું નાવ ખેંચનારા ! સાતમા ધોરણના વિદ્યાર્થીઓને માથે અનેક ભયોની તલવાર લટકતી

હોય—'જોજો, છમાસિક પરીક્ષામાં નપાસ પડયા તો છઠ્ઠા ધોરણમાં પાછા ઊતારીશ, પ્રીલિમિનરીમાં નપાસ પડયા તો ફોર્મ નહિ મળે.' ફોર્મ પછીયે ક્યાં આરામ હતો ? ઘાંચીની ઘાણીના બેલને આરામ ખરો, પણ મેટ્રિકની પરીક્ષાની ઘાણીએ ચડેલા વિદ્યાર્થીને રાતભરનો વિસામો નહિ. એણે શું નથી વાંચવાનું, અને કયો વિષય નથી પાકો કરવાનો એ કોયડાનો જવાબ ખુદ યુનિવર્સિટીનો પરીક્ષક પણ નહિ આપી શકે. આમ મેટ્રિકનો વિદ્યાર્થી એટલે ભયના, અસ્થિરરતાના, નાસીપાસીના ખાબોચિયામાં અડબડિયાં ખાતો વિદ્યાર્થી. પણ પ્રિ–મેટ્રિક કલાસનો વિદ્યાર્થી એટલે રાજા ! આખી સ્કૂલમાં એનો વટ પડે! સ્કૂલની લડાઈઓનો એ યોદ્ધો ! નિર્ભય ને બહાદુર! પાંચમા ધોરણનો હોશિયારમાં હોશિયાર વિદ્યાર્થી પણ છઠ્ઠા ધોરણના 'ઢ' વિદ્યાર્થીના જેટલો યે ગર્વ નહિ રાખી શકે ! કારણ કે પાંચમું ધોરણ એટલે કાંઈ નહિ ! પાંચ ચોપડી ભણ્યા, ન ભણ્યા બધું સરખું. એટલા ભણતરની છાપ ન પડે, એટલાથી કાંઈ વટ ન પડે ! છઠ્ઠા ધોરણનો વિદ્યાર્થી હેડમાસ્તરની ઓફિસનો ઊમરો ચડે કે એનાં પગલાં પરથી ખબર પડી જાય કે એ મર્દનો બચ્ચો છે! પ્રિ–મેટ્રિક કલાસનો સભ્ય છે. આખી યે હાઈસ્કૂલમાં આ સભ્યપદ ઊંચું જણાય છે.

આવા છઠ્ઠા ધોરણના બે વિદ્યાર્થીઓ વિનાયક અને હરિપ્રસાદ, થોડેક ગયો ન ગયો ત્યાં મને સામા મળ્યા. એ બંને મારા જ વર્ગના વિદ્યાર્થીઓ હતા. વિનાયકને અમે વિનુ કહેતા અને હરિપ્રસાદને હરિ કહેતા. એ બંને મારા

ખાસ દોસ્તો હતા એવું કંઈ નહોતું, પણ શંકરની વાત મારા મનમાં ઊભરાઈ રહી હતી એટલામાં જ તે મને મળ્યા એટલે મેં બોલી નાખ્યું:

"દોસ્ત ! જોવા જેવું છે. પેલો તાબૂત અધમણ-અધમણના પોથા ખોળામાં ઘાલી કીડાપુરાણ વાંચવા બેઠો છે. ખરેખરો પુસ્તકિયો કીડો જ બની ગયો લાગે છે !" આમ કહી હરિનો હાથ પકડી મેં ઉત્સાહમાં દબાવ્યો. હરિ પણ મારી સાથે મજાકમાં હસ્યા વગર રહી શકયો નહિ.

થોડીકવાર વિનુ કંઈ બોલ્યો નહિ, પણ પછી એકદમ જાણે કોઈએ આંચકો માર્યો હોય તેમ છલંગ મારી કૂદ્યો અને મારો ખભો થાબડી બોલ્યો: "દોસ્ત ! બેડો પાર થયો જાણજે !"

શાનો બેડો પાર થવાનું વિનુ કહે છે એ હું કંઈ સમજ્યો નહિ, પણ મારું અજ્ઞાન એ લાંબો વખત રાખવા ઇચ્છતો નહોતો. મને ને હરિને એ આંખના ખૂણામાં હસતો હસતો, ખેંચીને દૂર એક તરફ લઈ ગયો. પછી બોલ્યો: "એક ભારે ગમ્મત થાય એમ છે. કાન્તિએ પુસ્તકિયો કીડો શબ્દ વાપર્યો અને મને એ યુક્તિ જડી. એવી આબાદ છે, દોસ્ત ! એવી તો આબાદ છે હા !—હા—હા." વળી તેણે હસવા માંડયું. પણ બીજી જ પળે એકદમ શાંત સ્વસ્થ થઈ જઈ તે નાક પર આંગળી મૂકી બોલ્યો: "ચૂપ ! બિલકુલ અવાજ ન થાય. કોઈને જરા પણ વહેમ આવે એવું કરવાનું નથી !"

અમે તો ચૂપ જ હતા, મૂઢની જેમ તેની વાત સાંભળી રહ્યા હતા; ચૂપ થવાનું તો એને હતું. પણ એ ઊલટો અમને ચૂપ થવાનું કહેતો હતો !

વિનુ બોલ્યો: "મને એક ખરી ગમ્મત સૂઝે છે. આપણે તાબૂતને બરાબર બનાવીએ."

"કેવી રીતે ?" હરિ બોલ્યો.

વળી આને શાંત થવાનું કહી વિનુ બોલ્યો: "જુઓ, આપણે એક અતિ સામાન્ય નહિ એવો કીડો પકડી આણીએ અને કોઈ જૂના ફાટેલા પુસ્તકમાં એને મૂકી દઈ પછી તાબૂતને દેખાડીએ ને એને કહીએ કે આ એક નવીન પ્રકારનો કીડો છે, એને પુસ્તકિયો કીડો કહે છે. બિચારો એવો ભોળો ભામણ છે કે આપણી વાત તદ્દન સાચી માની લેશે અને 'પુસ્તકિયો કીડો' પ્રદર્શનમાં મૂકી પોતાની ફજેતી બોલાવશે.'

અમને પણ વિનુની આ વાત ગમી. આટલી સહેલાઈથી જો કોઈ ને—અને તેય તાબૂતને બનાવી ગમ્મત કરી શકાતી હોય તો કાંઈ વાંધો નહિ એમ મને લાગ્યું.

અમે ત્રણમાંથી કોઈએ કીડાની શોધ કરવાનું કામ લીધું નહોતું. હરિએ શંખલાં છીપલાં ભેગાં કરવા માંડ્યાં હતાં, અને એ એમ કહેતો કે એણે એક સુંદર રૂપેરી કાલુ માછલી મેળવી હતી. એ દરિયાઇ કાલુ માછલી નહોતી, પણ ખેતરાઉ માછલી હતી; માટે જ ખરેખર અદ્ભુત અને દુર્લભ હતી—એમ એ કહેતો હતો. ઇનામ પોતાને જ

મળવાનું એવી એને પૂરેપૂરી ખાતરી હતી. એટલે પંડ્યાસાહેબને અગાઉથી છીપ બતાવી દેવાનું તેને યોગ્ય લાગ્યું નહોતું.

વિનુ પશુપક્ષીવર્ગમાં શોધ કરતો હતો. પણ એનીયે મારા જેવી જ દશા થઈ હતી. એક બે પક્ષીનાં પીંછાં અદ્‌ભુત સમજીને એ પંડ્યાસાહેબને બતાવવા લઇ ગયો હતો, પણ 'અતિ સામાન્ય' કહી પંડ્યાસાહેબે તે નકામાં જણાવ્યાં હતાં. તેથી તેણે માની લીધું હતું કે પંડ્યાસાહેબમાં પરખ અને કદરની શક્તિ નથી; એટલે મારે પીંછાં પાછળ ભટકવાનો કંઈ જ અર્થ નથી.

સાંજના વાળુ કર્યા પછી અમે ત્રણ ઊપડયા. વિનુ પોતાને ઘેરથી નાનીશી કોદાળી લાવ્યો હતો. ત્રણે શાળાના મકાનની પાછળના ભાગમાં એક ખૂણે ઝાડ તળે બેઠા અને કોઇને વહેમ ન આવે તેમ કૂંડાળું વળી ખોદવા લાગ્યા. થોડુંક ખોદતા અને માટીનાં ઢેફાં હાથમાં લઈ હળવેહળવે ભાંગી કીડાની શોધ કરતા. આમ કરતાં કરતાં એક કલાક વીતી ગયો, પણ કોઈ કીડો જડયો નહિ—અતિ સામાન્ય કીડો પણ જડયો નહિ. અમારી ધીરજ ખૂટી ગઈ હતી, પણ આવડી મોટી ગમ્મત આમ છેક એક નજીવા કીડાને અભાવે નકામી કરવી પડે એ કોઇને ગમ્યું નહિ. તેથી વારાફરતી ખોદવાનું કામ તો ચાલુ જ રાખ્યું.

એટલામાં વિનુ ખોદતાં ખોદતાં આનંદની ચિચિયારી પાડી ઊઠયો. હું અને હરિ એની પાસે જ હતા, છતાં વધુ

પાસે ગયા. જોયું તો કોઈ ખોવાઈ ગયેલો હીરો ખોળતો હોય એમ ઝટપટ ઝટપટ વિનુએ ખાડામાંથી માટી બહાર કાઢી નાખી અને પછી ઢેફાં ખૂબ સાવચેતીથી ભાંગીને તપાસવા લાગ્યો. વળી ફરી એ હર્ષથી ગાજી ઊઠયો: અમારા સામું મોં કરી એણે વિજયી હાસ્ય કર્યું અને જમણો હાથ ઊંચો કર્યો. ખરેખર એણે કીડાની શોધ કરી હતી! એના હાથમાં એક સુંદર કીડો ભયથી ગૂંચળું વળીને લટકતો હતો.

અમે ધ્યાનપૂર્વક જોયું તો સામાન્ય કીડા જેવો એ કીડો નહોતો. એવો ચટાપટાળો ને સુંદર એ હતો કે અમને લાગ્યું કે અમારું કામ હવે ચોક્કસ સિદ્ધ થશે.

થોડીવારમાં અજાયબી અને આનંદનો ઊભરો શમી જતાં વિનુએ મને કહ્યું: "લે, હવે પકડી લે, આપણે ઘેર જઈએ."

પણ મારા હાથ કીડાનો સ્પર્શ થવા દેવા તૈયાર ન હતા. હરિએ પણ ના પાડી. ત્યારે વિનુ બોલ્યો, "તો શું આમ ઘેર લઈ જવાશે? કાં તો તું પકડી લે કે મને તારો રૂમાલ આપ." મેં ગજવામાંથી રૂમાલ કાઢી આપ્યો. વિનુએ કીડાને રૂમાલમાં વીંટી લઇ રૂમાલ ગજવામાં મૂક્યો.

*

બીજે દિવસે બપોરની કલાકની રિસેસમાં હું મારે ઘેર દોડયો અને એક જૂનું ભાગવત કબાટમાં પડયું હતું તે ઉપાડી લાવ્યો. અમે ત્રણે જણ એકાંતમાં ભેગા થયા. વિનુએ

ચપ્પુ વડે ભાગવતની મધ્યનાં પાનાંમાંથી થોડો ભાગ કીડાને રહેવા માટે કાપી કાઢયો. પછી કીડાને એ કોતરમાં મૂકી ભાગવત બંધ કર્યું, અને રૂમાલમાં વીંટી દીધું.

મારામાં કે હરિમાં વિનુના જેટલી હોશિયારી નહોતી એ દેખીતી વાત હતી. એટલે બધું કામ તે જ કરતો. આ કીડો એ ખરેખરો અદ્ભુત અને દુર્લભ કીડો છે એ શંકરના મગજમાં ઠસાવવાનું કામ, થાય તો વિનુથી જ થાય તેમ હતું, એ અમે જાણતા હતા. વિનુએ ઘણી ખુશીથી એ આકરી ફરજ બજાવવાનું માથે લીધું.

"પણ વિનુ! કીડો આમ મફતમાં તો એને ન આપી દેવો. નહિ તો એ એને તદ્દન સાધારણ કીડો સમજી ફેંકી દેશે કે લેવાની જ ના પાડશે," મેં સૂચના કરી.

"વાત તો મજાની! એક તો બિચારાની આખી સ્કૂલમાં ફજેતી બોલાવવી અને તેના બદલામાં એની પાસેથી પૈસા પણ પડાવવા! મને નથી લાગતું કે એ છેક એવો મૂરખો હોય!" હરિએ કહ્યું.

"ત્યારે શું તમે એને બહુ ડાહ્યો સમજો છો?" વિનુ બોલતાં બોલતાં ગર્વથી ખડખડ હસી પડયો. "અરે! એ અક્કલનો ઓથમીર છે ઓથમીર! ખરેખર પુસ્તકિયો કીડો છે. એ તો બનાવતાં આવડવું જોઈએ."

છેવટે એવું ઠર્યું કે વિનુએ કીડો શંકરને આપવો અને બદલામાં એક રૂપિયો માગવો.

શાળા છૂટ્યા પછી સૌ વિદ્યાર્થીઓ પોતપોતાના કામમાં લાગી ગયા હતા. શંકર પણ એક ખૂણે બેઠોબેઠો પાનાં ઉથલાવતો હતો. હવે હરીફાઇને માત્ર ચાર જ દિવસ બાકી હતા. વિનુએ હળવેથી ઈશારત કરી શંકરને બહાર બોલાવ્યો. એ તરત જ આવ્યો.

" જો શંકર, મારે તારી સાથે ખૂબ અગત્યની વાત કરવાની છે. " એમ કહી વિનુ શંકરને થોડેક દૂર લીમડા નીચે લઈ ગયો. હું અને હરિ પણ પાછળપાછળ ગયા.

વિનુએ ખરેખરી ઠાવકાઈથી વાત શરૂ કરી. એના મોં પરના ભાવ તે વખતે જોવા જેવા હતા. " શંકર ! તને એ કહી બતાવવાની જરૂર નથી કે એકબીજાને મદદ કરવી એ વિદ્યાર્થી તરીકેનો આપણો ધર્મ છે. વિદ્યાર્થી ન હોઈએ તોપણ શું, પણ આપણને નિરુપયોગી વસ્તુ બીજાને ઉપયોગી થઈ શકતી હોય તો થવા દેવી એ સુજ્ઞનું લક્ષણ છે. " અમે વિનુને ધર્મ અને લક્ષણના તત્ત્વજ્ઞાનમાં ઊતરતો આ પહેલી જ વાર જોયો. શંકર આતુર હૃદયે એની વાત સાંભળી રહ્યો.

વિનુ બોલ્યો: " જો, શંકર, તું કાડાની શોધ કરે છે; અને એ વિષે પુસ્તકો પણ વાંચે છે, એટલે પુસ્તકિયા કીડા વિષે તો જાણતો જ હોઈશ. એ ખરેખર બહુ દુર્લભ કીડો છે. "

શંકર નવાઈ પામી બોલ્યો: " પુસ્તકિયો કિડો ?

એ વિષે મેં આ આટલા સર્વસંગ્રહોમાં પણ ક્યાંય કશું વાંચ્યું નથી !"

મોં પરનો ભાવ જરાય બદલાવા દીધા સિવાય તેવી જ સ્થિરતાથી વિનુ બોલ્યો: "બરાબર છે. તારી વાત સાચી છે. એ ખરેખર એવો દુર્લભ કીડો છે કે એ વિશે આ પુસ્તકોમાં ઉલ્લેખ હોવો અસંભવિત છે. એટલે જ હું કહું છું ને કે એ દુર્લભ કીડો છે. એ જો હાથમાં આવી જાય તો તું ઈનામ જીતી જઈ શકે. અમે તો વનસ્પતિ, છીપલાં, ને પીંછાં શોધવાનું કામ લીધું છે, એટલે અમારે માટે એ નકામું છે."

"પણ એવો દુર્લભ કીડો એકાએક કેવી રીતે જડી આવે ! એ પણ એવી જ દુર્લભ વાત છે." શંકર બોલ્યો. બિચારાના મોં પર નિરાશા છવાઈ ગઈ હતી. અમને એ જોઇ હસવું આવ્યું. મોં પર રૂમાલ દાબી અમે જરા હસી લીધું.

"ઓહોહો ! એ જ વાત કહેવા તો મેં તને અહીં બોલાવ્યો છે. જો, અમે એવા એક કીડાની શોધ કરી છે," આમ કહી વિનુએ બગલમાંથી ભાગવત કાઢ્યું. રૂમાલ છોડી હળવે રહીને પુસ્તક ઉઘાડતાંઉઘાડતાં એ બોલ્યો: "તું જુએ છે ને આ કેવું જૂનું પુસ્તક છે તે ? મારાં દાદીમાનાં મા નાનાં હતાં ત્યારે આ પુસ્તક રોજ વાંચતાં હતાં. પછી એ મા મરી ગયાં ને દાદીમા પણ મરી ગયાં—પુસ્તક કાતરિયામાં પડી રહ્યું. પણ પડી રહીને કંઈ નકામું નથી ગયું.

એમાંથી જ આ દુર્લભ કીડો મળી આવ્યો છે." એમ કહી તેણે પુસ્તકના કોતરેલા ભાગમાં ગૂંચળું વળી પડેલો કીડો દેખાડયો. પળવાર ચમકીને શંકર તે તરફ જોઇ રહ્યો. તે બોલ્યો: " ખરેખર, તમે કહો છો તેવો જ આ પુસ્તકિયો કીડો છે ?"

જરાક ચિડાવાનો દેખાવ કરી વિનુ બોલ્યો: " તું જ નથી જોતો ! તારી આંખ આગળ તો હું આ પુસ્તક ઉઘાડું છું; અને જો, પુસ્તક પણ કેટલું જૂનું છે !"

એટલામાં કીડો સળવળીને ઊંચો થયો. શંકર તેને ધ્યાનપૂર્વક જોઈ રહ્યો. પછી કીડાને આંગળી પર ચડાવી બહાર કાઢી અજવાળામાં ધારી ધારીને તે એને નીરખી રહ્યો. કીડાના શરીર પરના રંગબેરંગી ચટાપટા સંધ્યાના પ્રકાશમાં સુંદર ઝગમગી રહ્યા. એટલામાં મેં ઇશારો કરવાથી વિનુ બોલ્યો: " પણ અમારાથી એ કીડો એમ મફતમાં આપી દેવાય નહિ. તું જાણે છે ને એ કેવો દુર્લભ છે તે ! એ જોઇતો હોય તો તારે અમને એક રૂપિયો દેવો પડશે."

હજી શંકરનું ધ્યાન તો કીડાને જોવામાં જ રોકાયું હતું. અમને ખાતરી થઇ કે બિચારો ખરેખર ફસાયો છે. એને કીડો ગમી ગયો છે અને પુસ્તકમાંથી એ નીકળ્યો છે, એ પણ એણે માની લીધું છે. થોડી વારે એ બોલ્યો: " ખરેખર, અદ્ભુત કીડો છે ! શું આનું નામ ?"

" પુ...સ્ત...કિ...યો કીડો !" વિનુએ અક્ષરે અક્ષર પર ભાર દઇ કહ્યું. હું ને હરિ એ સાંભળી રૂમાલ દાબી હસ્યા.

"હું આને બદલે તને બદલામાં બીજી કોઇ ચીજ આપું તો કેમ ?" શંકરે પૂછયું.

"શું આપીશ ?"

"મેં એક જગાએ ખેતરમાં દરિયાઈ પંખીનાં ઇંડાં જોયાં છે. મેઘધનુષના સાતે રંગો એ ઈંડાં પર દેખાય છે. મને લાગે છે કે પ્રદર્શનમાં રજૂ કરવા માટે તને એ ઠીક ઉપયોગી થઇ પડશે. ભારે નવાઇની ચીજ છે."

"જોયા વગર તો મારાથી કંઈ ન કહેવાય. પહેલાં બતાવ, પછી વાત." વિનુએ કહ્યું.

"તો કાલે આ વખતે મારી સાથે આવીશ ? જોયા પછી તને ગમે તો રાખજે, નહિ તો રૂપિયો ખરો."

"તો કબૂલ; કાલે અત્યારે ચોક્કસ ?" વિનુએ સોદો નક્કી કર્યો. કીડો લઈને શંકર ગયો એટલે મેં ને હરિએ વિનુનો ઊધડો લીધો: "શા માટે તે રૂપિયો લેવાની ના પાડી ? મૂર્ખ !"

વિનુ હરખથી કૂદીને બોલ્યો: "અરે, હું કંઇ એવો મૂર્ખ નથી ! પણ દરિયાઈ પંખી એટલે શું એ તમે સમજ્યા ? એનાં ઈંડાં જો હાથમાં આવી જાય તો કદાચ હરિફાઈમાં ઇનામ મળી જાય !" વિનુ ગર્વથી બોલ્યો.

"પણ તને ઇનામ મળે તેમાં અમને શું ? અમે અમારો ભાગ એમ જવા દઈશું ?" હરિ અને હું એકીસાથે બોલ્યા.

વિનુ ખિજાઈને બોલ્યો: "પણ એમાં તમે શાનો ભાગ માગો ? કીડો ખોળવાની યુક્તિ શોધી કાઢી મેં, કીડો પણ શોધી કાઢયો મેં; અને કેટલી જહેમત ઉઠાવી શંકરને એ બઝાડયો પણ મેં. તમે શું કર્યું છે તે ભાગ માગો છો ?"

"એમ ? જોવું છે ? હમણાં શંકરને ફૂંક મારું એટલી વાર !" હરિ ઉશ્કેરાઈને બોલી ઊઠયો.

"તારે રૂપિયાને બદલે ઈંડાં લેવાં હોય તો ખુશીથી લેજે. પણ અમને તો તારે રૂપિયો આપવો જ પડશે. નહિ આપે તો પછી—" મેં કહ્યું.

છેવટે વિનુએ કબૂલ કર્યું કે શંકર પાસેથી જો એ રૂપિયો લેશે તો અમને સરખો ભાગ આપશે, અને ઈંડાં લેશે તો અમને પોતાની પાસેથી રૂપિયો આપશે.

*

મોંએથી સીટીઓ મારતો હરખાતો હરખાતો વિનુ અમારી પાસે આવી બોલ્યો: "દોસ્ત, બેડો પાર !" અમે આતુરતાથી એના સામું જોઈ રહ્યા. બગલમાં ઘાલીને એક સુંદર જાડા કાગળની ડબી એ લાવ્યો હતો. કોઈ ઝવેરી પોતાનો માલ દેખાડતો હોય તેટલી કુશળતાથી હળવાફૂલ હાથે તેણે બગલમાંથી દાબડી કાઢી અમારી સામે મેજ પર મૂકી. પછી કુશળ નટના અભિનયપૂર્વક દાબડી પર હાથ ધરી રાખીને તે બોલ્યો: "જાણો છો આ દાબડીમાં શું છે તે ?"

"હશે, એનું અમારે શું કામ છે !" હું તિરસ્કારથી બોલ્યો.

હા ! હા ! હા ! કરતો વિનુ ખડખડ હસી પડયો. બોલ્યો: "બસ કે ? એમાં તો સોનાની ચેન સાથેનું ભપકાદાર સ્વીસમેડ ઘડિયાળ છે. પણ હાસ્તો, તમને એ શી રીતે સમજાય !" વળી તેણે હસવા માંડયું.

"પહેલાં તો તું અમારો એક રૂપિયો ધરી દે, પછી તારે જે કહેવું હોય તે કહેજે." હરિએ સીધીસટ માગણી કરી. વિનુએ ભાગ દેવાની કરેલી કબૂલાત પછી તો અમે બંને મનમાં એવી પ્રાર્થના કરતા થઈ ગયા હતા કે પ્રભુ વિનુની બુદ્ધિને ભુલાવામાં નાખે અને વિનુ ઇંડાં લઇ આવે તો અમને બે જણ વચ્ચે એક રૂપિયો મળી જાય !

વિનુએ તરત જ ઇમ્પીરિયલ બેંકના કૅશિયરની છટાથી ડાબો હાથ ગજવામાં નાખી રૂપિયો કાઢયો અને બે આંગળીએ રૂપિયો ઊંચો પકડી રાખી બોલ્યો, "લે જાઓ ! આજે તમે આ રૂપિયો લઇને હરખાઓ, પણ કાલે મારા ગજવામાં ટકટક થતું સોનાનું ઘડિયાળ અને છાતીએ લટકતી સોનાની ચેન જુઓ ત્યારે ઇર્ષ્યા ના કરતા !" આમ કહી વિનુએ મારા હાથમાં રૂપિયો મૂકયો અને "ત્યારે મારો વાસકોટ કેટલો સુંદર દેખાશે !" કહી ગર્વથી એ પોતાના ડ્રેસ ભણી જોઇ રહ્યો.

બે પળ શાંતિ ! વળી વિનુએ ચલાવ્યું: "આ દાબડીમાં શું છે તે હવે સમજ્યા ? એ જ એ ઘડિયાળ

મેળવવાની ચાવી છે.” અમે આશ્ચર્ય પામી તેની વાત સાંભળી રહ્યા: “શંકર મને લઈને ચાલ્યો. કેટલાંયે ખેતરો વટાવ્યાં. ક્યાંય દૂર નીકળી ગયા. મને લાગ્યુ કે શંકર જૂઠું બોલે છે. પણ થોડેક દૂર ગયા અને શંકર બોલી ઊઠયો: ‘પેલો રહ્યો ! પેલો રહ્યો !’ સીમળાના ઝાડ પર એક માળો દેખાતો હતો. ખૂબ સાવધાનીથી અમે ઉપર ચડયા. માળો સુંદર હતો. પણ અંદર મૂકેલાં બે ઇંડાં સૌથી સુંદર હતાં. શંકરે કહેલું તે પ્રમાણે જ તેનો રંગ મેઘ ધનુષના રંગ જેવો હતો. એ જોતાં જ મને લાગ્યું કે હવે સૌ જણ મારે છે. ઇનામ મારા હાથમાં જ છે. શંકરે કહ્યું: ‘કેમ, જોઇએ છે આ ઈંડાં ?’ મેં તરત જ હા પાડી. અતિ ઉત્સાહમાં લેવા જતાં એક ઇંડું ફસકીને ભાંગી ગયું. પણ બીજું ખૂબ સાવચેતીથી ધીરેધીરે ફૂંકીને બહાર કાઢયું. તમે તો એ જોઇને આભા જ બની જશો. જોવું છે ?”

આમ કહી એણે દાબડી હળવે હાથે ઉઘાડી. રૂની બનાવેલી સુંવાળી ગાદીમાં એક ઇંડુ ગોઠવેલું દેખાયું. આંખને ઊડીને વળગે એવો એનો રંગ હતો. હું અને હરિ બંને આશ્ચર્યથી તાકીને જોઈ રહ્યા. અમારાં મોં સામે જોઇ વિનુ ગર્વથી ધીમુંધીમું હસતો હતો.

વિનુ બોલ્યો: “કેમ, જોયુંને હવે ? બંદા એમ કોઈથી છેતરાય એવા નથી. તદ્દન સામાન્ય જાતનો એક કીડો આપીને કેવી કીમતી વસ્તુ હું મેળવી શક્યો છું ! મને તો આ ઇંડું દેખ્યું ત્યારથી ખાતરી થઈ છે કે હવે સોનાનું ઘડિયાળ આ વાસ્કોટને શોભાવવા આવ્યું સમજો !” આમ

કહી વિજેતાની મગરૂબીથી એ અમારા સામું તાકી રહ્યો. અમેય આભા બની જોઈ રહ્યા.

*

આવતી કાલે પ્રદર્શન છે. સૌ પોતપોતાના દુર્લભ નમૂનાઓ રજૂ કરશે, હું શું કરીશ એ વિચારથી હું મૂંઝાતો હતો. પતંગિયાં તો મેં ઘણાં મેળવ્યાં હતાં, પણ તે બધાં તદ્દન સામાન્ય પ્રકારનાં હતાં. હું કંઈ નહિ રજૂ કરી શકું એ વિચારથી મારું મોં રડવા જેવું થઈ ગયું હતું. પણ રાત્રે ઈશ્વરે મારી લાજ રાખી. હું છત્રદીપ (ટેબલલૅમ્પ) આગળ એક જૂના પોથાનાં પાનાં ગમે તેમ ફેરવતો બેઠો હતો, એવામાં પડખે મારી નજર ગઈ. જોયું તો એક અદ્ભુત નાનકડું પતંગિયું કૂદાકૂદ કરી રહ્યું હતું. એનું રૂપાળું શરીર જોઈ મને તરત જ લાગ્યું કે ઇનામ જીતવાની હજી મને તક છે. કુશળતા વાપરી એકદમ મેં તે પતંગિયું પકડી લીધું: આખી રાત એ પતંગિયાનાં જ સ્વપ્નાં મને આવ્યાં કર્યાં. જાણે એ પતંગિયું પોતાની પીઠ પર મને સ્વારી કરાવી સોનાની ઘડિયાળોના દેશનો રાજા બનાવી ગયું !

પ્રદર્શનનો દિવસ આવ્યો. નિશાળમાં રજા હતી. હરીફાઇની પરીક્ષા બપોરે થવાની હતી, છતાં પણ પ્રદર્શનગૃહમાં સવારની ધમાલ મચી ગઈ હતી. સૌ વિદ્યાર્થી હરીફોએ પોતપોતાના ‘ દુર્લભ નમૂનાઓ ’ વિભાગવાર ટેબલો પર ગોઠવી દીધા હતા, અને સાથે પોતાનાં નામ તથા કંઈ

હકીકત લખવાની હોય તો લખીને કાપલીઓ ચોડી હતી. વિનુએ પોતાના ટેબલ પર પેલું ઈંડુ ગોઠવ્યું હતું, અને કાપલી ચોડી હતી કે 'દરિયાઈ પંખીનું ઇંડું.' હરિએ પેલી 'એતરાઉ કાલુ માછલી' મૂકી હતી. મેં પણ મને જડેલું પેલું દુર્લભ પતંગિયું મૂકયું હતું. અને શંકરે ?— એ તાબૂતે ખરેખર પેલો પુસ્તકિયો કીડો પોતાના ટેબલ પર એક લાકડાના ડબલામાં ભીની માટી ભરી અંદર ગોઠવ્યો હતો. અને માથે કાપલી ચોડી હતી:

" પુસ્તકિયો કીડો. "

"ચાર પેઢી, પરના જૂના ભાગવતમાંથી જડયો છે "

શંકરની બાઘાઈ જોઇ અમે ત્રણે ખૂણે ઊભા રહીને એવા હસ્યા, એવા હસ્યા! પણ એ મૂરખ કશું જ સમજી શકતો નહોતો. અગિયાર વાગે પ્રદર્શન જોવા વિદ્યાર્થીઓનાં ટોળાં આવવા લાગ્યાં. મારા પતંગિયાનું ઠીકઠીક આકર્ષણ થતું હતું એમ મારે કહેવું જોઇએ. પણ ગમ્મત તો શંકરના ટેબલ આગળ જ થતી હતી એ ગમ્મત જોવાના જ રસથી અમે કેટલીયે વખત પ્રદર્શન જોવાને મિષે, વિદ્યાર્થીઓ ભેગા, ત્યાં થઈને પસાર થતા. શંકરના દુર્લભ નમૂનાનું નામ વાંચીને સૌ મોંએ રૂમાલ દાબી બોલી પડતા: 'ખરેખરો પુસ્તકિયો કીડો! આવી દુર્લભ વસ્તુ કોઇ ન જોઇ!"

અમને અમારી યુક્તિ સફળ થઇ લાગી. શંકરની ફજેતી થવામાં હવે કંઇ બાકી રહ્યું નહોતું. પણ પંડયાસાહેબ આવે અને જુએ, અને કડવામાં કડવી વાણીમાં

એની ખબર લઈ નાખે, એ ઘડીની અમે રાહ જોતા હતા. બાર વાગ્યા. પંડ્યાસાહેબ પધાર્યા. તેમણે એક ખૂણેથી પ્રદર્શન જોવાનું શરૂ કર્યું. દરેક વસ્તુ તે ખૂબ ધારી ધારીને જોતા હતા. એક પછી એક ટેબલ આગળ થઇ તેમણે આગળ વધવા માંડયું. એટલામાં વિનુનું ટેબલ આવ્યું: દરિયાઈ ઈંડું સાહેબનું ધ્યાન ખેંચ્યા વગર કેમ રહે ? તેમણે વિનુને પૂછયું: "આ કયા પક્ષીનું ઈંડું છે ?" વિનુએ કહ્યું: "એ તો હું જાણતો નથી, સાહેબ, પણ એ દરિયાઇ પક્ષીનું ઇંડું છે એટલી વાત ચોક્કસ. આવાં ઇંડાં ધરતી પરનાં પક્ષીઓ કદી મૂકતાં નથી."

સાહેબની જિજ્ઞાસા વધી. તેમણે ઇંડાંવાળું ખોખું હાથમાં લીધું. ઈંડું આમતેમ ફેરવીને જોયું. આંગળી સહેજ ભીની કરી ઇંડાંને અડકાડી જોઈ. પછી બોલ્યા: "છે તો નવાઈ જેવું ! તું કયાંથી લાવ્યો આ ?"

"એની પાછળ તો કેટલો શ્રમ ઉઠાવ્યો છે, સાહેબ ! માઈલ બે માઈલ પર એક ખેતરમાં સીમળાના ઝાડ પરથી મને એ મળ્યું છે."

"એમ !" બોલી સાહેબે એ ઇંડાંવાળી દાબડી પોતાના ટેબલ પર મૂકવા મોકલાવી. પછી આગળ ચાલ્યા.

વિનુ મારી સામું જોઈ લહેકો કરી બોલ્યો: "એમ છે ત્યારે !" પછી તેણે હાથવડે વાસ્કોટ પર લટકતી ચેનનો ઈશારો કર્યો.

પંડ્યાસાહેબ આગળ ચાલ્યા. કોઈના ટેબલ આગળ

બે સેંકડ તો કોઈના ટેબલ આગળ બહુ બહુ તો મિનિટ બે મિનિટ રોકાતા; પણ મારા ટેબલ આગળ તેમને વધારે રોકાયા વગર છૂટકો જ નહોતો. સાહેબે પતંગિયું જોયું અને કેટલીયે પૂછપરછ કરી! પછી તેમણે પતંગિયું પોતાના ટેબલ પર લેવડાવ્યું. અને સહેજ હસીને આગળ ચાલ્યા. એમનું એ હાસ્ય જોઈ મારી ખાતરી થઈ ગઈ કે મારા પતંગિયાએ તેમને ચકિત કરી નાખ્યા છે, અને તેઓ મારા નમૂનાથી પૂરેપૂરા પ્રસન્ન થયા છે.

વળી તેઓ આગળ ચાલ્યા. હરિનું ટેબલ તેમને રોકવા ઊભું જ હતું. 'ખેતરાઉ કાલુ માછલી' એ અજાયબ વસ્તુ તો હતી જ. હરિએ જણાવ્યું કે એ એને પોતાના ખેતરમાં છોડ વાવવા માટે જમીન ખોદવા જતાં અંદરથી મળી આવી હતી. દરિયામાં જેમ કાલુ માછલી મોતી પકવે છે તેમ આ ખેતરાઉ માછલી ભોંયમાં મોતી પકવતી હોવી જોઈએ, અને એ એવી કીમતી હોવાથી જ જવલ્લે જડે છે, એમ એણે જણાવ્યું.

સાહેબ જરાક હસ્યા. બરાબર મારા ટેબલ આગળ હસ્યા હતા તેવું જ. પણ આ વખતે તે અભિનંદનનું હાસ્ય હોય એમ મને લાગ્યું નહિ. સાહેબે માછલી પોતાના ટેબલ પર મોકલાવી દીધી.

વળી તેઓ આગળ ચાલ્યા. એક પછી એક ટેબલ પસાર કરી શંકરના ટેબલ આગળ આવ્યા. અમને થયું કે હમણાં આખો હોલ ખડખડાટ હાસ્યથી ગાજી ઊઠશે; પણ રે!

ગું કંઈ થયું નહિ. સાહેબ શંકરના ટેબલ આગળ થઈને
ય છે ત્યાં એકાએક એમનો પગ થંભી ગયો.
પુસ્તકિયા કીડા ' સામે જોઈને એ અટકી પડયા એ તો
ણે બરાબર હતું: પણ મજાકમાં હસી પડવાને બદલે એ
આશ્ચર્યથી આંખો ફાડી જોઈ જ રહ્યા ! એટલેથી જ
ટકયું નહિ, પણ ચશ્મા કપાળે ચડાવી કીડો હાથમાં લઈ
રી ધારીને જોવા લાગ્યા. બહુવાર સુધી આમ જોઈ રહ્યા
છી એક ન સમજાય તેવી દૃષ્ટિ શંકર તરફ ફેંકી તેઓ
ાગળ ચાલ્યા; કીડો તેમણે પોતાના ટેબલ પર મોકલાવી દીધો.
મે ધાર્યું કે હવે ભાષણ વખતે શંકરની ખરેખરી ફજેતી
લશે; પણ અહીં અત્યારે જ જરા બે શબ્દો એ ' પુસ્ત-
ના કીડા ' ને સંભળાવ્યા હોત તો કશું ખોટું નહોતું.

બીજી પણ કેટલીક ચીજો સાહેબે ટેબલ પર મોકલાવી
ી. હવે સૌ ભાષણ સાંભળવા ભેગા થયા. પંડયાસાહેબ
ઈ ધારાસભામાં ભાષણ કરવાનું હોય એવી તૈયારીઓ
ને લાંબુંલચ ભાષણ લખી લાવ્યા હતા, અમારામાંથી
ડુા થોડા એ બધું સાંભળવાની ધીરજવાળા હશે. શરૂઆ-
માં તેમણે આવી હરીફાઈઓના લાભાલાભ જણાવ્યા,
છી હરીફાઈ કોને કહેવાય તે કહી હરીફોની ફરજો વિષે
સ્તારથી વિવેચન કર્યું. પછી દેશવિદેશની આવી પદ્ધતિઓ
ષે કહ્યું. આટલું કહ્યું ત્યાં તો અમારી ધીરજ ખૂટી ગઈ.
તાઓ કેવળ ઈનામની જાહેરાત સાંભળવાની આતુરતાથી
ડુ સહી રહ્યા હતા. સાહેબે પછી આ હરીફાઈ વિષે કંઈ
ઈ વાતો કરી નાખી. છેક છેવટે ઈનામ શબ્દ સંભળાયો

ત્યારે અમારા કાન સળવળ્યા. અમે આતુરતાથી સાંભળી રહ્યા. સાહેબ બોલ્યાઃ "કેટલાક છોકરાઓએ પ્રદર્શનમાં કેવળ નિર્માલ્ય વસ્તુઓ મૂકી છે. કેટલાકે તો નરી બેવકૂફીનું પ્રદર્શન કર્યું છે. છતાં મારે કહેવું જોઇએ કે વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી કામ કર્યું છે. અને હું જેને માટે ઈનામ આપવાનો છું તે તો એવી અદ્ભુત અને દુર્લભ શોધ છે કે આટલાં વર્ષોથી હું આવી શોધોમાં મચ્યો રહું છું છતાં હજી એવો નમૂનો મેળવી શક્યો નથી."

મારી છાતી આ સાંભળી હર્ષથી ધબકવા લાગી નક્કી, એ મારી જ શોધ હોવી જોઇએ. વિનુ મને ઇશારો કરી વાસ્કોટનું ગજવું બતાવી કહેવા લાગ્યો કે એ તો હું. હરિ કંઇ બોલ્યો નહિ, પણ એના મનમાં શું હતું એ મારાથી છૂપું રહ્યું નહિ અને બિચારો શંકર! એક ખૂણે એ તો ફજેત થવાની રાહ જોતો ભરાઇ બેઠો હતો!

પંડ્યાસાહેબે આગળ ચલાવ્યું: "હવે આપણે એક પછી એક નિષ્ફળ શોધો વિષે વાત કરી લઇએ." આમ કહી એમણે કેટલાક વિદ્યાર્થીઓએ કરેલી શોધો કેવી સામાન્ય પ્રકારની હતી, પણ તેમનો પ્રયત્ન કેવો ઉત્તેજનપાત્ર હતો તે જણાવી કોઇને નિરાશ નહિ થવા પણ બેવડા બળથી અને ચીવટથી પ્રવૃત્તિ આગળ ચલાવવા સલાહ આપી.

એકાએક મારી આંખો ચમકી. મારું સમસ્ત શરીર ટટાર થઇ ગયું. સાહેબ હવે વિનુની શોધ વિષે બોલતા હતા!—"અને આ આપણા વિનાયકરાવ અહીંયાં આપણને બનાવવા આવ્યા છે. તેમણે દરિયાઈ પંખીનાં ઈંડાંની શોધ

કરી છે! ઉકરડાની મરઘીને એ ભાઈ દરિયાઇ પંખી કહે છે, અને મરઘીનાં ઇંડાં પર જાતજાતના રંગ ચડાવી ચાલાકીથી આપણને સૌને છેતરવાની હિંમત બતાવે છે! વિદ્યાર્થીમાં આટલી હદ સુધીની બીજાને છેતરવાની દાનત જોઈ મને ભારે અફસોસ થાય છે!"

મેં વિનુ સામે જોયું તો એણે અનેક આશાઓનો બાંધેલો કિલ્લો એકાએક એને જ છૂંદી નાખતો તૂટી પડ્યો હોય એમ એનું મોં સાવ લેવાઈ ગયું હતું. એણે આંખો બંધ કરી દીધી, અને ક્રોધમાં મૂઠીઓ વાળી એ ત્યાંનો ત્યાં ચોંટી રહ્યો. એકીસાથે સેંકડો આંખો એની સામે તે વખતે તાકી રહેલી મેં જોઈ. વિનુની આ ફજેતી જોઇ હું સ્તબ્ધ બની વિચાર કરું છું ત્યાં તો મારે કાને શબ્દો સંભળાયા: "હવે આ આપણા કાન્તિલાલ! પતંગિયું કોને કહેવાય તેનું પણ એમને ભાન નથી. પતંગિયાને બદલે દીવા આગળ ઊડતું ફૂદું પકડી લાવ્યા છે!" આખા હૉલમાં ખડખડાટ હાસ્ય ગાજી રહ્યું. હું મૂઢ બની ગયો. સાહેબ મારે વિષે આગળ શું બોલ્યા તે હું સાંભળી શક્યો નહિ. મને તે વખતે મારી પામરતા તરફ એટલી બધી ઘૃણા આવી કે ધરતી માગ આપે તો સમાઈ જાઉં એમ થયું.

ચોક્કસ શબ્દો યાદ રાખી શકું એટલો હું તે વખતે સાવધ નહોતો, પણ સાહેબે હરિપ્રસાદની શોધ વિષે એવું જ કંઇ જણાવેલું: "આ ભાઈએ પોતાની શોધને 'ખેતરાઉ કાલુ માછલી' નામ આપવામાં થાપ ખાધી છે. આ તો નદીમાં મળી આવતી સામાન્ય જોડછીપ છે. આવી બધી

ભૂલો, જો આગળથી આ શોધો મને બતાવવામાં આવી હોત તો નિવારી શકાત, પણ મને ચકિત કરી નાખવાનો મોહ એમને નડયો લાગે છે."

હવે શંકરનું નામ બોલાશે, એમ ધારી નીચું મોં રાખીને પણ અમે કાન સરવા કરી બેઠા રહ્યા. 'પુસ્તકિયો કીડો' ઉચ્ચાર થતાં જ જે હાસ્યનો ધોધ છૂટશે એમાં અમારી નામોશી તો ક્યાં યે ધોવાઈ જશે એવી અમે આશા રાખી હતી. પણ સાહેબે અમારી આટલી ટીકા કરી અને એ પુસ્તકિયા કીડા વિષે તો એ એક અક્ષરે બોલ્યા નહિ. હજી એ બોલતા નથી, એ જોઈ અમને એમના પર ઝાંઝ ચડી. એક પછી એક ઘણાં નામો બોલાઇ ગયાં. એકાએક સાહેબનો ચડતો જતો અવાજ કંઇ નરમ થયો. તેઓ બોલ્યા: "આ પ્રદર્શનમાં જે એક શોધને માટે હું હમણાં ઇનામની જાહેરાત કરવાનો છું તે એવી અદ્ભુત અને દુર્લભ છે કે મને એ વિદ્યાર્થી માટે ગર્વ થાય છે. એણે પ્રકૃતિવિદ્યાનો અઘરામાં અઘરો વિભાગ પસંદ કર્યો હતો, અને તેમાં તે સફળ થયો છે. તેના વિજય માટે હું તેને અભિનંદન આપું છું. અને આ સોનાની ચેનવાળું ઘડિયાળ તેને અર્પણ કરું છું." અમે સૌ ફાટી આંખે જોઈ રહ્યા.

"આમ આવ શંકર!" સાહેબને મોઢે આ શબ્દો બોલાતાં જ સૂકા ભાઠામાં ઓચિંતાના ધસી આવેલા પૂરમાં અમે બેહોશ બની તણાઈ ગયા હોઈએ એવી અમારી દશા થઇ. તાળીઓના ગડગડાટથી ઓરડો ગાજી રહ્યો. જાણે અમારાં માથાં સામે તાકીને સમરક્ષેત્રમાં હજારો સૈનિકો

એકીસાથે તોપના ગોળાઓ છોડતા હતા! ક્યાં સુધી એ ગડગડાટ ચાલ્યા કર્યો, એનું અમને ભાન રહ્યું નહિ. પણ એકાએક જ્યારે અમારી આંખો ઊઘડી ત્યારે જોયું તો વિદ્યાર્થીઓ શંકરને ખભા પર ઊંચકી સરઘસ કાઢવાની તૈયારીઓ કરતા હતા!

*

બીજે દહાડે શાળામાં શંકરે અમને કહ્યું: "મેં અગાઉ એક ચોપડીમાં કેટલાક દુર્લભ કીડાઓ વિષે વાંચેલું. તે પરથી તેવા કોઈ કીડાની શોધ કરવાના વિચારથી મેં તે વિભાગમાં નામ નોંધાવેલું. પછીથી તે વિષેનો પૂરેપૂરો અભ્યાસ કરવા હું સર્વસંગ્રહો ઉથલાવ્યા કરતો હતો. એમ કરતાં મને લાગ્યું કે અમુક જાતના કીડાની જો શોધ થઈ શકે તો જરૂર ઇનામ જીતી શકાય. એ જાતના કીડા જે જમીનમાં થાય છે તેવી જ જમીન આપણી શાળાના ચોગાનમાં છે એવી મેં પૂરી ખાતરી કરી લીધી હતી. પછી મેં ઘણા દિવસ સુધી કોદાળી પાવડો લઇને મહેનત કરી જોઇ પણ એવો કીડો મને જડ્યો નહિ હું છેક જ નિરાશ થઈ ગયો હતો, એવામાં વિનુએ મને 'પુસ્તકિયો કીડો' દેખાડ્યો. હું તરત ઓળખી ગયો કે આ જ પેલો દુર્લભ કીડો છે! એટલે વિનુએ તો મારી મજાક કરવા તે આપેલો, પણ મેં સાચેસાચ સમજીને તે લીધેલો. પછી વિનુએ બદલામાં રૂપિયો માગતાં મેં તેને તેવી જ રીતે બદલો આપ્યો! મરઘીનાં બે ઇંડાં મેં ચીતરી કાઢયાં, અને દૂરના એક ખેતરમાં સીમળા પર માળો બાંધી કાઢી એ ત્યાં

ગોઠવી દીધાં. મારી યુક્તિ વિનુ પારખી શક્યો નહિ, અને એની ફજેતી થઈ."

અમે બધા સ્તબ્ધ બની સાંભળી રહ્યા હતા. શંકરે પછી એક પત્તું ઉઠાવી અમને દેખાડી કહ્યું, "જુઓ, આ બાજુ 'પુસ્તકિયો કીડો' એવું લખી મેં છેવટ સુધી મારી મજાક થવા દીધી હતી, પણ એ પત્તાની પાછળ શું છે? પંડ્યાસાહેબ આવ્યા ત્યારે મેં આ પત્તું આમ ફેરવી નાખ્યું હતું." તેણે ફેરવેલું પત્તું અમારી સામે ધર્યું. મેં જોયું તો પેલા પોથામાં જે કીડાનું નામ તેણે મને બતાવેલું તે જ આમાં લખેલું હતું. બધા જ ક્ષ, જ્ઞ, ને ગ્ધ જાણે તેમાં વાપરી નાખ્યા હતા!

પછીની વાત પર પડદો જ નાખવો ઠીક છે. કારણકે શંકર ગયા પછી બીજી જ પળે એ ઓરડામાં ત્રણ વિદ્યાર્થીઓ વચ્ચે જે મયદાની જંગ મચી ગયો હતો તે તમને ન કહેવામાં જ મારાં માનમર્યાદા છે.

અમૃતપાન

એક રાજા હતો. આખો દિવસ એ પોતાનો સોનાનો ભારે મુગટ માથે મૂકી રાખતો. કારણકે એની રાણીએ એક વાર કહ્યું હતું કે તમે મુગટ ઉતારો છો ત્યારે જરા યે રાજા જેવા નથી લાગતા. કેવા લાગો છો એ રાણીએ નહોતું કહ્યું. પણ રાજાને ખાતરી થઈ ગઈ હતી કે રાજા જેવા દેખાવા માટે માથે મુગટ રાખવો જ જોઇએ. તેથી તે સૂવાના સમય સિવાય હમેશાં માથે મુગટ રાખતો જ.

એક દિવસ એ મહેલના ઝરૂખામાં બેઠો બેઠો હવા ખાતો હતો. માથે ભારે મુગટ હતો. એવામાં એની કુંવરી દોડતી આવી અને ખોળમાં એને બાઝી પડી. પણ બિચારીને રાજાનો ભારે મુગટ નાક પર વાગ્યો ! કુંવરીએ મુગટ ઉતારી આઘો મૂકી રાજાના માથાના વાળમાં આંગળાં વડે રમત કરવા માંડી. રાજાને પણ લાડકડી દીકરીની એ રમત ગમી, એટલે એણે મુગટ માથેથી ઉતર્યો તેનો અફસોસ કર્યો નહિ.



એકાએક કુંવરી આશ્ચર્ય પામી બોલી ઊઠી: 'ઓહ ! આ શું ?'

રાજાએ પૂછ્યું: 'શું છે ?'

કુંવરી હસીને બોલી: 'તમે કહો, શું હશે ? તમારા માથામાં કંઈક છે !'

રાજાએ કહ્યું: 'કીડીમકોડી તો માથામાં આવે ક્યાંથી ? સસલું હોય તો કોણ જાણે !'

કુંવરી બોલી: 'સસલું નથી, સિંહ નથી, કીડી નથી મકોડી નથી, જૂ નથી જનાવર નથી, જીવતું નથી, મરેલું નથી,—બોલો શું હશે ?' એમ કહી એ તો ગાવા મંડી: મંડી: 'રાજાના માથા પર અકલુંચકલું !'

રાજાએ અનેક વસ્તુઓનાં નામ કહ્યાં, પણ એકે ખરૂં પડયું નહિ. છેવટે થાકીને તે બોલ્યો: ‘ તું જ કહે. ’

હસીને કુંવરી બોલી: ‘તમારા માથા પર ધોળો વાળ !’

‘ હેં ? ધોળો વાળ ! ખોટી વાત ! હોય જ નહિ. હું ક્યાં ઘરડો થયો છું કે મારે માથે ધોળો વાળ આવે ?’

કુંવરી બોલી: ‘ ઘરડા થયા છો કે નથી થયા એની મને ખબર નથી, પણ ધોળો વાળ તો છે. લ્યો જુઓ.’ કહી કુંવરીએ ધોળો વાળ તોડી રાજાના હાથમાં મૂક્યો.

એ જોઇ રાજા મનમાં ગણગણ્યો: ‘ મારે ઘરડા નથી થવું ! હું ઘરડો નથી થયો, નથી થવાનો. મારા માથામાં ધોળો વાળ શા માટે ? ’

એ એકદમ વિચારમાં પડી ગયો. કુંવરીને એણે આઘી ખસેડી દીધી. ‘ રાજાના માથા પર અકલુંચકલું ’ ગાતી ગાતી એ તો આ સમાચાર એની માને કહેવા દોડી ગઈ. રાજા ફરી મુગટ માથે મૂકી વિચારમાં પડયો.

થોડી વારે એણે એકદમ બૂમ પાડી: ‘ કોઇ હાજર છે કે ? જા, વજીરને બોલાવી લાવ.’

વજીર આવ્યો. રાજાએ તેને કહ્યું: ‘ ભારે આફત ! ભારે આફત ! હું આજે અધમૂઓ થઇ ગયો છું.’

‘ શાથી ? કોઇ ઘા તો નથી લાગ્યો.’

‘ ઘા જ લાગ્યો છે ! માથામાં લાગ્યો છે ! ’

'હેં ! ઘા ? માથામાં ? તલવારનો તો નથી ને ?'

'ના, તલવારનો નથી; વાળનો છે.'

'વાળનો ?' વજીર મુંઝાયો: 'મહારાજ, મને કંઇ સમજાતું નથી !'

'ઊંહ ! આવા જાનવરને તે કોણે વજીર બનાવ્યો ? ધોળો વા....ળ ! મારા માથામાંથી ધોળો વાળ નીકળ્યો !'

હવે વજીરમાં કંઇક અક્કલ આવી. તે બોલ્યો: 'આપના માથામાંથી ધોળો વાળ નીકળ્યો—એમ ને ? ઓહો ! તો એમાં શું ? માથામાંથી વાળ ન નીકળે તો શું માકણ નીકળે ? મહારાજ, આપ તો સમજુ છો. આ મારા માથા—' બોલતાં બોલતાં વજીરે માથું ખુલ્લું કર્યું. પણ રાજા વચમાં જ બોલ્યો, 'તારા માથા પર તો ખાસ્સી ટાલ છે ! શું દેખાડે છે !'

'મહારાજ, એક વખત આ માથા પર—'

'બસ કર, તારૂં જીવનચરિત્ર મારે નથી સાંભળવું. મારે શું કરવું તે કહે. મારે ધોળા વાળ નથી જોઈતા, મારે ઘરડા નથી થવું, મારે હંમેશાં જુવાન ને જુવાન રહેવું છે.'

'ઠીક, તો હું આપણા પંડિતોને પૂછી જવાબ દઇશ.' કહી વજીર ઘેર ગયો.

પંડિતોએ શાસ્ત્રોનાં પોથાં ફીંડી ફાડી છેવટે જાહેર કર્યું કે દેવોએ અમૃત નામનું એક પ્રવાહી પીધું છે તેથી તેઓ હમેશાં જુવાન રહે છે. એવી અમૃતની કૂપીઓ કેટલાક રાક્ષસો અને રાજકુંવરો પાસે હતી એવું અમારી ડોશીમાઓની વાર્તાઓમાં આવે છે. એવી જો કોઇ કૂપી હાથ લાગી જાય તો રાજા કદી ઘરડો થાય જ નહિ.'

રાજાએ એ કૂપી લઈ આવવા નોકરોને હુકમ કર્યો. સંખ્યાબંધ નોકરો કૂપી ખોળવા માટે ધનની કોથળીઓ લઇને નીકળી પડ્યા. પણ કોઈ પાછા આવતા દેખાયા નહિ.

છેવટે થાકી, રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે જે કૂપી લઈ આવશે તેને ચોથા ભાગનું રાજ આપવામાં આવશે. આ વખતે પણ ઘણા માણસો કૂપી શોધવા નીકળી પડયા, કોઈ શોધીને પણ આવ્યું નહિ !

ઘણે દહાડે એક યુવાને દરબારમાં આવી અવાજ કર્યો: 'મહારાજ ! અમૃતની કૂપી ક્યાં છે તે હું જાણું છું— ચોખૂંટ ધરતી પર હું જ એકલો એ જાણું છું.'

'તો લઈ આવ, જા' રાજાએ હુકમ કર્યો.

'પણ મહારાજ ! ચોથિયું રાજ એ તે કંઇ રાજ કહેવાય ? ચોથિયું રોટલો તો કૂતરાં પણ નથી ખાતાં—'

'તો અરધું લેજે, જા !' રાજાએ ઝટ જવાબ દીધો.

'બસ, અરધું જ!' યુવકે હસીને કહ્યું: 'મહારાજ! આપની ઇચ્છા વિરુદ્ધ મારાથી શું કહેવાય—પણ હું તો એમ કહેતો હતો કે રાજકુંવરીને મારી વેરે પરણાવવાનું વચન આપો.'

'પણ કુંવરી ના કહેશે તો?'

'એ મારે માથે.'

'તો કબૂલ.' રાજાએ કહ્યું.

પંદવાડિયા પછી પેલો યુવક હાથમાં એક સુંદર ચાંદીનો કૂજો લઇને આવી પહોંચ્યો. રાજાએ પૂછયું: 'લાવ્યો, અમૃતકૂપી?'

'હા. મહારાજ!'

'તો લાવ, પી જાઉં.' રાજાએ ઉતાવળ દેખાડી.

'સબૂર મહારાજ, થોડું કહેવાનું છે.'

'શું? કહે, ઝટ કહે.'

યુવકે કહ્યું: 'આ અમૃત પીવાથી આપ અમર થઈ જશો. પછી આપને કોઇ મારી શકશે નહિ, આપને કદી ઘડપણ નહિ આવે, આપના માથાના વાળ કદી ધોળા નહિ નહિ થાય, આપ કદી માંદા નહિ પડો; પણ એક—એક ચીજથી આપે બીવાનું છે.'

'કઈ ચીજ?'

'અકસ્માત ! અકસ્માત સિવાય બીજી એકે વસ્તુથી આપે ડરવાનું નથી. એ સિવાય બીજું કોઇ—પશુ, પક્ષી, માણસ, અગ્નિ, જળ, આકાશ, વાયુ, પૃથ્વી—કોઈ આપને કશું કરી શકે તેમ નથી. એક માત્ર અકસ્માત સિવાય આપ કદી મરવાના નથી.'

'બસ, એ જ ને ? છટ્ ! હું એથી ડરતો નથી. લાવ, હવે પી જાઉં.'

યુવકે કૂજો રાજાના હાથમાં આપ્યો. રાજા ભરી સભામાં તે ગટગટાવી ગયો.

યુવકે કહ્યું: 'મહારાજ ! મારૂં ઇનામ ?'

રાજાએ ગળું ફુલાવી હસીને કહ્યું: 'ઈનામ ? હં, ઈનામ ! બરાબર છે, ઈનામ માગવાનો તારો હક છે. પણ જો ભાઈ, વાત એમ છે કે, હમણાં રાજના ભાગલા પડી જાય તો રાજ્યની બહુ કફોડી દશા થાય. એટલે મારા મરણ પછી અરધું રાજ તું લઇ લેજે.'

'અને કુંવરી ?'

'તું અત્યારે ગરીબ હાલતમાં છે. તારે ઘેર મારી કુંવરી શું ખાશે પીશે ? માટે તારા હાથમાં રાજ્ય આવે—તું રાજા બને ત્યારે કુંવરી માગવા આવજે.'

આખી કચેરી હસી પડી. યુવક ગુસ્સામાં ને ગુસ્સામાં ત્યાંથી જતો રહ્યો.

રાજાનો હરખ તો માતો નથી. એણે સીધા મહેલમાં જઈને રાણીને ને રાજકુંવરીને અમૃતપાનની વાત કરી. રાણી ક્રોધ કરી બોલી: ' મને મૂકીને એકલાં અમૃત પીધું ! તમે જુવાન રહો અને હું બુઢ્ઢી થાઉં, કેમ ? તમે જરા યે રાજા જેવા નથી લાગતા ! '

રાજાને બહુ ખરાબ લાગ્યું. તે તરત જ ઘોડાગાડીમાં બેસી નદીકાંઠે ફરવા નીકળી પડયો. રસ્તે જતાં એક પથ્થર પર પૈડું ચડી જતાં ગાડી જોરથી પછડાઇ—જબ્બર આંચકો લાગ્યો.

' અકસ્માત ! ' ગાડીવાળો બોલી ઊઠયો. ' અકસ્માત ' શબ્દ સાંભળતાં જ રાજાના હોશ ઊડી ગયા. પેલું મરણ તો આવત ત્યારે આવત, પણ અકસ્માત તો હમણાં જ આવીને ઊભો !

એ વખતે તો એ બચી ગયો, પણ એના દિલમાંથી ધ્રાસકો ઓછો થયો નહિ.

એણે ગાડીમાં ફરવા જવાનું બંધ કર્યું; પગે ચાલીને જ નીકળી પડયો. નદીના ભાઠામાં એક દેડકાને કૂદકા ભરતો જોઈ રાજાને એકાએક એ ચાલ શીખવાનું મન થઇ આવ્યું હો કે ગમે તેમ, પણ ઓચિંતાની એક ઠેસ વાગતાં એણે ત્રણચાર ઠેકડા ભરી લીધા. જમણા પગના અંગુઠાનો નખ જરા ચીરાયો. થોડુંક લોહી દેખાયું. અકસ્માત !

વળી પાછો અકસ્માત ?

રાજા સીધો મહેલમાં આવી પોતાના ખંડમાં સૂઈ ગયો. આંખો મળવા આવી ન આવી ત્યાં કુંવરીએ જોરથી બારણું ઉઘાડી અંદર પ્રવેશ કર્યો. ભડકીને રાજા ઊંઘમાંથી જાગી ઊઠયો. તેને લાગ્યું, જાણે આખું મકાન તેની ઉપર ઢગલો થઈ તૂટી પડે છે !

'અકસ્માત !' એ ચીસ પાડી ઊઠયો.

આ અકસ્માતની અસરથી એ સ્વસ્થ થયો, ને બાજુના ખંડમાં હાથમોં ધોઈ તે લૂછતો લૂછતો પાછો આવતો હતો, ત્યાં આરસની ફરસબંદી પર ભીનો પગ લપસ્યો— રાજા ચતોપાટ થઇ પડયો. હાય અકસ્માત !

રાજાને લાગ્યું કે આ અકસ્માત નક્કી મારી પાછળ પડયો છે. એનો કાંઇ ઉપાય કરવો જ જોઇએ. છેવટે એણે પેલા યુવકને બોલાવ્યો.

'મારે તો ભાઈ, અમર નથી થવું. આ અકસ્માત મારી પાછળ પડયો છે. એવું હવે કંઇ છે જે પીધાથી પાછો હું હતો તેવો થઇ જાઉં ?'

યુવક બોલ્યો: 'હા, છે—અને મને એકલાને જ એની ખબર છે.'

'તો જા, લઈ આવ.'

'મારૂં ઈનામ ?'

'ઓહ ! અરધું રાજ અને રાજકુંવરી ને ?'

'એ તો પહેલાં પણ તમે કહેલું. પછી આપ્યું કર્યું કંઇ નહિ ! માટે હવે તો પહેલાં આપો, પછી વાત.'

રાજાએ મુગટ ઉતારી એના માથા પર મૂકી દીધો. તત્કાલ કુંવરીને બોલાવી લગ્નની સંમતિ લઈ લીધી.

પછી રાજાએ કહ્યું: 'હવે પેલું જાદુઇ જળ ?'

યુવક રાજાનો હાથ પકડી તેને પાણિયારા આગળ લઇ ગયો. પછી પાણીની ગોળી દેખાડી બોલ્યો: 'આમાંથી એક પ્યાલું પાણી પી જાઓ ! એકજ, વધારે નહિ !'

"શું ?" રાજાએ ગુસ્સે થઇ કહ્યું: 'આ તો સામાન્ય જળ છે !'

'સામાન્ય નથી, અસામાન્ય છે. પીતાં ને પીવડાવતાં આવડવું જોઈએ. પેલું અમૃતપાન કરેલું, એ પણ આ જ જળ હતું, આ જ ગોળીનું જળ હતું. ન માનતા હો તો પૂછો રાણીમાને, પૂછો તમારી કુંવરીને !'

'હેં ?' રાજાએ જીભ કાઢી કહ્યું: 'સાદું જળ! અને રાણી પણ જાણે છે !'

આ નવું જ્ઞાન થતાં, રાજા ખૂબ હસ્યો, ખૂબ હસ્યો. રાણી એ જોઇ બોલી: 'હવે તમે રાજા જેવા લાગો છો !'

દીપડો

૧

ગોપાળના પિતા મુંબઈમાં એક ફ્રેન્ચ શેઠને ત્યાં નોકરી કરતા હતા. શેઠનું નામ હતું વિકટર સાહેબ. ગોપાળનો જન્મ પણ મુંબઈમાં જ થયેલો.

ગોપાલ બારતેર વરસનો થયો એટલામાં એના પિતા સખત માંદા પડ્યા. બહુબહુ દવાઓ કરી પણ કંઇ વળ્યું નહિ. પિતાના મૃત્યુથી ગોપાળ નબાપો થઇ ગયો.

ગોપાળની મા એને નાનો મૂકીને મરી ગઈ હતી. માનું વહાલ તો એણે જોયેલું પણ નહિ. એટલે આવી નાની ઉંમરે માતાપિતા વગરનો થઇ જવાથી એને ખૂબ લાગી આવ્યું.

અમદાવાદમાં એના કાકા રહેતા હતા. ગોપાલે તેમને કાગળ લખ્યો. કાકાએ લખ્યું, હવે તુ અહીં આવી રહે; કોઈ વાતે મૂંઝાઈશ નહિ.

ગોપાળે સાહેબની રજા લીધી. સાહેએ એને મુંબઈમાં

જ રહેવા બહુ આગ્રહ કર્યો. પોતે એને પોતાની સાથે વિલાયત લઈ જવાનું પણ કહ્યું, પણ ગોપાળ પોતાનાં સગાંસંબંધીઓને કદી મળ્યો નહોતો. એને મન એવું હતું કે હું મારાં કાકાકાકીને મળીશ એટલે મને જાણે મારાં માતાપિતા મળ્યાં !

સાહેબે એને રજા આપી. તેઓ ગાડી પર એને મૂકવા ગયા.

ગોપાળ પાસે એક નાનો પણ સુંદર કૂતરો હતો. ગોપાળ જ્યાં જાય ત્યાં એ એની સાથે જાય. નાનું ગલૂડિયું હતું ત્યારથી ગોપાળે એને પાસે રાખેલું, એનું નામ એણે દીપડો પાડયું હતું.

ગોપાળ ગાડીમાં બેઠો એટલે દીપડો પણ છલંગ મારી એની પાસે બેસી ગયો.

પણ ગાડીના કાયદા જુદા છે. માણસને જનાવરની પેઠે ગાડીમાં પૂરવામાં વાંધો નહિ, પણ જનાવરને તો જનાવરની રીતે જ રાખવું જોઈએ.

ગાડીનો નોકર આવી દીપડાને ખેંચી ગયો. ગોપાળે બહુએ કહ્યું, પણ કાયદો એ કાયદો. દીપડાને જુદા ડબ્બામાં પૂરવા લઈ જવામાં આવ્યો.

દીપડાને પણ બહુ દુઃખ થતું હશે એમ એની આંખો પરથી લાગતું હતું. નોકર એને ખેંચીને લઈ ગયો અને એક ડબ્બામાં ધકેલી દઇ, બારણું બંધ કરી ચાવી લગાવી દીધી. ગાડી ઊપડી.

વિક્ટર સાહેબે રૂમાલ ફરકાવ્યો. ગોપાળે વિદાય લીધી.

૨

ડબ્બામાં દીપડો કૂદાકૂદ કરી કરી થાક્યો. બારણાને ખૂબ ખેંચી જોયું, પણ શું થાય?

થાકીને એ હેઠો બેઠો. એટલામાં આમતેમ નજર કરતાં કંઇક જોઇને એની આંખ ચમકી. હવા આવવા માટેનાં જાળિયાં હતાં તેને એ કૂદીને ચોંટી પડ્યો.

બીજા દિવસની સવાર થઈ. 'અમદાવાદ!' 'અમદાવાદ!' ની બૂમો સાંભળી દીપડાના કાન ખડા થઇ ગયા. બારણું ક્યારે ઊઘડે એની રાહ જોતો એ ટાંપીને બેઠો.

બારણું ઊઘડ્યું કે તરત જ છલંગ મારી એ ગોપાળને વળગી પડ્યો. ગોપાળે એને પંપાળ્યો. એની પીઠ થાબડી. પછી ગાડી કરી એને સાથે લઈ લીધો.

ગાડી ચાલી. દીપડો ગોપાળના પગ આગળ બેઠો હતો. એનું માથું ગોપાળના ખોળામાં હતું. ગોપાળનો હાથ હળવેહળવે એના માથા પર ફરતો હતો.

કાકાનું ઘર આવ્યું. ગાડી ઊભી રહી. ગોપાળ ઊતર્યો. કાકી સામાં લેવા આવ્યાં.

"કોણ, ગોપાળ?"

ગોપાળ અગાઉ બે વર્ષ પહેલાં એના પિતા સાથે

દીપડાને લઈને અમદાવાદ આવેલો હતો, તેથી એની કાકીને એ ઓળખતો હતો. તેણે જવાબ દીધો: "હા."

"આ કૂતરો વળી સાથે લાવ્યો છે?"

"હાસ્તો. એના વગર કેમ ગમે?"

'કેમ ગમે?' કાકીના વિસ્મયનો પાર ન રહ્યો.

"પણ જો ભાઈ, આ ઠાકોરજીની સેવાનું ઘર છે. અહીં કૂતરાં આવી સેવા અભડાવે એ નહિ ચાલે. એને હાંકી કાઢ."

ગોપાળ ચમક્યો: "હાંકી ક્યાં કાઢું? મારા સિવાય કોઈના હાથનું એ ખાતો નથી. મરી જ જાય."

"મરી શેણે જાય છે, લાકડે? કૂતરાં તો કાંઈ એક છે! એને વળી ખવડાવવાનાં ને એવાં લાડ શાં? જે મળે તે ખાઈને જીવે. આટલાં બધાંને કોણ ખવડાવવા જાય છે?"

"પણ કાકી, આ તો મારો પાળેલો દીપડો છે; મારો દોસ્ત છે. એના વગર તો મને ગમતું નથી."

"તો ભાઈ, તું જાણે. હું તો મારે કહી છૂટી. મારે ઠાકોરજીની સેવાનું ઘર રહ્યું. હું તો તારા કૂતરાને અડવાની નથી. પછી તું જાણે!"

ગોપાળને ઘરમાં નીચે એક ઓરડી જુદી કાઢી અપાઈ. ગોપાળ ને એનો દીપડો બેઉ એમાં રહે.

ગોપાળને સખત હુકમ થઇ ગયો, કે દીપડાને એણે સાંકળે બાંધી રાખવો, અને ક્યાં ય છૂટો મૂકવો નહિ.

સાંજે કાકા ઓફિસેથી આવ્યા. તેમણે દીપડાની વાત જાણી. તે હસીને કહે: "ગોપાળ, સાહેબ ભેગો રહી તું પણ સાહેબું કરતાં શીખ્યો ! કૂતરાનું નામ તો ઠીક પાડ્યું છે હોં."

નીલકંઠ ગોપાળના કાકાનો દીકરો હતો. એના જેવડી જ ઉંમરનો હતો. થોડા જ વખતમાં ગોપાળ અને નીલકંઠની દોસ્તી જામી ગઈ.

નીલકંઠને પ્રાણીઓનો બહુ શોખ હતો. પાડોશીને ઘેર એક સફેદ બિલાડી હતી. નીલકંઠ ઘણીવાર એને રમાડવા લઈ આવતો. મેજ પર બેસાડી દૂધ પાતો, અને લાકડી ઊંચીનીચી કરી એને પગ ઊંચોનીચો કરવાનો હુકમ આપતો. પહેલાં એક વખત એણે એક ખિસકોલી પાળી હતી. એક દહાડો એ અગાશીમાં એને દાણા ખવડાવતો હતો, એવામાં એને ઓચિંતા નીચે જવું પડ્યું, એટલામાં બાજ આવી ખિસકોલીને ઝડપી ગયો. આથી એને એવું લાગી આવેલું કે બે દિવસ સુધી એને ખાવાનું પણ ભાવ્યું નહોતું.

ત્યારપછી એનો શોખ કંઈક શમી નહિ પણ દબાઇ ગયો હતો. એની માની એને બીક પણ લાગતી હતી. હવે એને ગોપાળ મળી ગયો.

બંને જણ દીપડાને લઈ સાથે ગામમાં ફરવા જાય, બાગબગીચાઓમાં ફરે, નદીકિનારે ફરે, પુલ પર હવા ખાવા બેસે. મિત્રોને ત્યાં જાય તોપણ સાથે દીપડો તો ખરો જ. માસ્તરને ભણાવતાં ન આવડતું હોય તેથી, કે કૂતરાની ગંધ તેમનાથી ન જીરવાતી હોય તેથી, પણ નીલકંઠ દીપડાને નિશાળે સાથે લઇ ગયો, ત્યારે માસ્તરે એને દરવાજામાં પેસવા જ ન દીધો. નીલકંઠને તેથી અપમાન જેવું લાગ્યું. એ આખો દિવસ એણે નિશાળમાં પગ સુદ્ધાં દીધો નહિ, અને દીપડાની સાથે રમ્યા કર્યું.

૩

ગોપાળ ને નીલકંઠનાં ફોઈ નડિયાદથી પોતાના દીકરા શંભુને લઈ થોડાક દિવસથી આવ્યાં હતાં.

એક દહાડો ફોઈ કૂવેથી સ્નાન કરી, કપડું બદલી, માથે તાંબાનો ઘડો લઇ, સર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરતાં કરતાં આવતાં હતાં. નીચે ઓરડાબહાર ઓસરી આગળ બેઠોબેઠો નીલકંઠ કવિતા ગોખતો હતો:

'તે પંખીની....ઉપર પથરો....ફેંકતાં....ફેંકી દી....ધો.'

દીપડાની સાંકળ નીલકંઠના હાથમાંથી ક્યારે છૂટી ગઈ હતી તેની તેને ખબર નહોતી. દીપડો ઓસરી આગળ છૂટી સાંકળે ફરતો હતો.

ઓસરી આગળ થઇને ફોઈને જવાનું હતું. તેમણે

બૂમ પાડી: "અલ્યા નીલા, રાગડા તાણવા બેઠો છે તે આ કૂતરાને સીધો રાખને!"

નીલકંઠે ઊંચું જોયું. સાંકળ પકડવા એ ઊઠ્યો, પણ દીપડાને આજે જરા છૂટા ફરવાનું મન થયેલું કે શું, એણે જાણે શરત માંડી.

ફોઇને માથે બેડું હતું. મુખે સર્વોત્તમનો જાપ હતો. એમણે ફરીથી બૂમ પાડી: "હવે ક્યાં લગી દોડદોડ કરવી છે? ઝાલી લેને તારા હગલાને."

ગોપાલ ઓરડામાં બેઠોબેઠો વાંચતો હતો.

નીલકંઠને કોઈ આવી રીતે બોલે એ એનાથી નહોતું ખમાતું. એ અંદરથી બોલી ઊઠ્યો: "ફોઇબા, આવું શું બોલો છો?"

ફોઈ ચચડી ઊઠ્યાં: "કેવું બોલીએ છીએ ભાઈ? તારી પેઠે ખાઇને ખોદતા તો નથી ને! નવાઇનો કૂતરો લઇને આવ્યો છે તે બીજાંની સેવા અભડાવા?"

ગોપાળને જેવું નીલકંઠ માટે, તેવું નીલકંઠને ગોપાળ માટે. તેણે દૂરથી જવાબ દીધો: "હા, હા; સેવા અભડાવા, સેવા અભડાવા. છૂઉઉ....દીપડા!"

નીલકંઠે દીપડો ફોઈ તરફ છોડી મેલ્યો. ગોપાળ 'ના', 'ના' કરતો ઊભો થઈ ગયો. પણ તે પહેલાં તો દીપડાએ ફોઇના સાડલાને બચકું ભરી લીધું.

ફોઈનો પિત્તો ઊછળી પડ્યો. દીપડાને સજા કરવા તેમણે

ધબ કરતું માથેથી બેડું પછાડ્યું. દીપડો સરકી ગયો. બેડું ભોંય પડ્યું ને રોટલો વળી ગયું.

આથી તો ફોઈનો ક્રોધ હાથમાં ન રહ્યો. એમણે બૂમો પાડીપાડી આખું ઘર ભેગું કર્યું અને એટલું બસ ન હોય તેમ બેડું કેવું કીમતી હતું; પાંચપાંચ વાર કૂવામાં પડી ગયેલું છતાં કેવું સાબૂત અને નકુંનકોર હતું, તેમાં ભરેલું પાણી કેવું ઠંડું રહેતું, વરસ દહાડા પહેલાં જાત્રાએ ગયેલાં ત્યારે કાશીથી એ લીધેલું, ને રોજ દેવ-સેવામાં એ બેડાનું જળ વપરાતું—એવાં બધાં બેડાનાં ગુણ-ગાન ગાઈ એમણે આખી શેરીનાં લોક ભેગાં કર્યાં.

નીલકંઠે કૂતરાને ઉશ્કેરી બધું છોવડાવ્યું, પોતે ક્રોધમાં બેડું પછાડી ફોડી નાખ્યું, એ વાત તો ઊડી જ ગઇ. પણ ગોપાળ મોટો સાહેબનો દીકરો થઈને આવ્યો છે, તે ભાઇસાહેબ સાથે કૂતરો લઈને આવ્યા છે—ત્યાંથી બધો આરોપ શરૂ થયો અને ત્યાં જ કેન્દ્રિત થયો.

નીલકંઠ તો બેડું પડતાં જ ક્યાંય ભાગી ગયો હતો. ગોપાળ ગુનેગારની જેમ ઊભો હતો. દીપડો એની પાસે ઊભો હતો.

કાકીને તો મૂળથી કૂતરો ગમતો જ નહોતો. આપણે શાહુકારલોકને ઘેર વળી કૂતરા કેવા, એ એમના બોલવાનો સાર હતો. એમણે તરત જ શંભુને હુકમ કરી દીધો: “ મારીને હાંકી કાઢ એ કૂતરાને. ”

શંભુ શૂરવીર હતો. વડીલોની આવી આજ્ઞા પાળવામાં પાછો પડે એવો બીકણ એ કદાપિ નહોતો. દોડતો જઈને તે લાઠી લઇ આવ્યો.

દીપડો ગોપાળની પાછળ બેઠો હતો. આજ પહેલાં કદી તેણે આવો મામલો ને આવી બોલચાલ જોયેલાં નહિ, તેથી તે સડક થઈ ગયો લાગતો હતો.

શંભુ લાઠી લઈને આવ્યો, એ જોઈ ગોપાળે તરત જ દીપડાને હુકમ કર્યો: "ચાલ નીકળ, માર ખાઈ લે, નહિ તો તારા વતી હું માર ખાઉં છું."

દીપડો ગોપાળની આંખ સામે તાકીને પળવાર જોઈ રહ્યો. પછી ઉંમરા આગળ આવી ગુનો કબૂલ કરતો હોય તેમ આગલા પગ ઊંચા કરી વાળીને ઊભો.

શંભુએ આઘુંપાછું જોયા વગર દેવા માંડી. દીપડો લાઠી પડતી જાય તેમતેમ ગોપાળ સામે જોતો જાય.

"બસ!" ગોપાળે બૂમ પાડી. દીપડો આવી ગોપાળના ખોળામાં ભરાયો. ગોપાળે એના ડિલપર હાથ ફેરવવા માંડ્યો.

કાકી તો આ જોઈ આભાં થઈ ગયાં. તેમણે શંભુને પાછો જવા કહ્યું અને પોતે પણ બોલતાં બબડતાં ચાલી ગયાં: "તું ને નંલકંઠો બેઉ સરકસમાં જાઓ સરકસમાં; શાહુકાર આદમીને વળી આ શા ચાળા!"

૪

રાતે કાકાએ બધી વાત સાંભળી, ત્યારે તેઓ માત્ર હસ્યા.

કાકીએ કહ્યું: “ એમ હસી વાળો છો એટલે જ છોકરાં માથે ચઢતાં જાય છે. ઘરમાં આ કૂતરાના વળી શા ચાળા ! ”

કાકા કહે: “ પણ હું ક્યાં કૂતરો લાવ્યો છું ! છોકરાં છે, રમે છે, એમાં શું ખોટું છે ? ”

“ પણ કોક દહાડો ઘરમાં હત્યા કરશે તો ? ” કાકીએ કહ્યું. “ ઘરમાં દેવસેવા રહી. હજાર બિલાડીઓ આવે ને હજાર જાય કૂતરાની જાત, એને કંઈ અકકલ હોય છે ! હત્યા કરી બેસે તો સાતવાર ગંગાજળે નાહું તોય—”

કાકી વાકચ પૂરું કરત પણ કાકાને મંદમંદ હસતા જોઈ એમને બોલવામાં રસ ન પડયો. કાકી બોલતાં બંધ થઈ ગયાં એટલે કાકા ચમકયા.

“ હાં, હાં, શું કહેતી હતી, કહે ! ” કાકાએ કહ્યું.

“ તમારે ક્યાં સાંભળવું છે તે કહું ? ” એમ બોલી કાકીએ પાછું શરૂ કર્યું. “ એમ કહું છું, કે ઘરમાં કૂતરો કંઈ હત્યા કરી બેસે, તો મારે તો દેવસેવા રહી—કંઈ સમજાય છે ? ”

“ એ તો પાળેલો કૂતરો છે. જોને, કેવો કહ્યાગરો છે ! ” કાકાએ કહ્યું.

“ પણ કંઈ સ્વભાવ જાય ? ઘરમાં બિલાડો દેખે ને કંઇ કરી બેસે—એનું કંઈ લેખું નહિ. ”

“ ઠીક, હું કહીશ. ”

કાકા પાસેથી આથી સારો ઉત્તર કાકી કદી મેળવી શકયાં નહોતાં. એટલાથી સંતોષ માનીને તે ચાલી ગયાં. પણ મનમાં તો ખાતરી જ હતી કે કાકા કંઈ જ કહેવાના નથી.

બીજે દિવસ ઓસરીમાં થઈને શંભુ જતો હતો, એને જોઈ દીપડો એકદમ હૂ ઉ ઉ કરતો કૂદ્યો. શંભુએ ચીસ પાડી. દીપડો શંભુને ચોંટી પડે તે પહેલાં ગોપાળનો હુકમ સંભળાયોઃ "બસ કર, દીપડા, અહીં આવ."

દીપડો ગોપાળ પાસે પહોંચી ગયો. નીલકંઠ કહેઃ "ગોપાળ, તું તો સાવ બાઘો છે. જરા ફફડાવવા દેવો હતોને! બિચારાને કાલે ઓછો માર પડયો છે!"

દીપડો આવીને જાણે કંઈ જ બન્યું ન હોય તેમ ગોપાળના પગ આગળ બેસી ગયો. રહીરહીને તે ગોપાળ સામે જોતો હતો—જાણે એમ કહેતો હોય કે મારે સદાકાળ શું આમ મૂંગામૂંગા માર ખાઈ રહેવું?

૫

નીલકંઠ ને ગોપાળ નિશાળે જતા, ત્યારે દીપડાને બહાર ચોગાનમાં ઝાડે બાંધીને જતા.

સાંજે નિશાળેથી પાછા આવતાં બેઉ જણ જુએ છે, તો શંભુ કેટલાંક છોકરાંને ભેગાં કરી દીપડા પર પથરા ને કાંકરા ફેંકી મારો ચલાવતો હતો. દીપડો બિચારો બંધાયેલો હતો, એટલે એનું કંઈ ચાલે એવું નહોતું.

"ઊભો રહે શંભુડા !" નીલકંઠ દૂરથી દફતર લઈ ને દોડયો. શંભુ ઘરમાં ભરાઈ ગયો.

નીલકંઠ કહે: "ભાઇ, આ રીતે આપણે દીપડાને મારી નથી નાખવો. સાંકળ પણ એટલી ટૂંકી છે કે બિચારાથી આઘુંપાછું પણ થવાતું નથી."

બીજે દિવસે જરા લાંબી સાંકળ બાંધી, ગોપાળે એને ખૂબ પંપાળી દિલાસો આપ્યો. જતાંજતાં નીલકંઠે દીપડાનું માથું થાબડી કહ્યું: "દોસ્ત, આજે જો શંભુડો વિતાડે તો કાલથી તને છૂટો મૂકી દઈશ."

સાંજે બંને જણ નિશાળેથી ઘેર આવ્યા. દીપડો તેમનો તેમ બંધાયેલો હતો. આજે એને કોઇએ હેરાન કર્યો લાગતો નહોતો.

ઘરમાં જઇને ઊભા, ત્યાં તો તેમને આવેલા જોઇ મેડા પર બૂમાબૂમ થઈ રહી. "નવાઈનો કૂતરો લાવ્યો છે તે પારકાં છોકરાંનો જીવ લેવા, કેમ ? મારા ભાઈને આવવા દે ને, આજે એનો ઘાટ ઘડાવું છું."

દીપડાએ કંઇક નવાજૂની કરી છે, એવું બંને સમજી ગયા. પણ એ શી રીતે બન્યું તે કોઈથી સમજાયું નહિ. દીપડો તો હતો તેમ ને તેમ ઝાડે બાંધેલો છે. એમના વગર એને છોડવાની તો કોઇની હિંમત ચાલે નહિ, ત્યારે આવું બન્યું શી રીતે ?

"પીટ્યાનો કૂતરો પણ એના જેવો લુચ્ચો છે. ડાહ્યો-ડમરો થઈને ઝાડ નીચે પડી રહ્યો, ને શંભુ પાસે જવા

ગયો એટલે ફૂંફાડી ખાધો. સાંકળે આજ તો કેવી લાંબી બાંધી છે! બધાં એનાં જ કારસ્તાન છે!"

નીલકંઠને આ દીપડાનું પરાક્રમ સાંભળી હસવું આવ્યું. ગોપાળને શરમાવા જેવું લાગ્યું. બંને નીચે ઊતરી ગયા. ગોપાળ આજે દીપડાને રમાડવા પણ ગયો નહિ. નીલકંઠ સીધો દીપડાને અભિનંદન આપવા પહોંચી ગયો.

૬

નીલકંઠ એના એક સગાને ત્યાં થોડાક દિવસ જઈ આવવા ખંભાત ગયો હતો. એક તો ગોપાળનું શરીર સારું નહોતું રહેતું, અને વધારામાં દીપડાને સાથે લઈ જવો પરવડે તેવું નહોતું, અને પાછળ રાખી જવાનું પણ પાલવે તેવું નહોતું, તેથી ગોપાળ કાકીને ત્યાં જ રહ્યો.

જતાંજતાં નીલકંઠ ઘરમાં કાકીને, ફોઈને, શંભુને, સૌને કહેતો ગયો: " હું ચાર દિવસમાં આવું છું. જો મારા દીપડાને કોઇએ સતાવ્યો છે તો યાદ રાખજો."

ગોપાળ આખો દહાડો દીપડાને લઈ પોતાની ખોલીમાં પડ્યો રહેતો.

ફોઈએ આવ્યા પછી થોડા દિવસમાં રસોડું સંભાળી લીધું હતું થોડા જ વખતમાં તેમને સમજાઈ ગયું, કે આવો ખોટો ખરચો વસ્તારીના ઘરમાં પાલવે નહિ. દરરોજ બે ટંક દીપડા માટે જુદો ભાગ કાઢવામાં આવતો હતો,

તે શેરીના દશ કૂતરા ધરાઈને જમે તે કરતાં પણ વધારે હતો, એ ચોખ્ખી દીવા જેવી વાત આજ સુધી કેમ કાકીના સમજવામાં ન આવી, તેની એમને નવાઈ લાગી. પણ પારકે ઘેર તો પોતે આવો ઘસારો ચલાવી લઇ શકે નહિ, એવું એમણે કાકીને સાફ કહી દીધું.

પરિણામે દીપડાના ભાગમાં બટકુ રોટલી સિવાય કંઈ જ રહ્યું નહિ. ચૂલાનું પાપ નિવારવા આવો કંઇક ભાગ કાઢવો જોઇએ, એવી આર્યોની ઉદાર ગૃહવ્યવસ્થા ન હોત, તો દીપડાના નસીબમાં આટલું બટકું પણ રહેત કે કેમ તે શંકા હતી.

ત્યારથી નીલકંઠ જાણી જોઈને રોટલી ને ભાત રોજ છાંડતો. એ રોટલી ને ભાત દીપડાના પેટમાં જતાં એ સૌ જાણતું હતું, પણ કોઈ બોલતું નહિ.

નીલકંઠ ખંભાત જતાંજતાં થોડાક પૈસા ગોપાળને આપતો ગયો હતો—જરૂર પડયે દીપડાને ખવરાવવા માટે.

પહેલે જ દિવસે ગોપાળે દીપડા માટે રોટલી માગી. જવાબમાં ફોઇના ચાર શબ્દો સાંભળવા પડયા.

ગોપાળ બજારમાંથી ખાવાનું લઇ આવ્યો. પછી દીપડાને ખોળામાં બેસાડી, મા બચ્ચાને ખવડાવે તેમ હેતથી એકએક બટકું તે દીપડાને ખવડાવવા લાગ્યો. જાળિયામાંથી શંભુ એ જોઇ ગયો. વાત રસોડા સુધી પહોંચી ગઈ.

બીજે દિવસે ગોપાળ જમવા માટે ગયો, ત્યારે ફોઈ રાડ પાડી ઊઠયાં: "આઘો રહે, અભાગિયા! બધું અભ-

ડાવીશ. જાતલખ્ખણ તો સારાં શીખી લાવ્યો છે. વાઘરીને ઘેરે જનમતાં શું થયું કે શાહુકારને ઘેર પડયો ?"

ગોપાળ કંઇ બોલ્યો નહિ.

ફોઇ આવી રસોડા બહારના ઓરડામાં તેની થાળી મૂકી ગયાં. "ખાઇ લે ઝટપટ, જો ! બધે એઠવાડ ન થાય."

ગોપાળ ભાણે બેઠો પણ એની આંખો ચકકરચકકર ઘૂમતી હતી. ફોઇનાં વેણ સાંભળી એનું આખું શરીર થર-થરી ગયું. એનું લોહી જોસથી ફરવા લાગ્યું.

ખાવા પર એનું ચિત્ત રહ્યું નહિ. રોટલી આમતેમ આઘીપાછી કરી એણે કોરાણે ચડાવી દીધી, અને ભાતમાં આંગળાં રમાડતો બેસી રહ્યો.

એટલામાં ફોઈએ ડોકિયું કર્યું: "કેમ અલ્યા, ચનિ-યાંમનિયાં કરે છે ? ખાતાં શીખે છે કે શું ?"

"મને આજે ભૂખ નથી." ક્ષીણ અવાજે એ બોલ્યો.

"ત્યારે પહેલાંથી બોલતાં શું થયું ? તારા હગલાને ખવડાવવું હશે—એ તો હું ક્યારની સમજી ગઈ હતી. જા, થાળી નીચે લઇ જા. માંજીને પાછી આપી જજે."

થાળી લઈ ગોપાળ ધીમેધીમે નીચે ઓરડીમાં ગયો. થાળી એક ખૂણામાં ધકેલી દઈ એ ધબ કરતો પથારીમાં પડયો. એને આજ સવારનો તાવ ચડયો હતો.

દીપડો ઓરડામાં જ હતો. ગોપાળે આજે તેને

બોલાવ્યો નહિ તેથી એને જાણે ખોટું લાગ્યું હોય તેમ તે પણ બેસી રહ્યો.

ગોપાળને ટાઢથી ખૂબ ફફડતો જોઇ દીપડાથી ન રહેવાયું. હળવે રહી એ એની પાસે આવ્યો, અને એના પગ ને હાથ પર પોતાનું શરીર નાખી લપાઇને બેઠો.

ગોપાળની આંખો બંધ હતી. ઘેનમાં ને ઘેનમાં એણે દીપડાને પોતાની પાસે ખેંચી લીધો ને બાથ ભીડી સૂઈ ગયો.

ગોપાળ જાગ્યો ત્યારે એણે પોતાને પડખે દીપડાને સૂતેલો જોયો. એક ધકકો મારી એણે એને દૂર હડસેલી દીધો: "કમજાત, શરમાતો પણ નથી ?"

દીપડો ખૂણામાં જઈ બેઠો.

ગોપાળ ફરી ઊંઘી ગયો.

સાંજે પરસેવો વળી તાવ ઊતરી ગયો. ગોપાળને હલકુંહલકું લાગ્યું. તે ઊઠી બેઠો થયો. જુએ તો દીપડો ખૂણામાં રાંકડું મોં કરી બેસી રહ્યો હતો.

તરત જ ગોપાળને યાદ આવ્યું કે દીપડો હજી ભૂખ્યો છે. "દીપડા !" એણે હાંક મારી. દીપડો દોડતો આવી એના ખોળામાં બેઠો. ગોપાળ દીપડાને બોલાવે એટલે દીપડાએ એના ખોળામાં જ આવીને બેસવું એવો નિયમ હતો.

"દીપડા, ભાઈ, તારે ખાવું નથી ?" દીપડાને માથે હાથ પસવારતાંપસવારતાં ગોપાળે કહ્યું.

દીપડાએ જવાબમાં આંખો ચમકાવી.

ગોપાળે ઈશારો કરી દીપડાને થાળી લાવવા હુકમ કર્યો. દીપડો પગવડે તેને ધકેલતો પાસે ઘસડી લાવ્યો.

" ખા ! " ગોપાળે દીપડાની થાળી ઘસડી લાવવાની રીત જોઇ હસીને હાથનો ઈશારો કરી ખાવાનું કહ્યું.

દીપડો ગોપાળના ખોળામાં આવી બેઠો, અને ગોપાળના મોં સામે જોઇ રહ્યો.

" હું ખવરાવું ? વાહ ! તું તો નવાબનો બેટો બની ગયો લાગે છે ! લે. " કહી ગોપાળે એક બટકુ હાથમાં લઇ એના મોં સામે ધર્યું.

પણ દીપડો ધારીધારીને ગોપાળના મોં સામું જોઈ રહ્યો. એની આંખો જાણે ભીની થઇ હોય એવી લાગતી હતી.

" તું ખાઇ લે, ભાઈ! મારે આજે નથી ખાવું. " ગોપાળે દીપડાની વિનતિ સમજી જઇ કહ્યું.

તરત જ દીપડો જેમ થાળી ધકેલતો લાવ્યો હતો, તેમ જ ધકેલતો પાછી મૂકી આવ્યો.

ગોપાળ એ જોઈ રહ્યો. આ મૂંગો મિત્ર બોલી શકતો હોત તો કેટલો કામ લાગત, એવો એને વિચાર આવ્યો.

રાતે ગોપાળને સખત તાવ ચડયો. એ બેબાકળો બની પછાડા ખાવા લાગ્યો. દીપડાને કંઈક ભયભરેલું લાગ્યું. એણે ગોપાળના પિતાની મરણપથારી જોઇ હતી, લાંબો

મંદવાડ પણ એણે જોયો હતો, દાક્તર નામના પ્રાણીઓને એ ઓળખતો હતો. પણ અહીં શું કરવું?

કંઇ ન સૂઝવાથી ઘરનાં માણસોને જગાડવા એણે 'હાઉ વાઉ વાઉ' કરી ભસવા માંડ્યું. પણ કોઈ જાગ્યું નહિ. ઝટપટ નિસરણીએ મેડા પર ચડી ગયો. આજે પહેલી જ વાર એ ગોપાળના હુકમ વગર ઓરડી બહાર નીકળ્યો. નીલકંઠ એને કોઈ કોઇવાર ઉપર પોતાની ઓરડીમાં લઈ જતો, એટલે એને ઉપર કંઈ નવું નહોતું.

મેડા પર જઈ એણે જોસથી ભસવા માંડ્યું. શંભુ જાગી ઊઠ્યો. એક તો ઊંઘમાંથી ઊઠેલો, તેમાં વળી દીપડા પર એને રીસ હતી. ધોકો લઇને એ તો ફરી વળ્યો.

દીપડો એકલો હતો. પાસે ગોપાળ નહોતો. છતાં આ વખતે એને ધીરજથી માર ખાઈ રહેતો જોઈ શંભુને પણ જરા નવાઈ લાગી. દીપડો શંભુની પાસે આવે, જાણે કંઈ કહેવા માગતો હોય તેમ માથું નીચું ઘાલે, ને લાઠી પડે કે દોડે. થોડુંક દોડે ને પાછો આવે.

શંભુને નવાઇ લાગી કે આજે દીપડો હું એકલો છું ને એ છૂટો છે, છતાં કેમ મને ફંફોળી ખાવા સામો ધસતો નથી, ને મારું છું છતાં ફરીફરીને પાસે આવે છે? પણ શંભુને એવો કંઇ વિચાર કરવાની ફુરસદ નહોતી. દીપડાની આવી વર્તણુકથી અને એના ભસવાથી એને ખૂબ ક્રોધ ચડ્યો. એ લાઠી લઈ દીપડાની પાછળ પડ્યો.

દીપડાને જાણે એ જ જોઇતું હતું. આગળ ડગલું

ભરતો જાય, માર ખાતો જાય, અને શંભુ પાછળ આવે છે કે નહિ એ જોતો જાય. શંભુ ન આવતો હોય તો પોતે સામો જાય, ફરી એના પગ ચાટવા જતો હોય તેમ માથું ઘાલે ને એને લાકડી લઇ પાછળ દોડાવતો લાવે.

આમ એ શંભુને નીચે ખેંચી લાવ્યો. પછી પોતે ઓરડીમાં પેસી ગયો. આટલી અડધી રાતે દીપડો ઓરડી ઉઘાડી શું કરતો હશે, એ જોવાના કુતૂહલથી શંભુ પણ ઓરડીમાં આવ્યો. ત્યાં એણે ગોપાળને તાવથી ફફડતો જોયો.

દીપડાએ ગોપાળ પાસે આવી ગોપાળનો હાથ પંજા-વડે સહેજ ઊંચો કરી શંભુ સામું જોયું.

શંભુને બેસવું નહોતું, પણ બેઠો. ગોપાળનો હાથ તેણે હાથમાં લીધો. ધગતો અંગારો હોય તેમ તેણે તે પાછો મૂકી દીધો!

શંભુ સમજી ગયો કે ગોપાળને સખત તાવ આવ્યો છે. પણ આટલી રાતે શું થાય? બા કે મામીને જગાડવાની તેનામાં હિંમત નહોતી. છેવટે એ ઊભો થયો ને નિસરણી ચડી ઉપર જવા લાગ્યો.

દીપડો પણ તેની સાથે બહાર આવ્યો, અને શંભુને ઉપર ચડી જતો જોઈ એના ધોતિયાનો છેડો મોંમાં એણે ઘાલી ખેંચ્યો.

"ચલ. હઠી જા." કહી શંભુએ દીપડાના માથા પર લાત મારી.

દીપડો એકદમ ઝાંઉં કરતો કૂદ્યો ને નિસરણીથી શંભુને નીચે ધકેલી પાડયો. એના પગમાં એક બચકું ભરી લીધું.

શંભુ ચીસેચીસ પાડવા લાગ્યો. દીપડો ઓરડીમાં ભરાઈ ગયો.

એની બા ને મામી જાગી ગયાં. દડબડદડબડ સૌ નીચે આવ્યાં, ને દીપડાનું પરાક્રમ જોઈ બુમરાણ મચાવી મૂક્યું. એના મામા પણ જાગીને નીચે આવ્યા.

તરત જ દાક્તરને બોલાવવામાં આવ્યો. દાકતરે પાટાપીંડી કરી, શંભુને હિંમત આપતાં કહ્યું: "હમણાં મટી જશે. કૂતરું હડકાયું નથી."

દાકતર જવાનું કરે છે એટલામાં શંભુ બોલી ઊઠયો: "દાકતરસાહેબ! પેલા ઓરડામાં જરા જોતા જજો."

દાકતર, મામા ને મામી સૌ આભાં થઈ ગયાં. ગોપાળની માંદગીની કોઇને ખાસ ખબર નહોતી. દાકતરની સાથે સૌ ઓરડીમાં પેઠાં. જુએ તો ગોપાળ બેભાન થઇ પડેલો હતો.

દાકતરે નાડ જોઈ, દવા મંગાવી આપી. ખૂણામાં બેઠેલા દીપડાની આંખો ટમટમ ચમકતી લાગતી હતી.

દાકતરે કહ્યું: "આવડો ભારે મંદવાડ છે ને કોઈને કંઈ ખબર જ ન પડી!"

શંભુની બા ને મામી બોલી ઊઠયાં: "સૌ આ

કૂતરાનાં વઢાયાં છે. આખું ઘર અભડાવ્યું ! અહીં અભડાવા કોણ આવે ? ”

શંભુ વચમાં બોલી પડ્યો: ‘ ના મા, ના મામી, એવું ના કહેશો. દીપડો તો બિચારો ડાહ્યો છે. તમે તો બધાં ઊંઘતાં હતાં ને એ મને મેડે બોલાવવા આવેલો. મેં એને કેટલો માર્યો છે એ તો જુઓ ! પણ હું અહીં ગોપાળ પાસે બેઠો નહિ ત્યારે એ મને બાઝયો. ”

એમ કહી શંભુએ બધી બીના કહી સંભળાવી. એ સાંભળી એના મામા મોં મલકાવીને બોલ્યા: “ વાહ ! ત્યારે તો દીપડાએ દાક્તરને બોલાવ્યો ! ”

૭

દબતોદબતો દીપડો ધીમેધીમે આવી સૌના દેખતાં શંભુના ખોળામાં બેસી પડ્યો—જાણે એનો ઉપકાર માનતો હોય અને કરડવા બદલ માફી માગતો હોય !

આ મૂંગા પ્રાણીનું આવું હૃદય જોઇ શંભુની આંખના ખૂણા ભીના થયા.

દાક્તરે દીપડાને તપાસી એને આખે શરીરે ઘસવાની દવા આપી.

બીજા દિવસથી ગોપાળની સેવામાં શંભુ ને દીપડો ચોવીસે કલાક ઊભા ને ઊભા રહેવા લાગ્યા. શંભુની બા પોતાના દીકરાને આ જમાતમાં ભળેલો જોઈ બહુ દુ:ખી

થઇ. એની મામીએ દીપડાનું આ ડહાપણ જોઇ ભવિષ્યમાં ગોપાળ સરકસ કાઢશે એવો અભિપ્રાય દૃઢ કર્યો.

ગોપાળને ધીમેધીમે આરામ થવા લાગ્યો. એણે નીલકંઠને બધી હકીકત જણાવી. દીપડો હવે શંભુનો ભાઇબંધ બની ગયો છે એવી ખબર આપી.

થોડા દિવસમાં વિક્ટર સાહેબનો તાકીદનો સંદેશો આવ્યો. તેમાં પોતે તરતમાં વિલાયત જવાના હોવાથી ગોપાળને સાથે તેડી જવા ઇચ્છા રાખે છે એમ જણાવેલું હતું.

ગોપાળના કાકાએ હસીને કહ્યું: "તેં કૂતરો પાળ્યો ત્યારથી જ મેં તો ભવિષ્ય ભાખ્યું હતું, કે તું વિલાયત જવાનો ને સાહેબલોક થવાનો."

ગોપાળ વિલાયત જાય પણ દીપડાનું શું કરવું? નીલકંઠ ને શંભુ બન્ને દીપડાના હરીફ ભાઈબંધ થયા. છેવટે એવું ઠર્યું કે બંને જણ સાથે દીપડાને બોલાવે, જેના ખોળામાં જઇ એ બેસે તેનો દીપડો.

દીપડો શંભુના ખોળામાં જઇને બેઠો!

ખોવાએલી વીંટી

નગરશેઠનો એ દીકરો હતો. એનું નામ મુકુન્દ. એને નાનો મૂકીને એની મા મરી ગઇ હતી.

મુકુન્દ બાર વર્ષનો થયો ત્યારે તેણે પરદેશ વિદ્યાભ્યાસ કરવા અને દેશદેશાંતર જોવા જવા વિચાર કર્યો. જતી વખતે એના પિતાએ એને એક હીરાજડિત વીંટી આપી કહ્યું, ' આ વીંટી તારી બાની છે એમાં તારી બાની નાનકડી છબી જડેલી છે. તું વિદ્યાભ્યાસ કરીને અને દેશ-વિદેશ ફરીને પાછો આવીશ ત્યારે તો તું મોટો થઈ ગયો હોઇશ, એટલે વખતે હું તને ઓળખી એ ન શકું. પણ એ વખતે તું આ વીંટી મને બતાવજે એટલે હું તને ઓળખી લઇશ. '

મુકુન્દે વીંટી એક કંઠીમાં ગાંઠી કંઠી ગળામાં નાખી લીધી, અને સૌના આશીર્વાદ લઈને ચાલી નીકળ્યો

મહિના વીત્યા અને વર્ષો વીતવા લાગ્યાં. નગરશેઠ બીજી સ્ત્રી પરણ્યા અને તે સ્ત્રીને પણ એક દીકરો થયો. ધીમે ધીમે નગરશેઠ મુકુન્દને ભૂલવા લાગ્યા. એમ કરતાં

ઘણાં વર્ષો વીતી ગયાં. મુકુન્દનો હજી પત્તો નહોતો. સૌએ માન્યું, મુકુન્દ મરી ગયો.

બાર વર્ષ સુધી વિદ્યાભ્યાસ કર્યા પછી બેત્રણ વર્ષ દેશવિદેશ પ્રવાસ કરીને મુકુન્દ ઘેર આવવા નીકળ્યો. હવે તે સત્તાવીશ અઠ્ઠાવીશ વર્ષનો મૂછાળો જુવાન બની ગયો હતો. તેનો ચહેરો પલટાઈ ગયો હતો ને તેનો અવાજ પણ બદલાઇ ગયો હતો. પ્રવાસ અને પરિશ્રમથી તેના આખા શરીરનો બાંધો પણ બદલાઇ ગયો હતો. વખતે કોઈ તેને ઓળખી શકશે નહિ એવો તેને ભય હતો: પણ પેલી વીંટી તેની પાસે હતી એટલે એને નિરાંત હતી.

જંગલમાં રાતવાસો કરતો કરતો તે ચાલ્યો આવે છે. એવામાં એક રાત્રે એ જંગલમાં ક્યાંક તેના ગળામાંથી કંઠી તૂટી ગઇ અને નીકળી પડી, પણ તેની એને સરત રહી નહિ. સવારે ઊઠી તેણે આગળ ચાલવા માંડયું.

અરધો રસ્તો કાપ્યા પછી તેને વીંટી યાદ આવી. જુએ તો કંઈ ન મળે! તેને એટલું તો દુઃખ થયું કે તરત ભોંય પર બેસી પડયો. થોડીવારે સ્વસ્થ થઇ એ વીંટીની શોધમાં પાછો ફર્યો. એ દિવસ સુધી ઊલે રસ્તે ખોળાખોળ કરી, પણ વીંટી જડી નહિ. છેવટે નિરાશ થઇ તે પાછો ફર્યો. 'પિતાને બધી વાત કહીશ, તે કદાચ મારી વાત માનશે ને મને ઓળખશે.' તેણે મનમાં વિચાર કર્યો.

વખત જતાં એ ગામમાં આવી પહોંચ્યો ને નગરશેઠને ઘેર જઈ ઊભો. નગરશેઠે તેને ઘરની અનેક વાતો પૂછી

ખાતરી કરી લીધી કે તે પોતાનો દીકરો મુકુન્દ જ છે. પણ તેમની નવી સ્ત્રીએ એ વાત માની નહિ. તે બોલી, 'આખું ગામ કહે છે કે મુકુન્દ મરી ગયો છે. આ તો કોઈ બદમાશ મુકુન્દનું નામ લઈ અગાઉથી ઘરની વાતો જાણી લઈ આપણને ઠગવા ને મફતની મિલકત ભોગવવા આવ્યો છે! સાચો મુકુન્દ હોય તો એની બાની વીંટી બતાવે.'

શેઠે મુકુન્દને વીંટી બતાવવા કહ્યું. મુકુન્દે વીંટી ખોવાઈ ગયાનું જણાવી બધી વાત કહી. પણ શેઠાણીના મનનું સમાધાન થયું નહિ. તે બોલી, નક્કી બદમાશ છે.

શેઠે મુકુન્દને ઘરમાં પેસવા ન દીધો.

ઉદાસ મુખે મુકુન્દ ઘર છોડી, ગામ છોડી, ચાલી નીકળ્યો. ગામને છેવાડે આવેલા શિવમંદિરમાંથી તે વખતે ઘંટારવ થતો હતો. એ ઘંટારવમાંથી મુકુન્દને જાણે કોઈની વાણી સંભળાતી હતી: 'આવા મંગળ સમયે શા સારૂ તું ઉદાસ મુખે ને ધીમે પગલે ચાલી નીકળ્યો છે, જુવાન!'

મુકુન્દે જવાબ દીધો, 'પંદર વર્ષે ઘેર આવ્યો, ત્યાં ઘરે મને જાકારો દીધો. એ શું ઉદાસ થવા જેવી વાત નથી?'

'ના; ઉદાસ થવા જેવું ક્યાંય કશું નથી. આ જોને, લોકો અમારા શરીર પર ઘા કરે છે ત્યારે અમે ઘાનું દુઃખ ભૂલી કેવો મધુર રણકાર કરી ઊઠીએ છીએ!'

એકદમ મુકુન્દ ઊભો થઈ ગયો: 'ઓહો! ત્યારે હું પણ શા માટે ઉદાસ રહું? હે દેવમંદિરના ઘંટો! આજે

હું જાઉં છું; પણ એક દિવસ જ્યારે મારી બાની વીંટી લઈને પાછો આવું ત્યારે આવો મધુર ઘંટારવ સંભળાવજો!'

ઉત્સાહભેર પગલાં ભરતો એ આગળ ચાલ્યો. પણ હજી તેના દિલમાંથી દુઃખ ગયું નહોતું. રહીરહીને તેના મુખમાંથી ઊંડા નિશ્વાસ નીકળી પડતા હતા. રાત પડી, ને નિરાશ મને તે ઊંઘી ગયો. સવારે ઊઠયો ત્યારે પણ એના મનનો ભાર હજી હળવો થયો ન હતો.

ઝાડે ઝાડે, ડાળે ડાળે પક્ષીઓ મધુર કલરવ કરી રહ્યાં હતાં ને હીંચકો ખાતાં હતાં. એ કલરવમાં મુકુન્દને જાણે કોઈ કહેતું સંભળાયું: 'આવા ખુશનુમા સમયે શા સારૂ તું દુઃખી મને ડગલાં ભરે છે, યુવાન!'

મુકુન્દે જવાબ દીધો, 'પંદર વર્ષે ઘેર આવ્યો ત્યારે ઘરે મને જાકારો દીધો. એ શું દુઃખી થવા જેવી વાત નથી?"

'ના; દુઃખી થવા જેવું ક્યાંયે કશું નથી. આ જોને, જીવતર બધું પળે પળે જાળમાં સપડાવાનો ભય—છતાં અમે કેવાં ગાનતાન કરીએ છીએ! નાની શી જિંદગીમાં ગાયું એટલું ભલું!'

મુકુન્દમાં ઉત્સાહ વ્યાપી ગયો: 'ઓહો! ત્યારે હું શું કરવા ન ગાઉ? હે વનવનનાં પંખીઓ! આજે હું જાઉં છું; પણ એક દિવસ જ્યારે મારી બાની વીંટી લઈને પાછો આવું ત્યારે ફરી આવો મધુર કલરવ મને સંભળાવજો!'

મુક્ત કંઠે ગાતો ગાતો મુકુન્દ આગળ વધ્યો.

ચોતરફ વનશ્રી ખીલી રહી હતી. ડાળીએ ડાળી ભારથી નમી રહી હતી. જાણે વનરાવને ફૂલના વાઘા સજ્યા હતા! દશે દિશાએ ભરીને વસંતનો સુગંધી વાયરો વાઈ રહ્યો હતો. એ સુગંધમાં મુકુન્દને જાણે કોઈની વાણી સંભળાઇ: 'આવા પ્રફુલ્લ સમયે ફૂલવિહોણો તું શા સારૂ જાય છે, જુવાન!'

મુકુન્દે જવાબ દીધો, 'પંદર વર્ષે ઘેર આવ્યો ત્યારે ઘરે મને જાકારો દીધો એ શું ફૂલવિહોણા જવા જેવું નથી?'

'ના, ફૂલવિહોણા જવા જેવું ક્યાંયે કશું નથી. આ જોને, વંટોળિયાની થપાટો ખાઇખાઈને, પાંખડીએ પાંખડીએ છિન્નભિન્ન થઈ જઇને, છેવટે ધૂળમાં રગદોળાઈને નામશેષ થતાં પણ અમે કેવાં સુગંધ વહાવીએ છીએ! ભલા! એ સિવાય જગતમાં બીજું કામે શું કરવાનું છે?'

મુકુન્દ હરખાઈ ગયો: 'ઓહો! ત્યારે હું શું કરવા સુગંધ વિનાનો રહું? હું યે ફૂલ જેવું ફૂલ બની જીવીશ. હે દશે દિશાનાં ફૂલ! આજે હું જાઉં છું, પણ એક દિવસ જ્યારે મારી બાની વીંટી લઇને પાછો આવું ત્યારે ફરી આવી સુગંધ વહાવજો!'

મુકુન્દે થોડાંક ફૂલ ચુંટી માથામાં, ને કાને ભરાવ્યાં. કેસૂડાંનાં ફૂલની એક ડાળી હાથમાં ધજાની પેઠે લઇ લીધી. પછી ઉલ્લાસભેર એ આગળ ચાલ્યો.

જતાં જતાં ઘોર જંગલ આવ્યું. મુકુન્દે જંગલમાં પ્રવેશ કર્યો. ત્યાં દૂરથી તેને એક હાક સંભળાઈ.

'નાસી જા, રે! નાસી જા. પાછો જતો રહે, નહિ તો મૂઓ પડીશ.'

મુકુન્દે મોં ફેરવી જોયું તો એક બુઢ્ઢી ડોશી થોડેક દૂર એક ટેકરી પર છાણાં થાપતી હતી. મુકુન્દે તેની પાસે જઇ પૂછ્યું, 'મા, શા સારૂ મને નાસી જવાનું કહો છો?'

ડોશીએ કહ્યું, 'મૂરખ! હમણાં પેલો અઘોરી આવશે તો જીવતો નહિ મેલે. નાસી જા, નાસી જા! આ વનમાં ફરી પગ મૂકીશ નહિ. આ તો અઘોરી બાવાનું વન છે.'

'પણ માજી!' મુકુન્દે હસતાં હસતાં કહ્યું: 'મેં બાવાજીનું શું બગાડ્યું છે તે!'

ત્યાં તો પવનની લહેરમાં, ન ગમે તેવી કંઇક વાસ ખેંચાઈ આવી. 'એ આવ્યો! જો, ત્યારે!' આટલું બોલી ડોશી ચૂપ થઈ ગઇ ને છાણાં થાપવા લાગી ગઈ.

પળ વારમાં તો ઊંચી પડછંદ કાળીમેશ કાયાવાળો, માથે જથરપથર જટાવાળો, એક હાથમાં લાંબો વજનદાર ચીપિયો ને બીજા હાથમાં ચીભડું લઇ બચકાં ભરી ભરી ખાતો એવો એ વનનો માલિક અઘોરી બાવો ત્યાં આવી પહોંચ્યો; ને જોરથી પત્થર પર ચીપિયો પછાડી બોલ્યો, 'કેમ આવ્યો છે અહીં?'

મુકુન્દે શાંતિથી જવાબ દીધો: 'કામધંધો કરવા.'

'કામધંધો?' બોલતાં બોલતાં બાવો એવું હસ્યો! નદીકાંઠાની મોટી ભેખડ ધસી પડતાં અવાજ થાય એવો એ હસવાનો અવાજ હતો. પણ મુકુન્દ જરા યે ગભરાયો નહિ.



બાવો ક્રોધથી બોલ્યોઃ ‘ બદમાશ ! કામ પૂરૂં થયું નથી ને સોનામહોરો માગે છે ? હવે તો પીઠ પર આ ચીપિયો પડશે ! ”

‘ હા ! હા ! હા ! હું તને સરસ કામધંધો આપીશ. ઠીક તો જો, મારે આ આખું જંગલ કાપી બેય છેડા સુધી સુંદર મેદાન બનાવવું છે. તને આજથી એ કામ સોંપું છું. પણ યાદ રાખજે, એક હજાર ને એક દિવસમાં એ પૂરૂં થઈ જવું જોઇશે. થશે તો એક હજાર ને એક સોનામહોર પગારમાં આપીશ, ને નહિ થાય તો આખી જિંદગી મારો ગુલામ કરીને રાખીશ. છે કબૂલ ? ’

‘ હા, કબૂલ ! ’ મુકુન્દે કહ્યું.

'તો ચડી જા આજથી કામે. પણે પેલી કુહાડી પડી છે. પણ ખબરદાર! અધવચમાં કામ છોડી નાઠો છે તો ઊભો ને ઊભો ચીરી નાખીશ.'

આખો દિવસ ઝાડ કાપવાની સખત મજૂરી કરી થાકેલા મુકુન્દને સાંજે બાવાએ જોયો ત્યારે પણ તે પહેલાંના જેવો હસતો ને ગાતો હતો. બાવાને એ જોઈ ચીડ ચડી. તે બોલ્યો, 'આમ માંદલાની પેઠે કામ કરીશ તો હળે જોડીશ, યાદ રાખજે.'

મુકુન્દ બોલ્યો, 'કાલથી વધારે સખત કામ કરીશ.'

બીજે દિવસે મુકુન્દે ખૂબ કામ કર્યું. સાંજે બાવાએ જોયું કે કામ ઘણું થયું છે, પણ મુકુન્દ તો આજે પણ હસે છે ને ગાય છે! તેણે આજે પણ 'કામ કેમ બરાબર નથી કરતો?' કહી મુકુન્દને ઠપકો દીધો. મુકુન્દ ઠપકો ગળી ગયો.

મુકુન્દે જોઇ લીધું કે બાવાને હસતો ગાતો ચહેરો ગમતો નથી, એટલે એણે ત્રીજે દિવસે આગલા દિવસ કરતાં થોડું કામ કર્યું, પણ જાણે ખૂબ થાકી ગયો હોય એવો ભારે ચહેરો ધારણ કર્યો. બાવો એ જોઈ ખુશ થયો. તે બોલ્યો, 'હં, એવી મજૂરી કરો!'

થોડાક દિવસ પછી મુકુન્દે બીજી એક યુક્તિ કરી. તેણે વિચાર કર્યો કે આવી રીતે રોજ મજૂરી કરીશ તો જરૂર એક હજાર ને એક દિવસ પૂરા થાય તે પહેલાં જ આખું જંગલ સાફ થઈ જશે, અને બાવો એ સમજી ગયો

તો સોનામહોરો આપવી પડે એથી વચમાં કંઇ કંઇ વિઘ્ન નાખશે, માટે બાવાને ખરેખરૂં કામ કેટલું થાય છે એ જાણવા દેવું નહિ.

બીજા દિવસથી મુકુન્દે રોજ એ જ્યાં ઝાડ કાપતો હતો ત્યાંથી સો વાર પાછળના ભાગથી ઝાડ કાપવાં શરૂ કર્યાં. આખો દિવસ એ પ્રમાણે કામ કરી થોડો વખત પહેલાંની જગ્યાએ કામ કરતો ને અતિશય થાકી ગએલો હોય તેમ ઘેર પાછો ફરતો. બાવો એનો થાકી ગએલો ચહેરો જોઇ ખુશ થતો ને કહેતો: 'હં, એવી મજુરી કરો!'

આમ કરતાં કરતાં હજાર દિવસ પૂરા થવા આવ્યા. મુકુન્દે આખું જંગલ સાફ કરી નાખ્યું હતું, માત્ર થોડાંક ઝાડ રહેવા દીધાં હતાં. છેલ્લો દિવસ આવ્યો. મુકુન્દે આજે ખૂબ ઉદાસ થઈ ગયો હોય એવો ચહેરો ધારણ કર્યો: કામે જતી વખતે તેણે બાવાને પગે લાગી કહ્યું, 'બાબા! જિંદગી આખી તમારા ગુલામ થઈ રહેવાનું છે તો આજથી જ શા સારૂ તમારી સેવાચાકરી ન કરૂં? મારા પર દયા રાખજો બાપુ!'

બાવો મલકાતો મલકાતો બોલ્યો, 'હજી તો આજનો દહાડો આખો ઊભો છે ને! કસીને મહેનત કર. જંગલ આખું કપાઇ જશે.'

'જેવા આપના આશીર્વાદ!' કહીને મુકુન્દ ઊપડયો.

બાવાએ ગઈ કાલે સાંજે જ જોયું હતું કે હજી તો સો વાર જંગલ પણ સાફ થયું નહોતું એટલે મુકુન્દ

આપણો ગુલામ થવાનો છે, એ વિચારથી તે હસતો હતો. પરંતુ મુકુન્દે આગલા ભાગનાં તથા છેક છેડેનાં થોડાંક ઝાડ સિવાય આખું જંગલ કાપી નાખ્યું હતું. આજે તે પહેલાં પાસેનાં ઝાડ કાપી નાખી, પછી છેડા પરનાં ઝાડ કાપવા ગયો અને તે પણ તેણે એક પછી એક કાપી નાખ્યાં. છેક છેલ્લું ઝાડ કપાઈને ભોંય પર પડયું ત્યારે એ ઝાડની વચલી ડાળીઓમાં એક સુંદર માળો તેની નજરે પડયો. તેણે તે માળો તપાસ્યો તો પોતે અજબ થઈ ગયો ! જે વસ્તુને અભાવે તેને ઘરમાંથી અપમાનિત થઈને નીકળવું પડયું હતું તે તેની મૃત માતાની સ્મૃતિ—પેલી વીંટી આ માળામાંથી તેને મળી આવી ! હજાર દિવસનો તેનો થાક એ વીંટી જોઈને એક પલકમાં ઊતરી ગયો.

સાંજે મુકુન્દ હસતો હસતો બાવાની સામે આવી ઊભો રહ્યો. બાવાએ આજે એને પોતાના પગમાં પડી ચોધાર આંસુએ રોતો જોવાની આશા રાખી હતી, તેથી એને આમ હસતો જોઈ એને તો ભારે ક્રોધ ચડી ગયો. તે બોલ્યો, ‘ હસે છે શું, મૂર્ખ ! જાણે છે હવે તું મારો ગુલામ છે તે ? ’

‘ ના રે બાબા ! એ તો હું નથી જાણતો ! ’ મુકુન્દે શાંતિથી કહ્યું.

‘ નથી જાણતો ? આપણે શરત કરી હતી એ નથી ખબર ? તું એક હજાર ને એક દિવસમાં આખું જંગલ કાપી નાખે તો તને એક હજાર ને એક સોનામહોરો મળે,

ને ન કાપી શકે તો જિંદગીભર મારો ગુલામ થઈ રહે. કેમ, આવી શરત નહોતી કરી ?' બાવાએ કહ્યું.

'કરી જ હતી તો! લાવોને, સોનામહોરો ક્યાં છે? મારી આ ચાદર ભરાઈ જશે!' મુકુન્દે ખભેથી ચાદર લઈ જમીન પર પાથરતાં કહ્યું. એ જોઈ બાવાને આટલા ક્રોધમાં પણ હસવું આવી ગયું. તે બોલ્યો, 'બદમાશ! કામ તો પૂરું થયું નથી ને સોનામહોરો માગે છે? હવે તો પીઠ પર પડશે આ ચીપિયો સડાક! સડાક!'

'પણ કામ તો ક્યારનું યે પૂરું થઈ ગયું છે. આખા જંગલમાં એક પણ ઝાડ હવે ઊભું નથી.' મુકુન્દે સ્વસ્થતાથી કહ્યું.

'છટ્ છટ્! જુઠ્ઠા! મને બનાવે છે!' કહી બાવાજી ચીપિયો લઈને મારવા દોડ્યા.

મુકુન્દે સામો ફુંફાડો કર્યો: 'બાવાજી! તમારૂં કામ પૂરૂં કરી નાખ્યું છે, છતાં જો તમે મને મારવા આવશો તો હું યે સામો મારીશ.'

બાવો ને મુકુન્દ આખું જંગલ ફરી વળ્યા. આવડું મોટું જંગલ સાફ થઈ ગયું છતાં પોતાને તેની કશી ખબર પણ પડી નહિ એ જોઈ બાવો દાંતમાં આંગળાં ઘાલી ગયો. તે થોડી વાર વિચારમાં પડી ગયો, પછી એકદમ હરખમાં આવી જઈ બોલી ઊઠયો, 'વાહ! બચ્ચા, વાહ! તેં ખરી કરી! પચીસ વર્ષથી હું આ જંગલમાં રહું છું. પણ તારા જેવો મહેનતુ અને બુદ્ધિશાળી મને કોઈ મળ્યો નહોતો.

આજે તને જોઈ મને બહુ આનંદ થાય છે. માગ બચ્ચા! તારે શું જોઈએ?'

'મારે? મને તો મારી મહેનતની એક હજાર ને એક સોનામહોરો મળે એટલે બસ.' મુકુન્દે કહ્યું.

'બસ?' બાવો હસીને બોલ્યો: 'નહિ, નહિ બચ્ચા! તારા જેવો બુદ્ધિશાળી અને વળી બળવાન મને બીજે ક્યાં મળવાનો હતો? જા, ખુશ થા—મારો બધો ખજાનો અને આ બધી જમીન હું તને આપી દઉં છું.'

મુકુન્દ ભારે પૈસાદાર બની ગયો. નોકરચાકરોની હવે તેને ખોટ રહી નહિ. ભારે ઠાઠમાઠ ને ધામધૂમ સાથે તે પોતાને ગામ જવા નીકળ્યો. વનરાવનનાં ફૂલોએ એને જોઈ સુગંધી વહાવી, વનવનનાં પંખીઓએ મધુર કલરવથી એનો સત્કાર કર્યો અને ગામમાં પેસતાં દેવમંદિરના ઘંટોએ મધુર રણકાર કરી તેનું સ્વાગત કર્યું. આખા ગામે તેનું સામૈયું કર્યું. વીંટી જોઈ તેના પિતાની આંખમાં આંસુ આવી ગયાં. પિતાપુત્ર ભેટ્યા. અપરમાએ પણ પુત્રને આશીર્વાદ આપવા તેને માથે હાથ મૂક્યો; મુકુન્દે એ હાથની એક આંગળીમાં પોતાની મૃત માતાની છબી વાળી વીંટી પહેરાવી દીધી. અને તરત જ તેના પગમાં ઢળી પડી બોલ્યો: 'માતાજી!'

શાહ જૂઠા

આખો વર્ગ ખડખડાટ હસી પડયો. ન હસ્યો માત્ર એક મોહન.

શાળામાં દાખલ થતી વખતે દરેક વિદ્યાર્થીને દાખલ થયાનો અનુક્રમ નંબર આપવામાં આવતો હતો. આ નંબર દરેકે પોતાના અભ્યાસપત્રકમાં લખી રાખવાનો હોય છે જેથી કરીને શાળાના દફતરમાંથી કોઈ દાખલો જોવાની જરૂર પડે તો એ નંબર પરથી તરત શોધી શકાય. દર વરસે ઉનાળાની રજાઓ પૂરી થયા પછી, થોડા દિવસોમાં શાળાનો કારકૂન દરેકેદરેક વર્ગમાં જઈને ગઈ સાલ જુન પછી દાખલ થયેલા નવા વિદ્યાર્થીઓનાં નામ અને નંબર બોલી જતો હતો, જેની વિદ્યાર્થીઓ પોતાના પત્રકમાં નોંધ કરી લેતા.

આજે ધોરણ પાંચમામાં કારકુન એવી રીતે નામો ને નંબર બોલી રહ્યા હતા, ત્યાં એક નામ તેમણે આ પ્રમાણે વાંચ્યું:

મોહનલાલ શીવલાલ શાહ જૂઠા—નં. ૨૦૪૫.

મોહનલાલ શિવલાલ શાહ જૂઠા—નં. ૫૭૪૫.

‘ જૂઠા ’ શબ્દ ઉચ્ચારાતાં જ આખો ઓરડો ખડખડાટ હાસ્યથી ગાજી રહ્યો, ને સૌની આંખો, શિકારીની આંખો શિકાર તરફ વળે તેમ, ‘ જૂઠા ’ તરફ વળી. ત્રીજી પાટલી પર મોહન બેઠો હતો. હાસ્યનો અવાજ એટલો થયો કે પોતાનો નંબર પણ એ તો સાંભળી શકયો નહિ. કલમ એના હાથમાં જ રહી ગઇ !

વર્ગશિક્ષકે વર્ગને શાંત કર્યો. કારકુન નામાવલી પૂરી કરી, બીજા વર્ગમાં ગયા. પોતે ઘડીકમાં કેવો ભીષણ ખળભળાટ મચાવી મૂકયો હતો તે વિષે તેઓ બિલકુલ નિર્લેપ હતા.

પીરિયડ બદલાયો. હવે સાહેબે વર્ગમાં પેસતાં જ કાળા પાટિયા પર મોટા અક્ષરે લખેલું વાંચ્યું: ‘ જુઠા ! ’

તેઓ ભાષાના શિક્ષક હતા, એટલે જોડણીની ભૂલ તેમનાથી સહન થઈ શકી નહિ. તેમણે વર્ગને કહ્યું: ‘ પાટિયામાં લખેલા શબ્દની જોડણી સુધારો.’ આમ કહીને તેમણે વિદ્યાર્થીઓ ઉપર આંગળી ફેરવી. કમનસીબે મોહન પર જ તેમની આંગળી ઠરી.

આખો ઓરડો ફરી ખડખડાટ હાસ્યથી ગાજી રહ્યો. મોહનના પગમાંથી જોર ચાલી ગયું હતું. તે ઊભો જ ન થઈ શકયો.

હવે સાહેબે ફરી હાથ હલાવી મોહનને ઊભો થવા કહ્યું. જેમ તેમ કરી એ ઊભો થયો, ત્યારે શિક્ષકે તેની સામે ચાક ધર્યો. એનો અર્થ એ કે અહીં આવીને તું જોડણી સુધાર.

વર્ગમાં ભાગ્યે જ કોઇ છોકરાની આવી કસોટી થઈ હશે. મોહનની જગાએ, એને હસનારાઓમાંનો ગમે તે કોઈ હોત તોયે, આ વખતે રોઈ પડયો હોત.

છતાં મોહન જોડણી સુધારવા આગળ આવ્યો નહિ. તે ઊભો જ રહ્યો.

હવે સાહેબે કહ્યું: 'આવા સહેલા શબ્દની પણ જોડણી તને નથી આવડતી?'

મોહને માથું હલાવ્યું.

શિક્ષકે વર્ગ તરફ દૃષ્ટિ ફેરવી. એક છોકરાએ હાથ ઊંચો કર્યો. શિક્ષકે ઈશારો કરતાં તે ઊભો થઈ બોલ્યો: 'જોડણી બરાબર જ છે, સાહેબ! એમાં કશું સુધારવાનું નથી.'

હવે સાહેબે જ્ઞાનીના સહજ ગર્વથી કહ્યું: 'પણ હું કહું છું, કે જોડણીમાં ભૂલ છે તેનું શું?'

'તે ભૂલ નથી એવું હું કયાં કહું છું, સાહેબ! પણ જૂઠાની જોડણી જૂઠી જ લખાય તે યોગ્ય છે.'

આખાય ઓરડામાં ફરી ખડખડાટ હાસ્ય! હવે સાહેબ બહુ ભલા હતા. હસવાનું રહસ્ય તેમના ખ્યાલમાં આવ્યું નહિ. તેમણે છોકરાઓને હસવા દીધા. છેવટે કોઈ છોકરો

ઊભો ન થયો ત્યારે તેમણે જ જાતે તેની જોડણી સુધારી નાખી. તે દિવસે તેમણે જે કંઈ શીખવ્યું તેમાં કેટલીયે વખત છોકરાઓએ વચમાં પ્રશ્નો પૂછયા હશે કે સાહેબ! આની જોડણી 'જૂઠા'ની પેઠે જ થાય ને!

મોટી રિસેસ પડતાં પાંચમા ધોરણના છોકરાઓ એવા હિલોળા સાથે બહાર નીકળ્યા કે ખુદ હેડમાસ્તરે પણ ઓફિસની બારીમાંથી તેમના તરફ નજર કરી લીધી!

: ૨ :

બીજે દિવસે વર્ગના પાટિયા પર નીચે પ્રમાણે જાહેર-ખબર લખાયેલી જણાઇ:

> **જોઇએ છીએ ગ્રાહકો**
>
> મારી અટક વેચાતી લઈ શકે તેવા સદ્ધર.
>
> કિંમત માત્ર બે પૈસા
>
> લિ૰ **શાહુ જૂઠા**

આખા વર્ગમાં છોકરાઓ ખિસ્સામાં હાથ નાખી, એકબીજાને પૂછતા હતા: "એ......ઈ, તારી પાસે બે પૈસા છે?"

જવાબ મળતો: 'ના ભાઈ, હું એવો સદ્ધર ક્યાંથી?'

અકળાઇને મોહને વર્ગશિક્ષકને ફરિયાદ કરી: 'સાહેબ,

છોકરાઓ મારી મશ્કરીઓ કરે છે, ને મારા નામની હરાજીઓ બોલાવે છે.'

મોહન ભણવામાં ધીમો તો હતો જ. રમતગમતોમાં પણ તે ઠંડો હતો. કોઈની સાથે બહુ ભળતો નહિ. ખડખડાટ હસતો એને કદી કોઇએ જોયો નહોતો. ગામડાગામમાં ત્રણ ધોરણ પૂરાં કરી અહીં ચોથા ધોરણમાં દાખલ થયો હતો, અને જેમ તેમ કરી પાંચમા ધોરણમાં આવ્યો હતો. અંગ્રેજી અને ઇતિહાસ—એ વિષયમાં નપાસ થયેલો હોવા છતાં, ગામડાના વિદ્યાર્થીને હતાશ ન કરવાના હેતુથી, હવે પછી એ ખૂબ ઉત્સાહથી કામ કરશે એ શરતે, તેને પાંચમા ધોરણમાં ચડાવવામાં આવ્યો હતો. વર્ગશિક્ષક બૉરાસાહેબ આ વાત ભૂલી ગયા નહોતા. તેમણે મોહનની ફરિયાદના જવાબમાં તેને સામે પૂછ્યું:

'એટલે તારાથી બરાબર અભ્યાસ નથી થઈ શકતો, કેમ?'

વિચારીને જવાબ આપવા જેટલો વખત નહોતો, ટેવ નહોતી. મોહને તરત કહી નાખ્યું: 'હા, સાહેબ!'

'તો તું તારું કર્તવ્ય યાદ કર. આ જુલાઈ મહિનાની આખર સુધીમાં જો તારો અભ્યાસ સંતોષકારક માલમ નહિ પડે તો તને પાછો ચોથા ધોરણમાં મૂકવામાં આવશે એવું હેડમાસ્તર સાહેબે કહ્યું છે તે યાદ છે? તો પછી આવા ચાળા કેમ સૂઝે છે? કામમાં ચિત્ત રાખ, પછી કોઈ તારી મજાકફજાક કાંઈ નહિ કરે.'

'વાત ખરી કહી, સાહેબ !' એક અવાજ આવ્યો.

શિક્ષકે ચારે કોર નજર કરી, પણ અવાજ કરનારો પરખાયો નહિ. તેથી તેમણે આખા વર્ગને ઉદ્દેશીને વિદ્યાર્થીના ધર્મ વિષે પંદર મિનિટ લાંબું એક લેકચર આપી દીધું. લેકચર પૂરું થતાં, શિક્ષકે અંગ્રેજી પાઠ ઉઘાડયો ત્યારે, આખા વર્ગે નિસાસો નાખ્યો. આવું સુંદર લેકચર સાંભળવું મેલી, લૂખા અંગ્રેજી ભણતર પર તેમને પ્રેમ ન ઉદ્દ્ભવે તે સ્વાભાવિક હતું.

●

હરિ અને શંકર બે ગોઠિયા હતા. ગામમાં એક ફળીમાં રહેતા હતા. હરિ હતો દશા નીમો વાણિયો, અને શંકર હતો ત્રિવેદી મેવાડો બ્રાહ્મણ—પણ બેઉની જોડી એવી જામી ગઇ હતી કે સૌ બન્નેને 'હરિશંકર' એવા એક જ નામે ઓળખતા. એ હરિશંકરને મોહન સાથે ઠીક ઠીક બેઠક-ઊઠક હતી—દોસ્તી હજી થઇ નહોતી, પણ મોહન જો કોઇની યે સાથે થોડી પણ છૂટથી વાત કરતો હોય તો આ બે જણાની સાથે.

મોહન છાત્રાલયમાં રહેતો હતો. એ છાત્રાલયનો કોઈ ગૃહપતિ નહોતો. એનું વ્યવસ્થાપક મંડળ હતું જ. મંડળનો પ્રમુખ પણ હતો, એક મંત્રી પણ હતો, એક સહાયક મંત્રી પણ હતો. છાત્રાલયના છાત્રો નાટ્યપ્રયોગો કે એવો કોઈ જાહેર કાર્યક્રમ રાખતા ત્યારે આ બધા હોદ્દેદારોથી આગલી હાર શોભી રહેતી. મુખ્ય મંત્રી પોતે અનાજ ઘી તેલના વેપારી હતા. એટલે છાત્રાલયને લાયકનો માલ હાથ

આવતાં, તે સીધો છાત્રાલયમાં રવાના કરી દેતા, ને તેનો હિસાબ પણ રાખતા. આમ છાત્રાલય સરળતાથી ચાલતું હતું. છોકરાઓ ખાતા હતા, પીતા હતા અને ઊંઘતા હતા; છાત્રાલયના એ ભાડાની મકાનની નાનકડી અગાશી પર ચડીને કોઈ કોઈ વાર, કોઇ કોઇ હિંમતવાળા છોકરા હવા પણ ખાઈ લેતા હતા. તેઓ ભણતા હતા એ વિષે કાયદેસર શંકા કરી શકાય નહિ, કારણકે હાથમાં ચોપડીઓ લઇને તેઓ રોજ શાળામાં જતા દેખાતા હતા, અને ત્યાં તેમની હાજરી સુદ્ધાં પુરાતી હતી.

મોહન આ છાત્રાલયનો છાત્ર હતો.

હરિનો ભાઈ જયસુખ એલ્. એલ્. બી માં ભણતો હતો. પહેલા વર્ષની પરીક્ષામાં નપાસ થવાથી, હવે ઘેર આવ્યો હતો, ને ચાર મહિના ઘેર રહીને અભ્યાસ કરી ફરી પરીક્ષામાં બેસવાનો હતો. બે દિવસથી સ્કૂલમાં ચાલી રહેલી 'જૂઠા'ની ગમ્મત સાંભળી એનું વકીલ મગજ સળવળ્યું. 'તક ચૂકે તે કદાપિ સફળ વકીલ થઈ શકે નહિ' એવું એના એક પ્રોફેસરે ફરી ફરી ઉચ્ચારેલું સૂત્ર તેને યાદ આવી ગયું. તે બોલ્યો: 'હોશિયાર, મારા નાનકડા વકીલ મગજ! અહીં તારી તક છે. કર જોર!'

મોહનને લઈને આવેલા હરિશંકરને એણે કહ્યું: 'હરિ! તો તારા આ મિત્ર અરજી કેમ કરતા નથી?'

હરિએ પૂછ્યું: 'શાની અરજી?'

જયસુખે ગંભીર મોં કરી કહ્યું: 'તને ખબર ન હોય, પણ એમને તો ખબર હશે જ.'

હરિ–શંકરે મોહનની સામે જોયું. મોહન કાંઈ સમજ્યો નહિ.

જયસુખે કહ્યું: 'કદાચ એમને પણ ખબર નહિ હોય.... બનવાજોગ છે. પણ આપની ખડાયતા જ્ઞાતિ પાસે લાખોનાં ટ્રસ્ટ ફંડો છે એ તો તમે જાણતા હશો, માસ્ટર મોહન ?'

આ 'માસ્ટર મોહન' શબ્દે જાદુ કર્યો.

'લક્ષ્મીકાન્ત નાટક મંડળી' ગામમાં આવી ત્યારથી માસ્ટર ધૂળિયા, ને માસ્ટર બેચરનાં નામો ગામનાં આબાલ-વૃદ્ધ સૌની જીભને ટેરવે રમતાં હતાં. 'માસ્ટર મોહન' સંબોધનમાં મોહનને કંઈ અજ્ઞાત ગૌરવનો અનુભવ થયો.

તેણે માથું હલાવી હા કહી.

જયસુખે કહ્યું: 'શેઠ જૂઠાનું નામ પણ તમે સાંભળ્યું હશે વારૂ !'

મોહને ના કહી.

'વાત એમ છે કે શેઠ જૂઠા એ ખડાયતા જ્ઞાતિના મહાપુરુષ હતા. કોટ્યર્કજીમાં રૂપિયા દશ હજાર ખરચીને તેમણે મંદિરનો સમુદ્ધાર કરાવ્યો હતો, ને સેંકડો બલકે હજારો રૂપિયાનાં દાન કેળવણી પ્રીત્યર્થે આપ્યાં હતાં. મર્હૂમ પોતાની પાછળ લાખો રૂપિયાની મિલકતનું ટ્રસ્ટ મૂકી ગયા છે. તેમાંથી અમદાવાદમાં એલિસબ્રિજ વિસ્તારમાં એક નવું

છાત્રાલય તથા એક ' જૂઠા હૉલ ' બંધાવાનો છે. શેઠ જૂઠાનું નામ આજે દાનવીરોમાં મોખરે આવી ગયું છે, જાણો છો, માસ્તર જૂઠા ? '

કેવી ય રીતે, આ વખતે જૂઠા સંબોધન મોહનને મીઠું લાગ્યું. તે રસથી સાંભળી રહ્યો. હરિ ને શંકર આશ્ચર્ય પામી જોઈ રહ્યા.

જયસુખે આગળ ચલાવ્યુ: ' વાત એમ છે કે જીંદગી કંઈ ફૂલની પથારી નથી. શેઠ જૂઠાને પણ જીંદગીમાં ઘણી હાડમારીઓ વેઠવી પડી હતી. પરંતુ શેઠ બહુ હિંમતવાળા હતા. હાડમારીઓથી ડરી ભાગે એ કદી પણ મોટાં કામ કરી શકે નહિ. આ જૂઓને, એલ્ એલ્ બી.નું ભણતર એટલે તમે શું સમજો છો ? તમે પાંચ વરસથી અંગ્રેજી ભણો છો, પણ એક શબ્દ તો વાંચો—Jurisprudence, જુરિસપ્રુડન્સ ! શબ્દ જ કેવો છે ! પણ એવા ગાલભાંગુ શબ્દોનો જ આખો પોથો છે—' આમ કહી એણે ભણતતરના મોટા મોટા ત્રણચાર પોથા ઊંચકીને છોકરાઓને બતાવ્યા. બશેરબશેરનું તો એનું વજન હશે ! છોકરાઓ બિચારા આભા બની જોઈ રહ્યા. હવે તેમને ખ્યાલ આવ્યો કે તેઓ કોઇ સાધારણ માણસની સાથે વાત નથી કરી રહ્યા. હરિનું પણ પોતાના ભાઈ પ્રત્યેનું માન ખૂબ જ વધી ગયું.

જયસુખે કહ્યું: ' હું માનું છું કે દુનિયામાં કોઇએ કોઇને જૂઠા કહેવાનો હક નથી, કારણકે તમે કોઇને જૂઠો કહો, ને તે જો જૂઠો ન હોય અથવા તેની જૂઠા થવાની ઈચ્છા ન

હોય તો તમે પોતે જૂઠા ઠરો છો. પણ બીજાને જૂઠા કહેવાના દોષમાં આવ્યા વગર તમે જેને જૂઠા કહી શકો એવા તો એક શેઠ જૂઠા જ હતા.'

'અને બીજા આ અમારા મિત્ર છે!' હરિ-શંકરે કહ્યું.

'એ વિષે મને પૂરી ખબર નથી.—'

થોડીવાર રહી જયસુખે આગળ ચલાવ્યું: 'શેઠ જૂઠા મુંબઈના શેરબજારમાં સાધારણ દલાલ હતા. તેમાં એમણે કેટલાક ઘરાકોની વતી સોદાઓ કરેલા; એ સોદાઓમાં એકદમ જ એવો ઉછાળો આવી ગયો કે તેમાં લાખોનો નફો જોઇ શેઠે એ વિષે પેલા ઘરાકોને ન જણાવતાં, પોતે જ એનો બધો નફો ઓળવો ગયા. ઘરાકોએ પૂછ્યું: 'અમારા સોદાઓ ક્યાં?' શેઠે કહ્યું: 'મેં તમારા ઓર્ડર લીધા જ નથી.' એકસામટા બાવન ઘરાકોના ગળામાંથી અવાજ નીકળ્યો: 'જૂઠો!' શેઠે કહ્યું: 'હા, અમે જૂઠા! હવે છે કાંઇ!' એ દિવસથી શેઠ, જૂઠા નામે ઓળખાયા. એટલે હું કહું છું કે બીજાને જૂઠો કહેવાના દોષમાં આવ્યા વગર જૂઠો કહી શકાય તેવો તો એક જ નર આ પૃથ્વી પટ પર થઈ ગયો....'

થોડીવાર સૌ ચૂપ રહ્યા.

જયસુખે શાંતિનો ભંગ કરતાં કહ્યું: 'આપણા આ માસ્ટર જૂઠાના પિતા કે પિતામહ કે પ્રપિતામહ શેરદલાલ હતા કે નહિ, બાવન જીભે એમને જૂઠા કહેલા કે નહિ તે હું નથી જાણતો, ને હું કંઇ જાણવા યે નથી માગતો, પણ વાત એમ છે—અને મુદ્દાની વાત જ એ છે કે શેઠ જૂઠા

પોતાની પાછળ લાખોનું ટ્રસ્ટ ફંડ મૂકતા ગયા છે. તેમાં દશ હજાર રૂપિયાની રકમનું એક જુદું જ ટ્રસ્ટ કરેલું છે. સદ્ભાગ્યે મારા પ્રોફેસર મિત્ર એ ટ્રસ્ટના એકલા ટ્રસ્ટી છે.'

'ઓહો! ત્યારે મુદ્દાની વાત તો હજી હવે શરૂ થાય છે!—' ત્રણે જણ આતુર બની સાંભળી રહ્યા.

'વાત એમ છે, અને મુદ્દાની વાત જ એ છે કે એ દશ હજાર રૂપિયાનું વ્યાજ જૂઠા અટક ધરાવનારા શખ્સને દર મહિને આપવું એવી શેઠે ટ્રસ્ટમાં આજ્ઞા કરેલી છે. આજકાલ કરતાં આ વાતને વીસ વરસ થઇ ગયાં; પણ હજી એવી અટકવાળા કોઇએ અરજી કરી નથી તેથી એ વ્યાજની જ રકમ પાંચ છ હજાર જેટલી તો બની ગઇ છે.'

'ઓ...હો...હો!' સૌ બોલી ઊઠ્યા.

જયસુખે ઠાવકા બની હરિ-શંકરને કહ્યું: 'આ તમારા મિત્ર માસ્ટર જૂઠાની અટક વિષે તમે મને કહ્યું ત્યારે મને મારા પ્રોફેસર મિત્રે કહેલી આ વાત યાદ આવી. મને થયું કે, શું કામ તમારા મિત્રને જ આ કીમતી લાભ ન મળે?'

'તો પછી આ ભણવાની લપમાંથી છુટ્ટા! કાં, ખરુંને?' હરિએ મોહનને હલાવી નાખ્યો.

જયસુખે મુદ્દો ઠસાવવાની વકીલ-ઢબે કહ્યું: 'નહિ, ટ્રસ્ટની એ શરત છે કે આવી અરજી આવ્યા પછી, માસિક ઉત્પન્ન થતું વ્યાજ જ અરજદારને અપાય. અને તે પણ ટ્રસ્ટની બીજી શરતો મુજબની અરજી હોય તો જ.'

'ટ્રસ્ટમાં બીજી કઈ શરતો છે?'

'અરજદારે જીવતાં જીવત અરજી કરવી જોઈએ. અરજી પોતાને જ હાથે કાગળ ઉપર શાહીથી સ્વચ્છ અક્ષરે લખવી જોઈએ. અરજીની નીચે સહી પણ એણે પોતે જ કરવી જોઈએ.'

'કબૂલ!' મોહનથી બોલાઈ ગયું.

'બીજી શરત એ છે કે અરજદારે ઓછામાં ઓછું મૅટ્રિક સુધીનું ભણતર ભણવાની ખાતરી આપવી જોઈએ—તથા અભ્યાસમાં ઉત્સાહી છે એવું હેડમાસ્તરનું સર્ટિફિકેટ રજુ કરવું જોઈએ—પોતાની અટક જૂઠા છે એ વિષે બીજા કોઈ એક ગૃહસ્થની સહીનું સર્ટિફીકેટ પણ જોઈએ—'

આ સર્ટિફીકેટોની વાત અઘરી હતી. મોહનનું મોં ઊતરી ગયું.

જયસુખે ભારપૂર્વક સમજાવતાં કહ્યું: 'સર્ટિફિકેટો તો જોઈશે જ. તમે જાણો તો છો, માસ્તર જૂઠા, સર્ટિફિકેટ વગર આ દુનિયામાં જીવી જ શકાતું નથી. સરકારી પેનશન ખાનારાએ મહિને મહિને પોતે હાલતોચાલતો હયાત છે તથા જે શખ્ખ હયાત છે તે એ પોતે જ છે એવું સાબિત કરવું પડે છે. અમારી વકીલોની પાસે તો એવા કેટલાયે કેસો આવે છે જેમાં માણુસ પોતે કોર્ટમાં સશરીરે હાજર હોય તો પણ કાગળીઆં પર સાબીત કરવું પડે છે કે તે જીવતો છે. તો પછી તમારે આવાં બે સર્ટિફિકેટ રજૂ કરવાં પડે તેમાં નવાઈ નથી. હું કહું છું, એમાં અઘરું પણ શું છે? હરિ-શંકર! તમે બેઉ જરા એમને સમજાવજોને! શા

સારૂ આવો ભારે લાભ ખોવો ? મહિને દહાડે પચીસથી ત્રીસ રૂપિયા ઘેર બેઠાં આવ્યા જ કરશે, ને માસ્તર જૂઠા ધારે તો એ ફંડમાંથી મદદ લઈને વિલાયત જઈને બાર બાલેટણુ પણ થઈ આવી શકે ! વિચાર કરી જોજો, ને કાલે મને કહેજો. જાઓ !'

જાઓ એટલે જાઓ ! ત્રણે છોકરા ઊઠી ગયા.

હરિ અને શંકર હવે મોહનને વળગ્યા. શા સરૂ આવો ભારે લાભ જવા દેવો ? મહિને રૂપિયા પચીસથી ત્રીસ ! અરે, દોસ્ત ! તું તો વિલાયત જઈને બાર બાલેટણુ બની જવાનો !—"

મોહનનેય બાર બાલેટણુનું સ્વપ્નું ગમ્યું. ઘડીભર તેની આંખો આગળ દૃશ્ય દેખાયું—જાણે પોતે વિલાયત ગયો છે, ને ત્યાંથી બાર બાલેટણુ બનીને ઘેર આવ્યો છે. આખું ગામ એનું સામૈયું કરવા આવે છે, ને બાલેટણુને ફૂલડે વધાવે છે. ચાંદીની કાસકેટમાં ત્રણ ચાર રંગમાં છાપેલું માનપત્ર—સ્વપ્ન ઊડી ગયું, અને એની આંખ આગળ, બે દિવસ પહેલાં વર્ગશિક્ષકે પાછલા ધોરણમાં બેસાડવાની આપેલી ધમકી યાદ આવી. એ ઉદાસ બની ગયો.

હરિ–શંકરે બહુ સમજાવ્યો, ત્યારે તેણે કહ્યું: 'પણ વોરા સાહેબ તો મને ચોથા ધોરણમાં બેસાડી દેવાનું કહ્યા કરે છે, ત્યાં હું સારા અભ્યાસનું સર્ટિફિકેટ લાવું ક્યાંથી ?'

'હવે એમાં શું, દોસ્ત ! જરા સારો અભ્યાસ કરી કાઢવાનો !'

'કરી કાઢવાનો' બોલ્યા ! પણ કરવો કેવી રીતે ? છાત્રાલયમાં બધું એવું છે કે મને વાંચવા બેસવાનું મનજ થતું નથી, ને વાંચું છું તો કશું યાદ રહેતું નથી. પેલે દિવસ હું ઇતિહાસમાં વાંચતો હતો કે રજપુત કન્યા સાથે અકબરે શાહજાદા જહાંગીરની શાદી કરી. એટલામાં ઓરડીમાં બેચાર છોકરાઓએ એવી બાઝાબાઝી કરી મેલી કે મારું ચિત્ત ચળી ગયું ને હું ગોખવા લગી ગયો કે અકબરે જહાંગીર સાથે શાદી કરી, અકબરે જહાંગીર સાથે શાદી કરી ! આપણા પૂનમચંદભાઈ સાહેબ એ સાંભળી ગયા ને 'અરુણુ'માં છાપી માર્યું ! વાંચવા બેસું છું તો આવું થાય છે, એટલે મને હવે એ ગમતું જ નથી.'

'પણ દોસ્ત ! મહિને પચીસ રૂપિયાની સ્કૉલરશિપ એટલે તું શું સમજે છે ? પચીસ રૂપિયા તો મેટ્રિક થયેલાને યે નથી મળતા. વળી તું નંબર એકનો સ્કૉલર કહેવાઈશ એ જાણે છે ! સ્કૉલર—શું સમજ્યો ?' સ્કૉલર ! હરિએ કહ્યું.

'પણ દોસ્ત ! એમાં અમારો ભાગ રાખવો પડશે—અમારે પૈસા નથી જોઈતા—ફક્ત મહિનામાં ચાર વખત સિનેમા ને કોક દિવસ જરા મીઠાઈ—એ તો તને ય ક્યાં નથી ભાવતી !'

: ૩ :

ઘણી સમજાવટ પછી, છેવટે મોહને સ્કૉલરશિપ માટે અરજી કરવાનું કબુલ કર્યું. અરજીની સાથે મોકલવાના

સારા અભ્યાસ માટેનું સર્ટિફિકેટ લેવા તે હેડમાસ્તરની પાસે ગયો. હેડમાસ્તરે એને વર્ગ–શિક્ષક પાસે મોકલ્યો.

વર્ગશિક્ષક મિ. વોરાએ પૂછ્યું: 'તારે સર્ટિફિકેટ જોઇએ છે, શું કરવા ?'

'સાહેબ, વાત એમ છે કે મારે એની ખાસ જરૂર છે.'

'ખાસ જરૂર છે એ તો જાણ્યું, પણ હું એમ પૂછું છું કે શા માટે એની ખાસ જરૂર છે ?'

'સાહેબ......એના વગર ચાલે એમ નથી. આપ ભલામણ કરો તો હેડમાસ્તર સાહેબે હા પાડી છે.'

'એ તો ખરું, પણ જોઈએ છે શા માટે ? ઘરમાં મઢાવી રાખવું છે કાંઈ ?'

આટલી ટક્કર મોહને કદી લીધી નહોતી. સવાલ-જવાબમાંથી છૂટવા માટે તેને આ વખતે 'હા' કહેવાનું મન થયું, પણ તેનાથી બોલાયું નહિ. તેણે લોચો વાળ્યા કર્યો:

'સાહેબ, જોઈએ છે.'

વોરા સાહેબ જાણે કંઈ સમજ્યા હોય તેમ બોલ્યા: 'ઠીક,...જોઈએ છે. અને શા માટે જોઈએ છે એ કહેવું નથી. તો ભલે, આપીશ.'

"આજે જ જોઈએ, સાહેબ !'

'આજે જ...તો લઈ આવ તારું પ્રગતિપત્રક...તારો અભ્યાસ—'

'સારો છે એવું આપે લખવાનું છે.'

'મારે શું લખવું એ પણ તું નક્કી કરીને આવ્યો છે શું ? ઠીક, તો જુલાઈની આખરે વાત. આ મહિનાને અંતે તું ડાબી કે જમણી કઈ તરફ આગળ વધે છે તે જોયા પછી સર્ટિફિકેટ લખી શકાય.'

'પણ સાહેબ, મારે આજે જ....'

'તો શું મારે જૂઠું લખવું એમ તું ઈચ્છે છે ? પછી તારે ચોથા ધોરણમાં પાછા જવાનું થાય તો એ જ સર્ટિફિકેટ રજૂ કરી તારે મને બદનામ કરવો છે કાં ? એ નહિ બને !'

આમ કહી વોરા સાહેબે એને વિદાય થઈ જવા નિશાની કરી. હવે વધારે બોલવાનો અવકાશ ન રહ્યો.

હરિએ આ વાત જાણી ત્યારે કહ્યું: 'મેં તો પહેલેથી જ તને કહ્યું છે કે ભણી કાઢવાનું. એવું તે ભણતરમાં બન્યું છે શું ?

'પણ એ સર્ટિફિકેટ આપે કેમ નહિ ? દરેક જગાએ એવો કાયદો હોવો જોઈએ કે જેને જેવું જોઈએ તેવું સર્ટિફિકેટ માગતાં જ મળી જવું જોઈએ.' શંકરે કહ્યું.

'મારા મોટાભાઈ કહે છે કે એ સુવર્ણયુગ આવવાને હજી વાર છે. દરમિયાન માણસે પરીક્ષાઓ પાસ કર્યા વિના છૂટકો નથી. ટૂંકમાં સો વાતની એક વાત—મોહનને આટલી

સરસ તક છે તો એણે સ્કોલરશિપ કોઈ હિસાબે જવા દેવી ન જોઈએ. અભ્યાસમાં એને મદદ કરવાને આ સેવક તૈયાર છે.'

'હું પણ તૈયાર છું.'

: ૪ :

બીજા જ દિવસથી મોહનનું અભ્યાસ તરફનું આખું વલણ જાણે કે બદલાઈ ગયું. દરેકે દરેક વિષય તરફ એની સ્વાભાવિક રૂચિ જાગૃત થઈ. આમે એ ઠોઠ વિદ્યાર્થી તો નહોતો જ,—મોટા ભાગના વિદ્યાર્થીઓ ઠોઠ હોતા જ નથી, ઠોઠ તો કોઈક એકાદ હોય છે—પણ એની ભણતરપ્રીતિ આડેનો બંધ હવે તૂટવા માંડયો હતો. ધીમે ધીમે એની આત્મશ્રદ્ધા વધતી ચાલી. પહેલાં એને એવું હતું કે હરિશંકરના દબાણથી મારે ભણવા તરફ વિશેષ ધ્યાન આપવાનું છે, અને સ્કોલર થવાનું છે, પણ ધીરે ધીરે એવું બનતું ગયું કે એને પોતાને જ ભણવામાં એક પ્રકારનો રસ લાગવા માંડયો.

રમતગમતમાં પણ પહેલાં એને રસ નહોતો. કારણકે કોઈ પણ કામ સારી રીતે કરી શકવા વિષે એને શ્રદ્ધા જ નહોતી. અભ્યાસમાં રસ નહિ, તેથી વર્ગમાં એ કદી ઝળકતો નહોતો, અને તેથી જ એ કોઈની પણ સાથે હળતાં ભળતાં અચકાતો હતો. વખતે કોઈ કંઈ પૂછશે ને હું ભોંઠો પડી જઈશ એવું એને લાગ્યા કરતું હતું. પરંતુ હવે એ પણ રહ્યું નહોતું. હવે એને વર્ગમાં શિક્ષક સવાલો પૂછે ત્યારે બધા જ સવાલો મને જ પૂછે તો સારૂં એવું થતું.

થોડાક જ દિવસમાં વોરા સાહેબના ધ્યાનમાં આ ફેરફાર આવી ગયો. તેમણે તેની બારીકાઈથી નોંધ કરવા માંડી. મોહન અમથો અમથો તો ઊંચોનીચો નથી થતો ને, એની પણ તેમણે પરીક્ષા કરી જોઈ. શાળા છૂટયા પછી રમતગમતોમાં પણ તેમણે તેને હોંશથી ભાગ લેતો જોયો. આ જોઇ તેમને નવાઈ લાગી. તેમને વિજયનો ગર્વ થયો કે મારી ધમકીની એના પર અસર થઇ ખરી; હવે એ અભ્યાસરત બની ગયો છે એમાં શંકા નહિ.

હરિ-શંકરે જયસુખભાઈને પૂછી જોયું હતું કે સર્ટિ-ફિકેટ જુલાઈની આખરે આવે તો ચાલશે ને ? અને જયસુખે હા પાડી હતી. પણ સાથે સાથે સ્પષ્ટ કર્યું હતું કે સર્ટિફિકેટમાં અટક સ્પષ્ટ લખવી જોઇશે.

અગષ્ટની પહેલી તારીખે વર્ગશિક્ષકે હેડમાસ્તરની સહી સાથેનું સર્ટિફિકેટ મોહનના હાથમાં, વણમાગ્યું ધરી દીધું, અને તેને તેની અભ્યાસપ્રીતિ માટે ધન્યવાદ આપતાં કહ્યું: ‘આવી રીતે મંડયો રહીશ તો તું નામ કાઢીશ.’

સર્ટિફિકેટ હાથમાં લઈ વાંચી જોયા પછી મોહને કહ્યું: ‘આ નહિ ચાલે, સાહેબ ! આમાં મારું નામ લખ-વામાં ભૂલ થયેલી છે.’

‘ભૂલ ? ભૂલ શાની ? મોહનલાલ શિવલાલ શાહ—પૂરું નામ લખેલું છે ને ?’

‘શાહ જૂઠા એમ લખવું જોઈએ, સાહેબ !’

વર્ગશિક્ષક ફાટીઆંખે મોહનની સામે જોઇ રહ્યા. પેલે દિવસ 'શાહ જૂઠા' અટક વંચાયા પછી વર્ગમાં કેવો ખળભળાટ મચી ગયો હતો તેની તેમને ખબર હતી.

તેમણે પૂછયું: 'શાહ પૂરતું છે.'

'નહિ સાહેબ, શાહ જૂઠા લખવાની પૂરેપૂરી આવશ્યકતા છે.'

મિ૦ વોરા ફરી બીજું સર્ટિફિકેટ લખીને હેડમાસ્તરની સહી માટે લઈ ગયા, ત્યારે હેડમાસ્તરે પણ નવાઈ દેખાડી. પણ આ ફેરફારની જરૂર કોઈના કળ્યામાં આવી નહિ.

સર્ટિફિકેટ લઈને હરિશંકર અને મોહન જયસુખની પાસે ગયા. જયસુખે સર્ટિફિકેટ જોઈને, મંદ હસીને કહ્યું: 'બરાબર છે. ચાલશે. પણ બીજા એક ગૃહસ્થનું સર્ટિફિકેટ અટક વિષે જોઈશે તેનું શું?'

ઘણી વાટાઘાટ પછી એવું ઠર્યું કે બીજા એક ગૃહસ્થ તરીકેનું સર્ટિફિકેટ જયસુખે પોતે જ આપવું. કારણકે કૉલેજમાં એમને 'જેન્ટલમેન' કહેવામાં આવે છે જ— અને તેમાં તેણે ખાસ ભાર દઇને લખ્યું કે આ વિદ્યાર્થીની અટક 'જૂઠા' છે, કારણ કે તેના પિતાની અટક 'જૂઠા' ને; તેના પિતામહની અટક 'જૂઠા' છે, કારણ કે તેના પિતાની અટક 'જૂઠા' છે. આ રીતે સાત પેઢીથી આ અટક ચાલતી આવી છે ને હજી બીજી સાત પેઢી સુધી તો એ

ચાલતી રહેશે. એવું જૂઠા પડવાની ધાસ્તી વગર કહી શકાય છે.

આટલું થયા પછી, જયસુખે થોડીવાર ટ્રસ્ટની શરતોનો ઊંડો વિચાર કરી લઈને કહ્યું: 'હં, પણ હજી એક સર્ટિફિકેટ ખૂટે છે.'

'વળી શું ખૂટે છે?' કાંઠે આવેલું નાવ ડૂબશે તો નહિ એ બીકે હરિશંકર બોલી ઊઠયા.

'અરજદાર કોઈનો દેવાદાર નથી એવું સર્ટિફિકેટ જોઈએ.'

'એનો શો અર્થ?' મોહને પૂછયું.

'પેન્શન પર ઊતરેલા અમલદારોએ પણ દરમહિને સાબીત કરી આપવું પડે છે કે તેઓ દાર અને હયાત છે. તો પછી આ તો ટ્રસ્ટ કહેવાય—રકમ પણ કંઈ નાની સૂની છે? માસ્ટર જૂઠા ધારે તો આ ટ્રસ્ટના જોરે વિલાયતના લાટ સાહેબોની પણ મુલાકાત લઈ શકે છે. કાં, માસ્ટર જૂઠા! તમે પોતે કોઈનું કંઈ દેવું કરેલું છે ખરું? ટ્રસ્ટની રકમ કોઈનું દેવું વાળવામાં હરગીજ ન જ જવી જોઇએ એવું માગવાનો ટ્રસ્ટીઓને હક છે.'

મોહને કંઈ જવાબ દીધો નહિ.

હરિ-શંકરે કહ્યું: 'કહેને કે નથી.'

તોયે મોહન કંઈ બોલ્યો નહિ.

'મને લાગે છે કે માસ્ટર જૂઠાને કંઈક દેવું છે ખરું, તો મારી સલાહ છે કે તેમણે તે દેવું ભરપાઇ કર્યા પછી જ અરજી કરવી.'

બહાર નીકળ્યા પછી હરિ–શંકર મોહનને વળગી પડ્યા: 'ક્યાં છે દેવું તારે? ભસી મરતાં શું થતું'તું? તારે શું અમારી ફ્રિસ્ટ ખોવરાવવી છે?'

મોહને કહ્યું: 'દેવું છે, પછી નથી એમ હું કેવી રીતે કહું?'

'છે, શું દેવું છે? અમે તો કાંઈ જાણતા નથી.'

'જોષી છ રૂપિયા સાત આના ત્રણ પાઈ માગે છે, ને પટેલ જી. ડી. પાંચ રૂપિયા ચોદ આના છ પાઈ માગે છે. બધા મળીને થયા બાર રૂપિયા પાંચ આના નવ પાઇ. મહિને રૂપિયો વાળી શકું તો બાર મહિને દેવું વળી રહે, ને તોયે પાંચ આના નવ પાઈ તો ઊભા જ રહે. મારે નથી કરવી એવી અરજી!'

પ્રશ્ન વિકટ હતો. બાર સાડાબાર રૂપિયાનું દેવું વાળવું સહેલી વાત નહોતી. પણ દેવું વળાય નહિ, તો સ્કોલરશિપ મળે નહિ, ને સ્કોલરશિપ મળે નહિ તો ફ્રિસ્ટ ખવાય નહિ.

શંકરે કહ્યું: 'પણ તારે દેવું છે એવું કહેવાની જ શી જરૂર હતી? મારા મામા એકવાર કહેતા હતા કે દેવું

ન હોય એ મર્દ નથી, ડરપોક છે. દરેક ધંધાદારીને કંઈ ને કંઈ દેવું હોય જ છે. પણ તે કોઈને પોતાના દેવાની વાત, પૂછો તોયે કરતો નથી. તો પછી આપણે પણ એવું.'

હરિએ પણ એ વાતને ટેકો આપ્યો. પણ મોહને કહ્યું: 'દેવું છે છતાં નથી એવું કેવી રીતે કહી શકાય? ....પણ મેં એ જલદી જલદી વાળી નાખવાનો ઠરાવ કર્યો છે. સાંજે દૂધ પીવાનું બંધ કર્યું છે. નાટક સિનેમા જોવાનું——'

'તારે શાનું એ દેવું થયેલું?' વચમાં જ હરિએ પૂછ્યું.

'પટેલ જી. ડી. ની પાસેથી એક ચોપડીઓ હું વાંચવા લાવેલો, તે લાવ્યો તે જ દિવસે ખોવાઈ ગઈ—'

'ખોવાઇ ગઈ શું, કોઈ ચોરી ગયું.' હરિએ કહ્યું.

'અને જોષીની સાથે તીનપત્તી રમવાનો જરા ચસકો કરી જોયેલો—ખરેખર મને બહુ શરમાવા જેવું લાગે છે.'

હરિશંકરે વધારે કાંઈ કહ્યું નહિ.

: ૫ :

બે દિવસ પછી પટેલ જી. ડી. એ આવીને મોહનને કહ્યું કે મારી ચોપડીઓ મને મળી ગઈ છે, તમારે પૈસા આપવાની જરૂર નથી. તે જ સાંજે જોષીએ પણ મોહનને કહ્યું: 'પૈસા આજ ને આજ આપી દેવાની શી જરૂર હતી? હશે, આપ્યા તો કંઈ નહિ. બ્રિજિકનો સેટ આવશે.'

મોહનને નવાઈ લાગી, તેણે હરિ-શંકરને વાત કરી. તેમણે કહ્યું: ' એમ, ભરાઈ ગયા પૈસા? બહુ સરસ! બહુ સરસ!'

મોહને કહ્યું: ' પણ એ કેવી રીતે ભરાયા તે મને સમજાતું નથી.' જો કોઈએ મારી વતી ભર્યાં હોય તો મારે તેને ભરવા જોઈએ.'

' કોણે ભર્યા ને શા માટે ભર્યા એ પંચાતમાં ઉતરવાથી શો ફાયદો છે? કુદરતમાં ઘણું એવું બને છે જેનાં કારણ આપણે સમજી જ શકતા નથી. સખી ગૃહસ્થો ગુપ્ત દાન શા માટે કરે છે તે કોઈ કહી શકે છે?'

' તો શું આ કોઈ સખી ગૃહસ્થનું કામ હશે?'

' સખી નહિ તો સખા. હવે લપ છોડને. ચાલ જલદી, મારા ભાઈ આજે અમદાવાદ જાય છે—તારી અરજી લેતા જાય તો કામ થઈ જાય.'

ત્રણે જણા દોડતા જયસુખની પાસે પહોંચી ગયા. જયસુખ તે વખતે બિસ્તરો બાંધી રહ્યો હતો. હરિએ જઇને જાહેરાત કરી કે મારા મિત્રને હવે કંઇ દેવું નથી રહ્યું.'

' એમ? ખરેખર?'

મોહને માથું હલાવી હા કહી.

' જૂઠું તો નથી બોલતાને, માસ્ટર મોહન?'

' જૂઠું બોલવાની મારા બાપાએ મને ના કહી છે.

કહે કે દુનિયા આપણને ત્રણ પેઢીથી જૂઠા કહે છે, પણ દુનિયાને જૂઠી પાડીએ તો જ આપણે જૂઠા ખરા.'

'એમ ?' બિસ્તરાનો પટો ખેંચતાં ખેંચતાં આશ્ચર્ય પામી જયસુખ જોઈ રહ્યો.

મોહન કંઈ બોલ્યો નહિ.

'તો મોટાભાઈ, હવે મોહનને સ્કોલરશિપ મળી જશે ને ? આ જુલાઈ મહિનાથી જ મળે તો સારૂં.'

જયસુખે પ્રકરણ આટલેથી જ સમાપ્ત કરવા ધારેલું. તેની વકીલ બુદ્ધિને જરા અજમાયશ જોઈતી હતી તે મળી ગઈ હતી. પણ હવે તેને લાગ્યું કે આટલેથી પાછા ફરાય તેમ નથી. તેથી તેણે જવાબ દીધો: 'હા, મળશે જ. હું અમદાવાદ જઈને બધી વ્યવસ્થા કરી દઉં છું.'

છૂટા પડતાં હરિએ મોહનને કહ્યું: 'તને સ્કોલરશિપ મળે તો પહેલા જ મહિનાની રકમમાંથી પાંચ પાંચ રૂપિયા અમને દરેકને ઈનામ આપવા પડશે.'

'અને દર અઠવાડિયે એક સિનેમા તો ખરો જ." શંકરે કહ્યું:

'દર મહિને એક ફિસ્ટ'....હરિએ કહ્યું.

મોહને કહ્યું: 'એટલા બધા પૈસા હું ક્યાંથી લાવીશ ?'

શંકરે નવાઈ પામી કહ્યું: 'ક્યાંથી શું ! સ્કોલરશિપ કંઈ બે પાંચ રૂપિયા મળવાની છે તે ?'

'સ્કૉલરશિપની રકમ દેવામાં ન ભરી શકાય એમ જયસુખ ભાઈએ કહેલું, પણ નાટકસિનેમા ને ફિસ્ટમાં આપી શકાય કે કેમ તે આપણે એમને પૂછ્યું નથી. ઉપરાંત મેં બે વર્ષ લગી નાટકસિનેમા નહિ જોવાનો ઠરાવ કર્યો છે.'

'શું કહ્યું?' હરિ–શંકરે નવાઈ પામી પૂછ્યું.

'મેં બજારૂ મીઠાઈ બે વર્ષ સુધી નહિ ખાવાનો ઠરાવ કર્યો છે.'

'શું?'

'મેં આ સ્કૉલરશિપ નહિ લેવાનો ઠરાવ કર્યો છે. કારણ કે મારે તેની જરૂર નથી.'

'પણ અમારે જરૂર છે તેનું શું? અમે તારે માટે કેટલી દોડાદોડ કરી છે, અને તને મદદ કરવા અમે કેટલા આતુર છીએ એની તને ક્યાં ખબર છે?'

'ખબર છે, તમારો ઉપકાર હું કદી ભૂલી શકું તેમ નથી. તમે જ મારી ડોક ઊંચી રાખી છે, ને મને આત્મભાન કરાવ્યું છે. પણ બાર રૂપિયા પાંચ આના નવ પાઈ તમને આપીને મિત્રસેવાનો તમારો સંતોષ હું લૂંટી લેવા નથી ઈચ્છતો; એ રકમ આપણી સ્કૂલના ગરીબ વિદ્યાર્થીઓને મદદમાં આપવા હેડમાસ્તર સાહેબને આપવાનું મેં નક્કી કર્યું છે ને બધી જ બિના મેં મારા પિતાજીને લખી પણ જણાવી છે. મને વિશ્વાસ છે કે તેઓ મારી ભૂલ માફ કરશે, મારો પસ્તાવો સ્વીકારશે ને આટલી

રકમ મોકલી આપશે. ફરી કહું છું કે તમારો ઉપકાર હું જીવનભર ભૂલી શકું તેમ નથી.'

: ૬ :

લો કૉલેજની હૉસ્ટેલમાં પહોંચ્યા પછી પહેલું કામ જયસુખે કર્યું હરિને કાગળ લખવાનું. તેણે લખ્યું: "મેં તો માત્ર ગમત ખાતર 'જૂઠા' ટ્રસ્ટની વાત ઉપજાવી કાઢી હતી. એમ કરીને મારે જરા જોવું હતું કે મારી સમજાવવાની શકિત કેવી કામયાબ નીવડે છે. મને એ વિષે ઠીક ઠીક સંતોષ થયો છે, માત્ર જરા મારા પરીક્ષકોને સંતોષ કરાવી શકું તો ગંગા નહાયા! તારા મિત્રની આવી રીતે નિર્લજ્જ મજાક કરવા માટે મને ખરેખર ખૂબ દુઃખ થાય છે. હું તમારી ત્રણેની મોઢામોઢ મારી આ નાલેશીની કબુલત કરવાનો હતો; પણ એટલી હિંમત કરી શકયો નહિ. કદાચ એવી કબૂલત કરવી એ વકીલનું લક્ષણ નહિ હોય— મારા પ્રોફેસરને પૂછી જોઈશ. તારા મિત્રને મારી વતી દિલાસો આપજે.'

કાગળ લખી નાખ્યા પછી, પાકીટમાંથી પોસ્ટલ સ્ટામ્પ કાઢવા જતાં તેમાંથી એક ચિઠ્ઠી નીકળી પડી. નવાઇ પામી જયસુખે તે વાંચવા માંડી:

પૂજ્ય મોટાભાઈ,

હું ને શંકર અસલ મિત્રો ખરા, પણ મોહન સાથે મારે પહેલાં એવી મિત્રતા નહિ. પણ એની અટકને લીધે વર્ગમાં જ્યારે એની મશ્કરીઓ થવા માંડી ત્યારે મારું મન તેના તરફ વધારે ખેંચાયું. ધીમે ધીમે મને જણાયું કે

એના જેવો વિશ્વાસુ, ને સાફદિલ વિદ્યાર્થી હાઈસ્કૂલમાં બીજો નથી, હવે તો એ અભ્યાસમાં પણ ખંતથી આગળ વધી રહ્યો છે. લોકો ભલે એનો 'જૂઠા' કહે, પણ જ્યારે જૂઠું બોલવાને અમે કોઈ રીતે એને સમજાવી શકયા નહિ ત્યારે એનું દેવું વાળવાનું મેં ને શંકરે નકકી કર્યું. બે રૂપિયા પાંચ આના ને નવ પાઇ તો અમારી પાસેથી નીકળી શક્યા; ખૂટયા રૂપિયા દશ તે, બીજો કોઈ ઉપાય ન જડવાથી તમારા પાકિટમાંથી મેં લીધા છે. મિત્રની ખાતર મેં આ ચોરી કરી છે; એને સ્કોલરશિપ મળે તો સાથે અમારું પણ ગૌરવ વધે. અમને ખાતરી છે કે અમને પાંચ પાંચ રૂપિયા ઇનામના તો એ જરૂર આપશે. તેમાંથી આ દશ રૂપિયા વાળી દઈશું. મારી આ કસૂર માફ કરવાની તમને પ્રાર્થના કરું છું. સાથે સાથે મારા મિત્રને—હવે મારા ખરેખરા મિત્રને....સ્કોલરશિપ આપવામાં જરાયે ઢીલ ન કરવાનો તમને આગ્રહ કરું છું. લિ૰ આપનો હરિ.

કાગળ વાંચી જયસુખ વિચારમાં પડી ગયો. તેની આંખોમાંથી ટપ ટપ આંસુ એ કાગળ ઉપર પડયાં. ખરેખર વકીલ હૃદયને ન શોભે એવું એ આચરણ હતું. પરંતુ એ વિષે એમના પ્રોફેસરનો મત પૂછાવો બાકી છે.

બીડેલા પરબીડિયામાંથી કાગળ કાઢી તેણે બે લીટી તાજા-કલમની લખી નાખી: 'દશ રૂપિયાની ચિંતા ન કરતો, મેં રાજીખુશીથી એ આપ્યા છે. તારા મિત્રની ખરા દિલથી માફી માગું છું. આવો મિત્ર જેને મળે તે ભાગ્યશાળી છે. તને ધન્યવાદ!'—

જયસુખનો પત્ર લઈ હરિ અને શંકર વર્ગશિક્ષક વોરા સાહેબની પાસે ગયા, ને બનેલી બધી વાત કહી પત્ર વંચાવ્યો. બધી વાત શાંતિથી સાંભળી લીધા પછી એ બોલી ઊઠયા: 'ઓહ! ત્યારે અમે પણ મૂર્ખ છીએ! મેં માન્યું કે મારી ધમકીને લીધે મોહન હોશિયાર બની ગયો. પણ ના, એ તો એના મિત્રોના સ્નેહદબાણને લીધે બદલાઈ ગયો! અમારા બી. ટી. ના ભણતરમાં મૈત્રીબળનું તો નામે નથી આવતું!'

તરત તેઓ બંને છોકરાઓને લઈને હેડમાસ્તર સાહેબની પાસે દોડયા. હેડમાસ્તર સાહેબ તે વખતે મોહનના પિતાનો પત્ર વાંચતા હતા. બાજુમાં જ કંઈક પૈસા પડેલા હતા. એક દશ રૂપિયાની નોટ, બે રોકડા અને થોડું પરચુરણ હતું.

બીજે દિવસે શાળાના તમામ વિદ્યાર્થીઓને ભેગા કરી હેડમાસ્તર સાહેબે લાંબું પ્રવચન કરી, આગલે દિવસે શાળાસમિતિએ કરેલા ખાસ ઠરાવની સૌને જાણ કરી. શાળાસમિતિએ મોહનને 'સંસ્કાર-ચંદ્રક' આપવાનો ઠરાવ કર્યો હતો!

આખી શાળાએ હાથ દુખવા આવ્યા ત્યાં લગી તાળીઓ પાડી. મોહન શરમથી નીચું જોઈ ગયો. એની બે બાજુ બેઠેલા હરિ અને શંકરની આંખો ગર્વથી હસું હસું થતી હતી. એમના હાથ તાળીઓ પાડવાને બદલે ઢોલ પીટવાને તલસતા હતા!

જાદુઈ શાહી

સ્નેહસંમેલનમાં કાકાનો પાઠ ભજવ્યો ત્યારથી રણછોડને અમે 'રણછોડકાકા' કહીને બોલાવતા હતા. ભરાવદાર બેઠા ઘાટના ધડ ઉપર દબાવીને બેસાડેલું માથું, ટૂંકા કાન ને મોટા કોડા જેવી ચમકદાર આંખો કાકાનું કાકાપણું શોભાવતાં. નવનીત ને હું કાકાના અતિ નિકટના ભત્રીજાઓ હતા.

પંડિત માસ્તર હમણાં તાજા જ અમારી શાળામાં શિક્ષક તરીકે ભરતી થયા હતા. તેમને વિષે, તેમના આગમન પહેલાંથી જ અનેક વાતો વિદ્યાર્થીઓમાં પ્રચલિત થઈ ચૂકી હતી. કોઈ કહેતું, તેમણે કૉલેજના ગોરા પ્રિન્સિપાલને અંગ્રેજી બોલાવામાં મહાત કરી દીધા હતા; કોઈ કહેતું, કૉલેજમાં ભણતા ત્યારે બી. એ. નો સંસ્કૃત ભાષાનો વર્ગ તેઓ જ લેતા હતા, અને તેમનો પ્રોફેસર શાસ્ત્રી એક કોરે બેઠો બેઠો ચોટલીની ગાંઠ રમાડ્યા કરતો; કોઈ કહેતું, તેઓ કવિ છે, લેખક છે અને કંઈ કંઈ છે. સૌથી વજનદાર પુરાવો હેડમાસ્તરના દીકરાનો હતો. તેણે સોગનપૂર્વક જાહેર કર્યું

હતું કે પંડિત માસ્તર મહા વિદ્વાન હોવાની તેને ખાતરી થઈ ગઈ હતી કારણકે તેમણે લખેલા કાગળમાં મથાળે તેમનું નામ છાપેલું હતું !

નવો શિક્ષક પોતાની કારકીર્દિની શરૂઆતમાં વિદ્યાર્થીઓ ઉપર છાપ પાડવા ખૂબ જ જાગૃત રહેતો એનો અમને આ પહેલાં ઠીક ઠીક અનુભવ થઈ ગયો હતો. અમ કાકાભત્રીજાની ત્રગડી નવા શિક્ષક પર છાપ પાડવા એથી વધુ આતુર રહેતી. આ હરીફાઈમાં ઘણી વખત શિક્ષક જ હારતો, કારણકે એ બિચારાની પાસે સાધનો કેટલાં મર્યાદિત ! શિષ્ટતા ને સભ્યતા એનાથી છોડાય નહિ ! નાકમાંથી શરણાઈ જેવો અવાજ કાઢતાં એને આવડે નહિ. ભર્યા ભાદર્યા ઓરડામાં કાબરની લડાઇ, કૂતરાની લડાઇ, બિલાડાંની બાઝાબાઝી અગમ્ય રીતે ઉત્પન્ન કરવાનો જાદુ એને ક્યાંથી આવડે !

જવા દો. પંડિત માસ્તરે પહેલે જ દિવસે, પહેલા જ પીરિયડમાં વર્ગના ઉમરામાં પગ દીધો કે તરત વર્ગમાં ક્યા બે ગધેડાઓએ ભૂંકણુ શરૂ કરી દીધું એ હું કહી શકતો નથી. પણ મેં જોયું તો પંડિત માસ્તર શાંતિથી વર્ગ ભણી જોઈ રહ્યા હતા. બે પળ, અને પછી તેમણે જાણે કંઈ જ ન બન્યું હોય તેમ ખુરશીમાં પોતાની જગા લીધી અને જાણે ઘણા વખતથી ભણાવતા આવ્યા હોય એવી અદાથી સંસ્કૃતનો નવો પાઠ આપવો શરૂ કરી દીધો. ભૂંકણુને ઉદ્દેશીને કંઈક વ્યાખ્યાન કે સદુપદેશ થશે એ આશાએ જે બેચાર વિશિષ્ટ પ્રકારના અવાજો કરી દેખાડવાની અમારી હોંશ અમે દબાવી રાખી હતી તે એળે ગઈ.

બીજો દિ', ત્રીજો દિ', એમ દિવસો જવા લાગ્યા.

'આમ ન ચાલે.' અંતે એક દિવસ થાકીને કાકાએ ઉદ્દગાર કાઢ્યા.

'તાળાબંધ મેજના ખાનામાંથી રજિસ્ટર કાઢતાં ખિસકોલીનું બચ્ચું નીકળી પડયું; તો યે એ મૂરખને એ અંદર આવ્યું કયાંથી એવો પ્રશ્ન સૂઝતો નથી. પછી આપણે શું કરીએ ?' નવનીત બોલ્યો.

'ખિસ્સામાંથી ખિસકોલી નીકળે તો યે એને તો કંઇ સૂઝે તેવું લાગતું નથી.' મેં કહ્યું.

'જો રમણ ! આ તો આપણી આબરૂનો સવાલ છે. એક નવોસવો શિક્ષક આપણાં હથિયાર બુઠ્ઠાં કરી નાખે એ સહી નહિ લેવાય. વર્ગમાં પછી આપણી પ્રતિષ્ઠા શું રહે ?' કાકાએ માથું ખંજવાળી કહ્યું. ને ઘડીભર એ કંઈક વિચારમાં ડૂબી ગયા. અમને સમજતાં વાર ન લાગી કે કાકા કોઈ યુક્તિ ખોળી રહ્યા છે. સાગરમાં જેમ રત્નોની ખોટ નથી તેમ રણછોડકાકાના ભેજામાં યુક્તિઓનો અંત નથી.

એકાએક વિજયથી મદમાતી આંખ કાકાએ મારો ખભો ઝાલી મને હચમચાવી નાખી કહ્યું, 'કાં જનાબ ! કેવી યુક્તિ ખોળી કાઢી ?'

'પણ કઈ યુક્તિ ?'

'અરે યાર ! આ વખતે તો એવી ઉસ્તાદી બતાવવી છે કે એ પંડિત તો શું, એનું પૂછડું યે ઘડી ફફડી જાય ! આ વખત તો એને મેદાનમાં ખેંચી લાવું ત્યારે ખરો.'

'મેદાનમાં?' નવનીતે પૂછયું,

'હા, દોસ્ત મખ્ખન!' નવનીતનું નવનીત સરખું શરીર જોઇ કાકા એને મુરબ્બીવટમાં 'મખ્ખન' કહેતા. 'એ પંડિતને એક વખત વર્ગ વચ્ચે જ એવો બનાવીએ કે એને ગુસ્સે થવું જ પડે. એક વખત કંઈક સજા કરે, પછી જોઇ લ્યો બંદાની બુદ્ધિના ચમકાર!'

સોમવાર. ૧૨–૧૫ કલાકનો ટકોરો થયો. આજે પંડિત માસ્તર કેટલાંક 'નહિ જોએલાં' સંસ્કૃત વાકયો પાટિયા પર લખવાના હતા ને અમારે વર્ગમાં જ તેનું ભાષાન્તર નોટમાં લખી આપવાનું હતું. વર્ગ શરૂ થયો. પંડિત સાહેબે સાત સંસ્કૃત વાકયો પાટિયા પર લખ્યાં, ને પછી અમને તેનો તરજુમો લખવાનું કહી તેઓ ખુરશી પર બેઠા અને સામે મેજ પર પડેલી 'અભિનવપાઠાવલિ' નાં પાનાં ફેરવવા લાગ્યા.

થોડી પળ ગણુગણુાટ થઇ વર્ગમાં શાન્તિ છવાઈ ગઇ. કાકાએ મારી સામે જોયું. હું એમની પાછળની પાટલી પર બેઠો હતો. નવનીત કાકાની પાટલી પર છેલ્લો બેઠેલો હતો. એક પળ ત્રણેની આંખ મળી. અમે સમજી ગયા કે વખત થઇ ગયો.

એકદમ વર્ગમાં કોકના ગળામાંથી ઘૂંટાતો અવાજ ઘરૂરૂ....ર....કરતો આવવા માંડયો. કોને ઓચિંતાનું આ

દરદ ઊપડી આવ્યું એ જોવા છોકરાઓએ નોટબૂકમાંથી માથાં ઊંચક્યાં, ત્યાં તો ધડાક કરતા રણછોડના વિકરાળ હાથ લાંબા થયા ને તેની બે બાજુ બેઠેલા બે છોકરા જો વેળાસર સાવધ ન થઇ ગયા હોત તો એ બંનેની ગરદન રણછોડના હાથના ઝાટકાથી છેદાઇ ગયા વગર ન રહેત. હું એકદમ રણછોડની મદદે દોડી ગયો. બિચારાને પૂર્વજન્મનું દબાઈ રહેલું વાઈનું દરદ ઓચિંતાનું આજે ઊપડ્યું હતું ! એના હાથપગની નસો જોરજોરથી ખેંચાતી હતી. એની ગરદન અને અરધું શરીર બંને પાટલી પર લબડી પડ્યાં હતાં, અને પગ ઊંચા થઈ પાટલીનાં ઢળેલાં પાંખિયાંમાં ભરાઈ ગયા હતા. એના મોંમાં ફીણ ચડી આવશે એવું લાગતું હતું. શ્વાસ લેતાં નસકોરાંનો અંધારી રાતે ભય પમાડે તેવો અવાજ આવતો હતો. બિલકુલ થોભાય એવું હતું નહિ. નવનીત ને હું આવે વખતે સંસ્કૃત વાક્યોનો તરજુમો કરવામાં રોકાઇ રહીએ એવા સ્વાર્થી કદાપિ નહોતા.

મેં હળવેકથી રણછોડનું માથું ને હાથ ઝાલ્યા ને નવનીતે પગ પકડ્યા. પંડિત માસ્તર શું થયું છે તે પૂરૂં સમજે તે પહેલાં, તેમ જ એમને પ્રશ્નો પૂછવાની તકલિફમાં ઉતર્યા વિના, ‘ સાહેબ, અંધારે અંધારે એકલો રાતે પાઠ ગોખ્યા કરે છે, પછી શરીર ન બગડે ? ’ કહી ટાંગાટોળી કરી અમે રણછોડને ઉપાડી વર્ગ બહાર નીકળી ગયા. પંડિત માસ્તર કાંઇ ન સમજાય તેવા કુતૂહલથી અમારી પૂંઠળ જોઈ રહ્યા હતા. વર્ગમાંથી બહાર નીકળી થોડેક આગળ આવતાં મારા હાથ વજનથી તૂટવા લાગ્યા અને રણછોડ-

ભાઈનું કીમતી માથું જમીન સાથે ભટકાઇ પડ્યું. નવનીત વફાદારીથી હજી એ ને એ જ સ્થિતિમાં કાકાને ઊગમણી દશના આંબાના ઝાડ સુધી લઇ જવા તૈયાર હતો. પણ કાકાના સંતોષી સ્વભાવે આટલેથી જ બસ માન્યું, અને અમે ત્રણે કાકાભત્રીજાએ આંબા નીચે જવા દોટ મૂકી. દોડતાં દોડતાં મેં પૂંઠ ફેરવી જોયું તો પંડિત માસ્તર વર્ગના બારણા આગળ આવી પાછા ફરી ગયા હોય એમ લાગ્યું.

આંબા હેઠળ પહોંચતાં જ રણછોડ આરામથી લાંબો થઇ પડ્યો ને મોં દાબી જોરથી હસવા લાગ્યો નવનીત ને હું પણ એમાં જોડાયા. હસી હસીને થાક્યા એટલે હું ને નવનીત પાછા વર્ગમાં આવ્યા.

'સાહેબ!' વર્ગમાં દાખલ થઇ મેં પંડિત સાહેબનું ધ્યાન ખેંચવા ઊધરસ ખાધી! સાહેબે સામું જોતાં જ મેં કહ્યું, 'મારી બા ખરૂં કહેતી'તી. બહુ વાંચ વાંચ કરવાથી મગજ ફટકી જાય છે. રણછોડને એથી જ વાઈ આવેલી.'

'એમ?' પંડિત સાહેબે આશ્ચર્ય પામીને પૂછ્યું: 'તો હવે તેને કેમ છે?'

'હવે ઠીક છે, સાહેબ; બિચારો બહુ અફસોસ કરતો હતો કે સંસ્કૃત વાક્યો લખવાનાં રહી ગયાં. એને સંસ્કૃત પર ખૂબ પ્રેમ, સાહેબ! આપના વર્ગમાં એનો સૌથી વધારે જીવ. હમણાં તો સૂતો છે, સાહેબ!'

હસવું દાબી રાખી હું છાનોમાનો મારી જગ્યાએ બેસી ગયો. નવનીતે પણ પોતાની જગ્યા લઇ લીધી.

પાંચસાતેક મિનીટ થઈ હશે ત્યાં બારણામાંથી કોઈનો ધીમો તૂટતો અવાજ આવ્યો: 'May I...May I...' આખા વર્ગની નજર બહાર ગઇ ને સૌ ખડખડાટ હસી પડ્યા. મેં મનમાં ને મનમાં રણછોડને સાબાશી આપી. ખરી કરી દોસ્ત! મોઢા પર ચાકનો ભૂકો ચોપડી બરાબર 'ફિક્કુ ફસ' મોઢું કરીને એ આવ્યો હતો. કેટલું વાસ્તવિક!

પંડિત માસ્તરની રજા લઈને, ધીમો ધીમો, જાણે સાત વર્ષના મંદવાડમાંથી ઊઠ્યો હોય એવે પગલે, જાણે કોઈ બીજી દુનિયામાંથી અચાનક અહીં આવી પડ્યો હોય તેવી કુતૂહલ ભરી દૃષ્ટિ ચોમેર નાખતો તે પોતાની જગ્યાએ જઈને બેઠો ને પાટિયા પરનાં સંસ્કૃત વાક્યો સામે ભક્તિભાવથી તાકી રહ્યો.

'રણછોડ, તને મૂર્ચ્છા આવી હતી, નહિ?' પંડિત સાહેબે સહાનુભૂતિ દર્શાવી પૂછ્યું.

'જી હા, બહુ દિલગીર છું. સંસ્કૃત વાક્યોનો તરજૂમો મારાથી લખી શકાયો નહિ. હું ઘેરથી લખી લાવીશ.'

'ના, એવી કંઈ જરૂર નથી. તું સહેજ આરામ થતાં, કામની ચીવટથી પાછો વર્ગમાં આવ્યો એટલું જ બસ છે.

નવનીત ! મોં પર પાણી છાંટયું કે તરત મૂર્છા ઊતરી ગઈ હશે, ખરું ને ?'

'ના સાહેબ, પાણી છાંટવાની જરૂર નહોતી પડી.'

'હેં' શું કહે છે ? દાક્તરો કહે છે કે મૂર્છાના દર્દીના મોં પર પાણી છાંટવાથી એના મગજને ખૂબ રાહત મળે છે. તેથી રણછોડ, જા, મોં ધોઈ આવ.'

'જેવી આજ્ઞા !' કહી આજ્ઞાધીન રણછોડ મોં ધોવા ગયો. જ્યારે તે 'પાણી છાંટવાથી હવે મને વધારે આરામ લાગે છે' કહી તે વર્ગમાં દાખલ થયો તે જ પળે પંડિત માસ્તરનો સમય પૂરો થવાના ટકોરા વાગ્યા, ને આખો ઓરડો હાસ્યથી ગાજી રહ્યો.

સાંજે પંડિત માસ્તરે અમને ત્રણને ઑફિસમાં તેડાવ્યા, ને ખૂબ શાંતિથી મંદમંદ હસતાં કહ્યું: 'તમારા ત્રણેનો અભ્યાસપ્રેમ જોઈ હું બહુ ખુશ થયો છું અને એની કદર રૂપે બીજું તો કંઈ આપી શકતો નથી, પણ પાઠાવલિનો પંદરમો પાઠ બે વખત સારા અક્ષરે લખી લાવવાનું આપું છું. આવતા મંગળવારે વર્ગમાં મને એ લખેલું બતાવજો. ગુડ બાય !' પંડિત સાહેબ તરત ઑફિસ છોડી ચાલ્યા ગયા અને અમે ત્રણે એકબીજાનાં મોં તાકતા ત્યાં ઊભા રહ્યા !

'આ જ મારે જોઈતું હતું. દેખ લે બચ્ચા હવે !' ઑફિસમાંથી બહાર નીકળ્યા પછી રણછોડ બબડયો.

'હવે શું દેખ લેવાનું છે? તારી ચાલાકી પકડી પાડી ને ઉપરથી સજા પણ ફટકારી. શો ફાકદો થયો?' મેં કહ્યું.

'શો ફાયદો થયો એ તરા જેવા કમઅક્કલને નહિ સમજાય. તમે તમારે હું કહું તેમ કર્યા કરો, ને હું કરૂં તે જોયા કરો.' કાકાએ મગરૂરીથી કહ્યું.

'શું જોયા કરે, ને શું કર્યા કરે? આ માથા પર બે પાઠ ઠોકાયા તે જોયું નહિ? એ પાઠ? કેટલી લીટીઓ? આખો રવિવાર એ લખવામાં જશે.' નવનીતે કહ્યું.

'તે શું રવિવાર આવું લખવા માટે છે? રવિવાર આરામનો દિવસ છે, ખેલવા કૂદવાનો દિવસ છે. મારો એક દોસ્તદાર કહેતો હતો કે વિલાયતમાં તો સૂરજ પણ રવિવારની રજા પાળે છે. કાયદો ને વ્યવસ્થાનું આપણા લોકોને બિલકુલ ભાન નથી એટલે જ આપણી આવી ગુલામ દશા છે. તું રવિવારે "વેઠ" નું લખવાનુ કહે છે? છટ્, ડૂબી મર!'

વખતે કાકાનાં ફિટકારવચનો સાંભળી વિરાગવશ થઈ નવનીત ખરેખર ઢાંકણીમાં પાણી ઘાલી ડૂબી મરે એ બીકે હું એને દૂર લઈ ગયો, ને અમે બંને ખભે દફતર ઝુલાવતા ઘેર ગયા.

બીજો દિવસ ગયો; ત્રીજો ગયો. આજે શુક્રવાર. બપો-

રની છૂટીમાં રણછોડ નિશ્ચિત મને મોંએથી સીસોટી વગાડતો ટહેલતો હતો. મને જોઈ તે બોલ્યો: 'કાં દોસ્ત!'

મેં તીખાશથી સંભળાવ્યું: 'દોસ્ત શાના વળી? માથે એ પાઠની વેઠ તો વળગાડી!'

રણછોડ ખડખડ હસી પડયો: 'તે કોણ એવી વેઠ કરવાનું છે! એ લખી લાવે એ બીજા.'

'તો તને વધારે સજા થશે.'

'વધારે સજા? અરે દોસ્ત, બંદા તો લખ્યા વગર છૂટી જવાના. તમે દિ' માથે કરી આંખો ફોડી મકોડા ચીતર્યે જાઓ, હું એ ઉપાધિમાં પડયા વગર જ છટકી જવાનો. હું નથી જ લખવાનો તે નથી લખવાનો, અને છતાં પંડિત સાહેબને કાનની બૂટ ઝાલી કબૂલ કરવું પડશે કે હું લખી લાવ્યો છું.'

નવાઈની વાત! મેં ને નવનીતે ખૂબ આગ્રહ કરતાં તેણે નવી યોજના કહી સંભળાવી. સાંભળીને અમારા હર્ષનો પાર ન રહ્યો. ખરેખર, યોજના સફળ થાય તો લખ્યા વગર જ સજામાંથી છટકી શકાતું હતું. ઘડીભર કાકાની બુદ્ધિ માટે અમને અહોમાન ઊપજ્યું.

સોમવારે પંડિત સાહેબે કેટલાંક ગુજરાતી વાકયો પાટિયા પર લખ્યાં. તેનું સંસ્કૃત સારે અક્ષરે નોટમાં લખવાનું સૌને કહ્યું. અમારે આવું જ કામ આજે જોઈતું હતું. મેં તીરછી આંખે રણછોડ સામે જોયું. રણછોડની

આંખમાં વિજયનું સ્મિત હતું. નવનીત પણ ચૂપકીથી મારી સામે જોઈ હસી લેતો હતો. સમય પૂરો થયો. હજી બીજાં થોડાંક વાક્યો લખાવવાનાં બાકી હતાં તેથી નોટો આવતી કાલે વર્ગમાં લાવવાનું કહી પંડિત સાહેબે વર્ગ છોડયો.

બપોરે નિબંધનો સમય આવ્યો. મહેતા માસ્તરે 'My journey in the sky' નામે નિબંધ લખવા આપ્યો. આખા નિબંધની રૂપરેખા બેપાંચ વાક્યોમાં એ બોલી ગયા, ને એ ખોખામાં પ્રાણ પૂરી જીવતો જાગતો નિબંધ ઉત્પન્ન કરવાનું કાર્ય એમણે અમને સોંપ્યું. સૌ જેને જેમ ફાવ્યું તેમ લખવા બેઠા અમારી ત્રિપુટી આજે મુકમ્મિલ આઝાદીના તોરમાં હતી. અમે જાણતા હતા કે અમે નહિ લખીએ, છતાં અમારા જેટલો સરસ નિબંધ આજે કોઈ લખી શકવાનું નહોતું. નિબંધની નોટો ભેગી કરી મહેતા સાહેબ સાથે લઈ ગયા.

બીજો દિવસ. મંગળવાર.

પંડિત માસ્તરે વર્ગમાં દાખલ થતાં જ સૂત્ર સંભાળ્યું. પાટિયા પર વાક્યો લખી રહી તેમણે વર્ગની સામે જોયું. દરમિયાન વર્ગના છોકરાઓ પોતપોતાની નોટોમાં ગઈ કાલે લખેલું લખાણ ખોળવા લાગી ગયા હતા. પણ કોઇને એ જડતું ન હતું! અમે પણ તેમની જેમ અમારી નોટનાં પાનાં ઉથલાવવા લાગી ગયા હતા. બહુ વારે એક છોકરો બોલી ઊઠયો: 'સાહેબ, મારી નોટમાંથી કોઈ પાનાં ફાડી ગયું લાગે છે!'

'શું ? એમ કહીને તારે મને છેતરવો છે ?'

'સાહેબ ! મારી નોટનાં પણ પાનાં કોઈએ ફાડી નાખ્યાં છે !' બીજો બોલ્યો. તરત ત્રીજો બોલ્યો, 'સાહેબ, મેં આ જ નોટમાં, આ જ પાના પર વાક્યો લખેલાં, પણ તે નથી !'

એક પછી એક દરેક જણે આવી ફરિયાદ કરી. હું પણ ઊભો થઈ મારી નોટ બતાવી બોલ્યો, 'સાહેબ, મારી નોટમાંથી પણ કોઈ લખેલું ચોરી ગયું છે.'

'ગજબ થઈ ગયો, સાહેબ ! આપે આપેલા સજાના બે પાઠ મેં કાલે જે કાગળમાં લખ્યા હતા, તે પણ આજે ગુમ !' રણછોડે કહ્યું. ગુમ શબ્દ તે એવી રીતે બોલ્યો કે મારા કાનમાં તેનો પડઘો ખૂબ મીઠો લાગ્યો.

પંડિત સાહેબ બાઘાની જેમ અમારી સામે જોઈ રહ્યા, ને સાથે આખા વર્ગનું લખાણ ગુમ થઈ ગયું જોઈ વિમાસણમાં પડી ગયા. ત્યાં ડાબા ખૂણામાંથી નવનીતના રડવાનો અવાજ આવ્યો. 'સા....હે....બ ! મેં કાલે કેટલી મહેનત કરી બધું લખ્યું હતું....આજે....' પંડિત સાહેબનું મોં જોવા જેવું લાગ્યું.

એટલામાં અમારા માનવંતા મહેતા સાહેબ હાથમાં નિબંધની નોટોનો થોકડો લઈ ધસતા આવ્યા ને પંડિત સાહેબની મૌન સંમતિ મેળવી એકદમ તાર સ્વરે બોલી ઊઠ્યા: 'આખો ક્લાસ બદમાસ થઈ ગયો છે. કાલે નિબંધ લખાવ્યો તે કોઈએ લખ્યો જ નથી !'

સૌ આભા બની ગયા. રણછોડથી બોલ્યા વગર ન રહેવાયું: 'સાહેબ, મેં લખ્યો છે.' આખો વર્ગ એક સાથે બોલી ઊઠયો: 'મેં પણ લખ્યો છે.'

મહેતા માસ્તરની આંખો લાલ બની: 'મારી આગળ ઠગાઈ....' પણ આગળ એ કંઈ બોલે તે પહેલાં પંડિત સાહેબે તેમને શાંત કરી કહ્યું: 'તમારા પણ બધા નિબંધ ઊડી ગયા લાગે છે. કોઈ માયાજાળ પથરાઈ છે.'

'શું?'

'હા. જુઓ, કાલે આ વર્ગમાં જેટલું કામ થયું છે એટલું બધું અદૃશ્ય બની ગયું છે.' કહી તેમણે થોડી નોટો બતાવી.

'આ તો અજબ!' કહી, મૂંઝવણમાં માથું ખંજવાળતા મહેતા સાહેબ વર્ગ છોડી ગયા. અમને સૌને આજે ખૂબ જ મજા પડી. આવો જાદુ અમે કદી જોયો ન હતો. મેં મનમાં ને મનમાં રણછોડને સહસ્ર ધન્યવાદ આપ્યા. પણ પંડિત સાહેબે પોતાનો સમય પૂરો થતાં વર્ગમાંથી બધા ખડિયા ઉપડાવી લીધા ને તે આખો દિવસ અમારે પેન્સિલથી કામ કરવું પડ્યું.

બીજે દિવસે બપોરે સાયન્સના સમયમાં સાયન્સ હૉલમાં જતાં અમે સૌ આશ્ચર્ય પામી ગયા. અમારા જૂના ને જાણીતા સાયન્સ શિક્ષકને બદલે વર્ગમાં પંડિત સાહેબ બેઠેલા હતા. એકબીજા સામે કુતૂહલની આંખ મિચકાવતાં


અમે અમારી જગ્યા લીધી. પંડિત સાહેબે કેરોસીનનો ખડિયો કાઢી બત્તી ચેતાવી. પછી તેમણે શાહીની બે નાની પ્યાલીઓ અમારી સામે ધરી કહ્યું: 'આજે આપણે એક નવો જ પ્રયોગ કરવાનો છે. પણ મને ખાતરી છે કે તમને સૌને તેમાં ખૂબ રસ પડશે.'

પંડિત સાહેબે એક વ્યાપક દૃષ્ટિ વર્ગ તરફ ફેરવી લીધી ને પછી રણછોડ સામે નજર ઠેરવી કહ્યું: 'રણછોડ, તું અહીં આવ ને આ જમણી પ્યાલીમાંની શાહીથી કાગળમાં ગમે તે બેત્રણ લીટી લખ.'

ઉત્સાહમાં રણછોડ એક કૂદકે સાહેબ પાસે પહોંચી ગયો અને જમણી પ્યાલીવાળી શાહીથી બેત્રણ લીટીઓ લખી. પછી તે તેણે સૌને વાંચી સંભળાવી: 'બધા પ્રાણીઓમાં ગધેડો સૌથી વધુ ડાહ્યો હોય છે. તે પૂંછડી હલાવે છે ને કાન ફફડાવે છે ત્યારે રૂપાળો લાગે છે.' આખો વર્ગ હસી પડ્યો. પંડિત સાહેબે પણ હોઠના ખૂણા દબાવી સહેજ હસી લીધું. પછી તેમણે રણછોડને કહ્યું, 'હવે આ બીજી શાહીથી બીજાં બેત્રણ વાક્યો લખ.'

રણછોડે બીજી શાહીથી બીજા કાગળમાં લખ્યું: 'કોણ કહે છે મૂરખને માથે શીંગડાં હોય છે? તેમની પાસે માત્ર સર્ટિફિકેટો હોય છે!' ફરી હસાહસ!

'બસ.' પંડિત સાહેબે બંને કાગળ પર તે કઈ શાહીથી લખેલું છે તેની નિશાની કરી કહ્યું: 'હવે તું આ કાગળ પેલી બત્તી પર ધરી જરા જરા ગરમ કર.'



રણછોડે કાગળ બત્તી પર ફેરવીને ધીમેધીમે ગરમ કરવા માંડયો.

રણછોડે કોઇ કુશળ વૈજ્ઞાનિકની છટાથી હાથમાં કાગળ પકડયો ને બત્તી ઉપર ધર્યો. થોડી વારે કાગળ પરનું લખાણ ધીમેધીમે ઝાંખું પડતું જઈ, બિલકુલ ગુમ થઈ ગયું. અમે સૌ એ નવાઇ પામી જોઈ રહ્યા.

'અરે, આ શું? લખેલું કયાં ગયું?' પંડિત સાહેબે આશ્ચર્ય પામી પૂછયું.

'ઊડી ગયું, સાહેબ! છૂ થઈ ગયું!' સાહેબને જાણે પટાવતો હોય એવા લહેકાથી રણછોડ બોલી ઊઠયો. સૌ રણછોડની અક્કલ હોશિયારી પર મુગ્ધ બની ગયા, પણ મારા પેટમાં કંઇ ન સમજાય તેવો ધ્રાસકો પડયો.

પછી રણછોડે બીજો કાગળ બત્તી પર ધર્યો, પરંતુ તેનું લખાણ હતું તેમ જ રહ્યું. બંને કાગળ અમારી સામે ધરી સાહેબે કહ્યું: 'જુઓ, જમણી બાજુની શાહીનું લખાણ ઊડી ગયું છે, ને ડાબી બાજુની શાહીનું લખાણ હતું તેમનું તેમ રહ્યું છે. આ જમણી બાજુની શાહી તે આપણે પરમ દહાડે વર્ગમાં વાપરેલી તે જ છે.'

એક પળ શાંતિ. સૌ આભા બની સાંભળી રહ્યા.

'આવી જાતની, થોડા કલાક પછી પોતાની મેળે અદૃશ્ય થઇ જાય તેવી શાહી બજારમાં વેચાતી મળે છે. તેવી શાહીમાં પાણીની સાથે બીજો એક પદાર્થ ભેળવેલો હોય છે. પાણીના સંગથી તે શાહી જેવો રંગ ધરે છે, ને વખત જતાં પાણી સુકાઈ જતાં તે પદાર્થની માત્ર ઝીણી

રજકણુ કાગળ પર રહી જાય છે. રણુછોડ, લાવ જોઉં પેલો કાગળ !'

મને લાગ્યું કે હવે રણુછોડના હાથમાંથી પણુ સ્ફૂર્તિ થોડી ઓછી થઈ ગઇ હતી. તેણે કાગળ પંડિત સાહેબને આપ્યો. પંડિત સાહેબે તે બારીકાઇથી તપાસી કહ્યું: 'જુઓ, ગરમ થવાથી પાણી ઊડી જતાં કોઈ અતિ સૂક્ષ્મ સફેદ પદાર્થ કાગળ પર ચોંટેલો દેખાય છે.' આમ કહી તેમણે કાગળ રણુછોડને બતાવ્યો. રણુછોડે મૂંગા મૂંગા માથું હલાવી હા કહી.

'તો બોલો, શું કરીએ તો હવે આ પદાર્થ ફરીને શાહીનો રંગ ધારણ કરે ?'

'એને બાળી નાખીએ તો.' હું કહેવા જતો હતો. ત્યાં અક્કરમી નવનીત બોલી ઊઠયો: 'પાણી લગાડવાથી, સાહેબ !'

'વાહ ! સરસ !' પંડિત સાહેબે ધન્યવાદ આપી એક પીછી પાણીમાં બોળી એ કાગળ ઉપર ફેરવવા રણુછોડને કહ્યું. રણુછોડનું મોં હવે ફિક્કું પડતું ગયું. તેણે માંદલે હાથે ભીની પીછી કાગળ પર ફેરવી અને તરત ત્યાં કાળા અક્ષરો ફૂટી નીકળ્યા !

આખો વર્ગ આશ્ચર્ય પામી ઊઠયો.

હવે પંડિત સાહેબે કહ્યું: 'જો આપણે હવે વર્ગની પેલી નોટોના ઊડી ગએલા લખાણુ ઉપર આમ પાણીની પીછી ફેરવીએ તો અક્ષરો ફરી ઊપડી આવે કે નહિ ?'

'આવવા જ જોઇએ.' બેત્રણ છોકરા બોલી ઊઠ્યા.

'એમ ? તો જોઇએ. બેચાર છોકરાની નોટો આમ તપાસીશું તો ખાતરી થઈ જશે. હં, રણછોડ ! તું, રમણ, નવનીત વગેરે તમારી નોટો લઇ આવો, જોઉં ! સાથે પેલો સજાનો પાઠ પણ લાવજો જ ને !'

હત્તારીની ! આ તો ભોગ લાગ્યા. આ પંડિત માસ્તર તો બહાર નથી એટલો ભોંયમાં છે ! મારા તો પગ ઠરી ગયા. નોટો ઘેર રહી ગઈ છે કે ખોવાઈ ગઇ છે એમ પણ કહેવાય એવું નહોતું. હજી તે વર્ગના ટેબલના ખાનામાં જ થોકડી ભેગી પડેલી હતી. 'પાઠ' નાં કાગળિયાં પણ એમાં જ હતાં.

વર્ગમાં જતાં જતાં મને રણછોડ પર એવી તો દાઝ ચડી કે એને જીવતો ભોંમાં ભંડારી દઉં.

મેજના ખાનામાંથી નોટ કાઢતાં કાઢતાં નવનીતે જાણે તે રણછોડને બચકુ ભરવા જતો હોય તેમ દાંતિયાં કર્યાં: 'પંડિત સાહેબમાં કેટલી બુદ્ધિ છે, જોયું ?'

'તે મારામાં યે છાંટો બુદ્ધિ છે, એ ભૂલતો નહિ.' રણછોડે ગર્વથી કહ્યું: 'નોટમાં લખેલું કેમ નથી દેખાતું એના તો સેંકડો જવાબ આપી શકાય.'

'સેંકડો ? હેં ?' મેં કહ્યું. ડૂબતાને તરણું હાથ લાગ્યું.

'હા, સેંકડો.'

પહેલી જ રણછોડની નોટની તપાસ થઇ. પીછી

ફેરવવાનું તેને જ કહેવામાં આવ્યું. સૌ છોકરા આતુરતાપૂર્વક અંતરીક્ષમાંથી અક્ષરો ફૂટવાની રાહ જોઇ રહ્યા. પણ કંઈ બન્યું નહિ. સૌને નવાઇ લાગી. પંડિત સાહેબે કહ્યું, 'રણછોડ, કેમ આમ?'

'સાહેબ, મારી નોટમાંથી કોઈએ પાનાં જ ફાડી નાખ્યાં લાગે છે!'

'એમ? બનવા જોગ છે. આવી રીતે નોટનાં પાનાં ફાડી જનારને જરૂર પકડવો જોઈએ. કેટલાં પાનાં રહ્યાં છે એ તું ગણીને કહે જોઉં?'

રણછોડ પાનાં ગણવા લાગ્યો અમે પણ તેની સાથે મનમાં ગણતા હતા. શાળાની છાપવાળી, ચાળીસ પાનાંની એ નોટ હતી; ને બરાબર ચાળીસ પાનાં જ થયાં. પંડિત સાહેબ રણછોડની સામે ખુલાસા માટે તાકી રહ્યા. એણે સેંકડો કારણોના રાફડામાંથી બીજું ખેંચી કાઢયું. બોલ્યો: 'સાહેબ, બે દિવસ પછી એ સફેદ સૂક્ષ્મ પદાર્થ પણ અદૃશ્ય થઇ જતો હોવો જોઇએ.'

'ઓહ! એ મને નહોતું સૂઝયું.' કહી સાહેબે મારી ને નવનીતની નોટની પરીક્ષા કરાવડાવી. 'પાઠ'નાં કાગળિયાં પણ એ રીતે જોવાયાં. એકેનું લખાણુ દેખાયું નહિ. પછી તેમણે શંકરની નોટ લીધી. કેવું કમનસીબ! એ નોટે દગો દીધો. એના અક્ષરો ઝાંખા ઝાંખા પણ દેખાયા ને વંચાયા સુદ્ધાં!

પછી પંડિત સાહેબે રણછોડ તથા એના બે ભત્રી-જાઓનો ખભો થાબડતાં કહ્યું, 'સમજ્યા ?'

સમજ્યા, બાપ, સમજ્યા ! મારો જીવ તો કાચબાની પેઠે સંકોચાઈ ગયો. એટલામાં અમારા વિજ્ઞાન શિક્ષકે ઓરડામાં પ્રવેશ કર્યો ને પંડિત સાહેબે અમારૂં કાળજું ચીરી નાખે તેવું હાસ્ય કરી વર્ગમાંથી વિદાય લીધી.

તે આખો યે દિવસ મને લાગ્યું કે જાણે મને તાવ ચડી ગયો છે. વર્ગોમાં શું ભણ્યો, શું ભણાવાયું તેનું મને કંઈ જ ભાન ન રહ્યું. આવી અવસ્થામાં શાળા છૂટવાનો ઘંટ વાગતાં હું છાનોમાનો સીધો ઘેર પહોંચી જવાનો ઘાટ ઘડી રહ્યો હતો, ત્યાં પંડિત સાહેબનો દૂત આવી અમને—મને, નવનીતને ને રણછોડને—એમના દરબારમાં તેડી ગયો.

સામે જ પંડિત સાહેબ હમેશનો શાંત ચહેરો લઇ બેઠા હતા. અમે ત્રણે સામે જઈ ઊભા, પણ પંડિત સાહેબની સામે જોવાની કોઈની હિંમત ચાલી નહિ. થોડી વારે અવાજ સંભળાયો: 'મને શરૂઆતથી જ વહેમ હતો કે કંઈક કાવતરૂં થયું છે અને એ કાવતરાના ખેલાડીઓ આ વર્ગના જ વિદ્યાર્થીઓ હોવા જોઈએ. તેમાં યે જ્યારે 'સજાપાઠ' નું લખાણ પણ ઊડી ગયાનું જાણ્યું ત્યારે મારો વહેમ તમારા ત્રણ ઉપર ઠર્યો. મેં શાહીની પરીક્ષા કરી જોઈ, અને કેવી રીતે તમે ત્રણે તમારી સજામાંથી છટકવા 'અદૃશ્ય શાહી'નો ઉપયોગ કરાવ્યો તે કાલના પ્રયોગથી પૂરેપૂરૂં જાણ્યું.'

'સાહેબ, એમાં બધો વાંક મારો છે. માટે જે સજા કરવી હોય તે મને જ કરો.' રણછોડના આ શબ્દો સાંભળી મને ખરેખર આજે એને માટે માન ઊપજ્યું.

પંડિત સાહેબ સહેજ હસ્યા. પછી બોલ્યા: 'ઠીક. પાછલી સજામાંથી છટકવા તમે પ્રયત્ન કર્યો તેથી તે સજા હું બેવડાવું છું; અને મને છેતર્યો તથા આખા વર્ગનું આખા દિવસનું કામ બગાડ્યું તેની સજા તરીકે અઠવાડિયા સુધી દરરોજ સાંજે શાળા છૂટ્યા પછી એક કલાક, અહીં હું સોંપું તે કામ કરી જવાનું ફરમાવું છું. હું માનું છું કે હવે ફરી બીજું કાવતરૂં નહિ કરો.'

'અમારી ભૂલ થઈ; અમને માફ કરો, સાહેબ! ફરી અમે એવું નહિ કરીએ.' અમે ત્રણે ગળગળા બની કહ્યું.

'ઠીક, તો પણ બેસો. ખડિયાઓમાં શાહી તૈયાર છે. હમણાં જ પેલો સજાપાઠ લખી નાખો. કલાક થતાંમાં હું કામ તપાસવા આવી પહોંચું છું.'

આમ કહી પંડિત સાહેબ ત્યાંથી ચલ્યા ગયા.

અમે ત્રણે ઊંધું ઘાલી સંસ્કૃત પાઠ ઉતારવા બેસી ગયા. વીસેક મિનીટ થઈ હશે. મેં એક વખત પાઠ લખી નાખ્યો. ફરી લખવા બેઠો. બીજી વખત લખી પૂરો કર્યો. ત્રીજી વાર લખવાની શરૂઆત કરૂં છું ત્યાં મારી નજર

વચ્ચમાં બેઠેલા રણછોડ સામે પડી. એનું મોં દિવેલ પીધા જેવું થએલું હતું. આંખો ઝીણી થઇ ગઈ હતી ને બેય હાથે તે માથું ખોતરવા લાગી ગયો હતો. નવનીતનુ ધ્યાન પણ એ તરફ દોરાયું. મેં પૂછ્યું: 'શું થયું, રણછોડ ? પાછી ફીટ તો નથી આવતી ને ?'

'તો તો સારૂં ! પણ આ ?' કહી એણે લખાઈ રહેલા પાઠવાળાં પાનાં બતાવી કહ્યું: 'બધું ઊડી ગયું ! સાહેબે મારા ખડિયામાં ખરેખરી જાદૂઈ શાહી ભરાવી છે. હું ક્યારે પાઠ લખી રહીશ !'

દડ દડ દડ કાકાની આંખોમાંથી આંસુ પડવા માંડ્યાં.